પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૨૪-૪-૨૦૨૫, ગુરૂવાર
વર્ષ: ૧૪, અંક : ૩૯

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**આઈપીએલ આજની મેચ**

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર VS રાજસ્થાન રોયલ્સ

સાંજે ૭:૩૦ કલાકે




# “ના-પાક” લોકોના દાણા-પાણી અને આવન-જાવન બંધ કરતું ભારત!!

## પાક.ની ‘ફાઈવસ્ટાર’ સર્જરી

- પાકિસ્તાન સાથેનો સિંધુ જળ કરાર સ્થગિત
- અટારી-વાઘા બોર્ડર બંધ
- પાકિસ્તાની નાગરિકોને વિઝા નહીં અપાય
- લશ્કરી સલાહકારોને પરત મોકલાયા
- પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકમાં ભારત દેશ છોડી દેવા આદેશ

**અબતક, નવી દિલ્હી**

ધરતી પરના સ્વર્ગ જમ્મુ કાશ્મીર પર સમયાંતરે થતા નાપાકોના હુમલાઓ અવગણી શકાય નહીં. ખાસ કરીને તાજેતરમાં પહેલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ પ્રવાસીઓના મૃત્યુ બાદ, પાકિસ્તાનને જડબાતોડ જવાબ દેવો જરૂરી બન્યો છે. ત્યારે ભારતે પાકિસ્તાન સામે કડક પગલાં લીધા છે. કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (સીસીએસ) એ ૧૯૬૦ની ઐતિહાસિક સિંધુ જળ સંધિને તાત્કાલિક અસરથી સ્થગિત કરી દીધી છે. હુમલાની તપાસમાં પાકિસ્તાનના જોડાણો સામે આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.



સિંધુ જળ સંધિ સ્થગિત થવાથી ભારત હવે સિંધુ નદી અને તેની ઉપનદીઓમાંથી પાકિસ્તાન તરફ જતા પાણીનો પ્રવાહ રોકી દેશે. આ નદીઓ પાકિસ્તાનમાં ખેતી માટે અત્યંત મહત્વની છે અને લાખો લોકોના જીવન પર તેની અસર પડશે.

આ ઉપરાંત, ભારતે અટારી-વાઘા ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ પણ તાત્કાલિક બંધ કરી દીધી છે. ભારતમાં માન્ય વિઝા ધરાવતા તમામ પાકિસ્તાની નાગરિકોને ૧ મે, ૨૦૨૫ સુધીમાં આ સરહદ પાર કરીને ભારત છોડવા માટે કહેવામાં આવ્યું છે. ત્યારબાદ આ પોસ્ટ સંપૂર્ણપણે બંધ રહેશે.

ભારત સરકારે પાકિસ્તાની નાગરિકોને જારી કરાયેલા તમામ સાર્ક વિઝા એક્ઝેમ્શન સ્કીમ વિઝા પણ રદ કરી દીધા છે. આ યોજના હેઠળ ભારતમાં હાજર પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકની અંદર દેશ છોડી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે.

રાજદ્વારી સ્તરે પણ ભારતે કડક પગલાં લીધા છે. નવી દિલ્હીમાં પાકિસ્તાની હાઈ કમિશનના લશ્કરી સલાહકારો (નૌકાદળ અને હવાઈ અધિકારીઓ સહિત) ને એક અઠવાડિયાની અંદર ભારત છોડવા માટે કહેવામાં આવ્યું

(અનુ. આઠમા પાને)

## સ્થાનિક લોકો સાથે ૬૦ જેટલા આતંકવાદીઓ “હરામીવેળા” કરવા સક્રિય

### સક્રિય આતંકીઓમાં ૩૫ લશ્કર-એ-તોયબા, ૨૧ જૈશ-એ-મોહમ્મદ અને ૪ હિઝબુલ મુજાહિદ્દીનના સભ્યો

સુરક્ષા એજન્સીઓના તાજેતરના મૂલ્યાંકન અનુસાર, જમ્મુ અને કાશ્મીરમાં હાલમાં લગભગ ૬૦ જેટલા વિદેશી આતંકવાદીઓ સક્રિય છે, જેમાં સ્થાનિક સ્તરે આ આંકડો ૨૦ની આસપાસ છે. પહેલગામમાં થયેલા પ્રવાસીઓ પરના હુમલામાં સ્થાનિક અને વિદેશી આતંકવાદીઓની સંડોવણીની આશંકાને પગલે, સુરક્ષા એજન્સીઓ હવે તમામ

(અનુ. આઠમા પાને)

## સરહદની અંદર રહેલા “હરામીઓ”નો વીણી-વીણીને સફાયો કરાશે

જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં આતંકવાદીઓના ભયાનક હુમલા બાદ સુરક્ષા દળોએ મોટું ઓપરેશન શરૂ કરી દીધું છે. મળતા અહેવાલો મુજબ હુમલા બાદ ખીણમાંથી ૧૫૦૦થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. જવાનો દ્વારા ઓવર ગ્રાઉન્ડ વર્કર્સ તેમજ આતંકી પ્રવૃત્તિઓમાં સામેલ લોકોને શોધી શોધીને પકડવામાં આવી રહ્યા છે. સુરક્ષા દળના જવાનો એક પછી એક વિસ્તારો અને જંગલોમાં મોટાપાયે સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. આ સાથે શંકાસ્પદ લોકોની અટકાયત પણ કરવામાં આવી રહી છે. ખીણમાં ચોતરફ બંદોબસ્તની સાથે તમામ પોઈન્ટો પર વાહનોની પણ તપાસ કરવામાં આવી રહી છે.

સુરક્ષા દળોનો રિપોર્ટ કહે છે કે, જમ્મુ-કાશ્મીરમાં ૧૭ સ્થાનિક આતંકવાદીઓ પણ છે. ‘રાષ્ટ્રીય તપાસ એજન્સી’ (- ધ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી) આ મુદ્દે તપાસ હાથ ધરે તેવી શક્યતા છે.

હુમલાખોરો પાકિસ્તાનથી જમ્મુ-કાશ્મીરમાં પ્રવેશ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં હાલમાં ઓછામાં ઓછા ૫૬ વિદેશી આતંકવાદીઓ સક્રિય હોવાનો અંદાજ છે. એમાંના ૧૮ ‘જૈશ-એ-મોહમ્મદ’ ના, ૩ હિઝબુલ મુજાહિદ્દીનના અને ૩૫ ‘લશ્કર-એ-તૈયબા’ના હોવાનું કહેવાઈ રહ્યું છે. આ આંકડા સુરક્ષા દળો દ્વારા જાળવવામાં આવેલા રેકોર્ડમાં દર્શાવાયા છે.

## “ના-પાક“ લોકો વચ્ચે પણ “પાક”ને સલામ!!!

## ગોળીઓના વરસાદ વચ્ચે સ્થાનિક મુસ્લિમે ગનઝુટમાં શહીદી વહોરી!!!

### પ્રવાસીઓને ઘોડેસવારી કરાવતો સૈયદ આદિલ હુસૈન શાહ તેની બહેનોના લગ્ન માટે બચત કરી રહ્યો હતો

એક તરફ “ના-પાકો“ ગોળીઓનો વરસાદ કરી રહ્યા હતા. ત્યારે કાશ્મીરના પાક મુસ્લિમ યુવકે આંતકવાદીની ગોળીઓને રોકવા માટે પોતાના જીવનું બલિદાન આપી દીધું. આતંકવાદીની બંદૂક છીનવવા પ્રયાસો કરતા એકમાત્ર મુસ્લિમ યુવકે પણ પ્રવાસીઓની સાથે જીવ ગુમાવ્યો. ત્યારે જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા ગઈ કાલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા કાશ્મીરી મુસ્લિમ પોની હેન્ડલર સૈયદ આદિલ હુસૈન શાહના અંતિમ સંસ્કારમાં હજારો સ્થાનિક લોકો સાથે જોડાયા હતા. ઓમરે આદિલના હિંમતભર્યા પ્રયાસોને સલામ કરી હતી,

(અનુ. આઠમા પાને)

## “હરામી” લોકોને ભરી પીવા ૧૦૦થી વધુ ઉપગ્રહ “બાજ નજર” રાખશે

જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં આતંકવાદીઓના ભયાનક હુમલા બાદ સુરક્ષા દળોએ મોટું ઓપરેશન શરૂ કરી દીધું છે. આ વચ્ચે ઈશરોના અધ્યક્ષે મોટી જાહેરાત કરતા જણાવ્યુ છે કે, ભારત આગામી ત્રણ વર્ષમાં ૧૦૦ થી ૧૫૦ જેટલા નવા ઉપગ્રહ લોન્ચ કરશે અને તેમનો મુખ્ય ઉદેશ સરહદ સુરક્ષા અને દરિયાકાંઠાના વિસ્તારોની દેખરેખને વધુ મજબૂત બનાવવાનો છે. તેમને વધુમાં જણાવ્યુ કે, હાલમાં દેશમાં ઘણા ઉપગ્રહો છે, પરંતુ વિશાલ દરિયાકિનારો અને લાંબી સરહદ ધરાવતા દેશ માટે પૂરતા નથી તેથી હવે ભારતને વધુ ઉપગ્રહની જરૂર છે. એટલે કે હવે હરામી લોકોને ભરી પીવા ૧૦૦થી વધુ ઉપગ્રહ બાજ નજર રાખશે.

## બાંડીપોરમાં લશ્કર-એ-તૈયબાના ૪ સહયોગીની ધરપકડ

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકી હુમલા બાદ સેનાના જવાન એલર્ટ થઈ ગયા છે. સેનાના જાવન આતંકીઓને પકડવા માટે સર્ચ ઓપરેશન ચલાવી રહ્યાં છે.પહેલગામ આતંકી હુમલામાં સામેલ ૫ આતંકીઓની ઓળખ કરવામાં આવી છે જેમાં ૩ પાકિસ્તાની અને ૨ કાશ્મીરી નાગરિક સામેલ છે. બાંડીપોરમાં સુરક્ષાદળોએ લશ્કર-એ-તૈયબાના ચાર ઓવર ગ્રાઉન્ડ વર્કરની ધરપકડ કરી છે. ભારતીય સેના દ્વારા જમ્મુ કાશ્મીરના કેટલાક જિલ્લામાં તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

## પાગલ કુત્તે કો ‘પાની’ દેના બંધ...

## ભારતમાંથી પસાર થતી ૩ નદીઓના વહેણ બંધ કરી ૩૬ લાખ એકર ફૂટ પાણી સ્ટોરેજ કરવાની કેપેસિટી વિકસવાશે

સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો ભારતનો નિર્ણય પાકિસ્તાન સામેના સૌથી કઠોર પગલાંઓમાંનો એક છે કારણ કે ૧૯૬૦ ની સંધિ ત્રણ યુદ્ધો - ૧૯૬૫, ૧૯૭૧ અને કારગિલ - અને અનેક આતંકવાદી હુમલાઓ છતાં યથાવત રહી હતી. માનવતાવાદી ધોરણે આજ સુધી આ સંધિ યથાવત રાખવામાં આવી છે. પણ હવે સરકાર આક્રમક મૂડમાં છે. અત્યાર સુધીમાં પાકિસ્તાન સામે આ સૌથી મોટું પગલું લેવામાં આવ્યું છે.


આ નિર્ણયનો અર્થ એ છે કે પશ્ચિમી નદીઓ - સિંધુ, ઝેલમ અને ચિનાબ અને તેમની ઉપનદીઓ - ના પાણીના પ્રવાહને ભારતમાં આ નદીઓ પર બંધ અથવા નાના બાંધકામો દ્વારા જ્યાં પણ નિયંત્રિત કરવામાં આવશે ત્યાં તાત્કાલિક બંધ કરવામાં આવશે. કુદરતી ચેનલોમાંથી પાણીનો પ્રવાહ ચાલુ રહેશે, પરંતુ ભારતના આ પગલાથી ઉનાળાની ચરમસીમા દરમિયાન પાકિસ્તાનના ચાર પ્રાંતોમાંથી બે પ્રાંતોમાં સિંચાઈ અને પીવાના પાણીના પુરવઠા પર અમુક અંશે અસર પડશે, જ્યારે તેને પાણીની સૌથી વધુ જરૂર હોય છે.

આગળ, ભારતે તેની પાણી સંગ્રહ ક્ષમતા વધારવી પડશે અને કિશનગંગા અને રાતલે જળવિદ્યુત પ્રોજેક્ટ્સ પર કામ કરવું પડશે. તો જ લાંબા ગાળે ભારત પાણી

(અનુ. આઠમા પાને)

## સમતા-સહનશીલતા-સહૃદયતાના ત્રિવેણી સંગમના તીર્થ સ્વરૂપા શ્રીજશવંતીબાને છઠ્ઠી પૂણ્યતિથિએ આદરભીની અંજલી!

**“મોંઢે બોલુ માઁ ત્યાં સાચે જ બાળપણ સાંભરે પછી મોટપની મજા મને કડવી લાગે કાગડા”**



“માઁ” શબ્દનો ઉદગાર થતાની સાથે જ સાતેય કોઠે આહલાદક ટાઢકનો અનુભવ થાય છે. “માઁ” એક શબ્દ નથી પરંતુ સંપૂર્ણ સંસાર છે. માતાની હયાતી ગમે તે સ્થાન પર પહોચી ચૂકેલી વ્યકિત માટે હુંફ આપનારી રહે છે. જયારે માતાની સદેહ હયાતી નથી હોતી ત્યારે જીવનમાં કયારેય ન પુરી શકાય તેવો ખાલીપો સર્જાય જાય છે.

મહેતા પરિવાર પ્રેમનું શિતળ ઝરણુ સદાકાળ વરસાવનાર શ્રી જશવંતી બાની આજે છઠ્ઠી પૂણ્યતિથી છે. છ-છ વર્ષના વહાણા વિતી ગયા હોવા છતા આજે પણ પૂ. જશવંતી બા પરિવારના તમામ સભ્યો પર પ્રેમ અને અવિરત કૃપા વરસાવી રહ્યા હોય તેઓ અહોભાવ થઈ રહ્યો છે.

ખરેખર-દુષ્પ્રતિકારૌ માતા-પિતરૌ અર્થાત માતાપિતાનાં ઉપકારનો બદલો વાળવો દુષ્કર જ નહિ પણ અશકય છે. માતા એ જન્મ આપી આ દુનિયા બતાવી, પિતાએ લાડકોડથી ઉછેર કર્યો, સંસ્કારનું સિંચન કર્યું ને પા.પા. પગલી ભરતા અહીં સુધી પહોંચાડયા.

દેહમાંથી દેહ, જીવમાંથી જીવ અને અપેક્ષા વિના પારાવાર સ્નેહ આપ્યો. માત્ર જન્મદાત્રી જ નહિ, પણ જીવનદાત્રી ને સંસ્કારદાત્રી હતા (૧) કરૂણામૂતિ (૨) સમતા મૂર્તિ (૩) સહન શીલતાની મૂર્તિ હતા શ્રી જશવંતી બા !

માદરેવતન ખોરાણા પૂણ્યશાળી પિતાશ્રી દૂર્લભજીભાઈ તથા મમતાળુ માતુશ્રી દેવકુંવરબેન-વખારીયા પરિવારમાં આ પૂણ્યશાળી આત્માએ જન્મ ધારણ કર્યો. હસતુ ખીલતું પ્રભાવશાળી મુખડું જોઈ બાલિકાનું નામ રાખ્યું જશવંતી ! યથા નામ તથા ગુણા... જાણે જશવંતી નામ પ્રમાણે જશે....જશ....ને જશ જ... યશનામ કર્મનો ઉદય... પનોતી પુત્રીના પગલે લક્ષ્મીનું પણ આગમન થયું. પાંચ ભાઈઓ અને પાંચ બહેનોમાં સૌથી મોટા માતા પિતાનું પ્રથમ સંતાન હતું તેથી ખૂબ જ લાડ કોડથી ઉછેર થયો. એ સમયે પણ માતા જયારે સ્નાન કરાવે ત્યારે પાણીમાં અતર નાંખતા... નિત નવા દાગીના પહેરાવે, વાંકાનેર મોસાળમાં છ ધોરણનો અભ્યાસ કર્યો. યુવાનીના ઉંબરે પહોંચતા પડધરી શ્રી શાંતિભાઈ ઓધવજી મહેતાની સાથે લગ્નગ્રંથિથી જોડાયા. સાસરે પણ બહોળો પરિવાર પણ પાણીમાં સાકરની જેમ સહુ સાથે મીઠાશપૂર્વક ભળી ગયા.

સમજણ-સહનશીલતાને જતું કરવું તેમનો જન્મસિધ્ધ મંત્ર હતો અને ગમે તેવા કપરા સંયોગોમાં પણ હસતુ રહેવું, ખમી ખાવું તેમના જીવનનો ટ્રેડમાર્ક હતો.

જાણે સમત્વયોગના ધારક. નાના મોટા દરેકનું જતું કરવું ને સમજણનો દીપક જીવનઘરમાં અખંડ જલતો હતો, તે દીપકનો પ્રકાશ માત્ર મહેતા કે વખારીયા જ પરિવારમાં નહિ પરંતુ જે તેના સહવાસમાં આવતા તે દરેકના જીવનમાં ઉજાસ ફેલાવતો હતો.

*દિવ્યાત્મા-દિવ્ય પ્રેમલતાનો મૂર્તિ જશવંતી બા ને મહેતા પરિવારની દિવ્યાંજલી... ભાવાંજલી... સ્મરણાંજલી... આપશ્રી દિવ્યલોકથી અમારા ઉપર સદા આશિષવૃષ્ટિ વરસાવતા રહેશોજી એજ પુણ્યતિથિએ મંગલભાવના !*

## અટારી બોર્ડર સિલ કરી ભારત ૪ હજાર કરોડનો “વેપલો” અટકાવશે

પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા ઘાતક આતંકવાદી હુમલા બાદ, ભારતે અટારી ખાતેની ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ તાત્કાલિક બંધ કરવાની જાહેરાત કરી છે, જે પાકિસ્તાનને મોટો આર્થિક ફટકો છે. આ નિર્ણય સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિ દ્વારા લેવામાં આવ્યો હતો અને બુધવારે વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ તેની જાહેરાત કરી હતી. “જેઓ માન્ય મંજૂરી સાથે સરહદ પાર કરી ચૂક્યા છે તેઓ ૧ મે, ૨૦૨૫ પહેલા તે માર્ગે પાછા આવી શકે છે,“ મિસ્ત્રીએ જણાવ્યું. તેમણે સ્પષ્ટતા કરી કે આ માર્ગ ફક્ત મર્યાદિત સમય માટે પરત ફરનારાઓ માટે ખુલ્લો રહેશે.



અમૃતસરથી માત્ર ૨૮ કિલોમીટર દૂર આવેલું, અટારી ભારતનું પ્રથમ ભૂમિ બંદર છે અને પાકિસ્તાન સાથે વેપાર માટે એકમાત્ર માન્ય જમીન માર્ગ છે. ૧૨૦ એકરમાં ફેલાયેલ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૧ સાથે સીધો જોડાયેલો, આ ચેકપોસ્ટ સરહદપાર વેપારમાં, ખાસ કરીને અફઘાનિસ્તાનથી થતી આયાતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

અટારી-વાઘા કોરિડોરમાં વર્ષોથી વેપાર અને મુસાફરોની અવરજવરના આંકડામાં ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. ૨૦૨૩-૨૪માં, જમીન બંદરે ૬,૮૭૧ કાર્ગો હેરફેર અને ૭૧,૫૬૩ પેસેન્જર ક્રોસિંગ સાથે રૂ. ૩,૮૮૬.૫૩ કરોડનો વેપાર નોંધાવ્યો હતો.

અટારી ભૂમિ બંદર લાંબા સમયથી ભારત અને પાકિસ્તાન વચ્ચે એક મહત્વપૂર્ણ વેપાર માર્ગ તરીકે સેવા આપે છે, જે વિવિધ પ્રકારના માલનું

(અનુ. આઠમા પાને)

## ભૂલથી પાક. સરહદ ઘુસી ગયેલ બીએસએફ જવાનને પાકિસ્તાને પકડી લીધો

પહેલગામ હુમલા બાદ અત્યારે ભારત અને પાકિસ્તાનના સંબંધો વધારે ખરાબ થયા છે. ભારત પાંચ મહત્વના નિર્ણયો લીધા છે, જેના કારણે પાકિસ્તાનની હાલત વધારે બત્તર થવાની છે. આ દરમિયાન એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યાં છે. પંજાબના ફિરોજપુરમાં ભારત પાકિસ્તાનની સરહદ પર તૈનાત એક ઈજીક્ષ સૈનિક ભૂલથી ઝીરો લાઈન પાર કરી પાકિસ્તાન પહોંચી ગયો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ઝીરો લાઈન એ સરહદનો તે ભાગ છે જ્યાં બંને દેશોની સરહદો મળે છે. અહીં ખેડૂતોને ખેતી કરવા માટે ખાસ મંજૂરી આપવામાં આવે છે.


રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com
૭૧ સોના ધિરાણ પૈસા માસિક વ્યાજ*
30 મિનિટમાં જ ધિરાણ
કોઈ છુપો ચાર્જ નહીં
રૂા. 1 કરોડ સુધી ધિરાણની સુવિધા
પ્રતિ ગ્રામે મહત્તમ રકમનું ધિરાણ
8.49% વાર્ષિક વ્યાજ*
ત્વરિત પેમેન્ટ
નાના માણસની મોટી બેંક
સહકારથી સમૃદ્ધિ


# જનોઈ ધારણ કરવાની વિધિને 'ઉપનયન' સંસ્કાર કહેવાય

## જનોઈ ધારણ કરવી તે સોળ સંસ્કારો પૈકીનું એક : તેને સંસ્કૃતમાં યજ્ઞોપવિત પણ કહેવામાં આવે છે : જનોઈમાં ત્રણ દોરા હોય છે, જે ત્રણ સૂત્ર પિતૃઋણ, દેવઋણ, અને ઋષિઋણનું પ્રતીક છે



ભારતીય સંસ્કૃતિ સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠ મનાય છે યોગ, ધ્યાન જેવી વિવિધ બાબતોથી વિદેશીઓ પણ પ્રભાવિત થયા છે. હિન્દુ ધર્મમાં ૧૬ સંસ્કારો પૈકી એક છે, જનોઈ સંસ્કાર તેને ઉપનયન યજ્ઞોપવિત પણ કહેવામાં આવે છે. જનોઈ પહેરનાર વ્યકિતને કેટલાક ચોકકસ નિયમો પાળવા પડે છે. નિત્ય કર્મ બાદ પોતાની જનોઈ ઉતારી શકતો નથી. આજના જમાનામાં લોકો જનોઈ પહેરવાથી બચે છે. તેને જુનવાણી રીત રસમ ગણે છે, પણ આ ધારણ કરવાનાં ઘણા બધા લાભ પણ છે.

૧૨ વર્ષની નાની ઉંમર બાળકોને યજ્ઞોપવિત સંસ્કારથી જનોઈ આપવામાં આવે છે. જનોઈ ધારણ કર્યા પછી મળ-મુત્ર ત્યાગ કરતી વખતે જમણા કાને ચડાવવાનો નિયમ છે. આ પાછળ વૈજ્ઞાનિક કારણ પણ છે જે જમણા કાનની નસ ગુપ્તેન્દ્રિયો સાથે જોડાયેલી હોય છે. આ ક્રિયા વખતે જમણા કાનની નસ દબાય છે કે તેને લપેટવાથી શુક્રની રક્ષા થાય છે. એવી પણ માન્યતા છે કે જે પુરૂષોને ખરાબ સ્વપનો આવતા હોય તેણે સુતી વખતે કાન પર જનોઈ લપેટી લેવી જોઈએ. આનાથી સમસ્યા ઉકેલી જાય છે. જનોઈ ધારણ કરવાથી હૃદય રોગની શકયતાઓ ઓછી થઈ જાય છે. એ ધારણ કરનાર ધારકે ગાયત્રી મંત્રના પાઠ નિયમિત કરવા પડે છે, તેમાં સૂર્યને બળ આપવાનો હેતું પણ સમાયેલ છે. યજ્ઞોપવિત કે જનોઈ ધારણ કરવાનો અર્થ વ્યાપક છે, તે પવિત્રતાનો સમાનાર્થી છે. ધારણ કરનારે નૈતિક મુલ્યો સાથે ખોટું ન બોલવું, નિતિ, કર્મનિષ્ઠા, ધગશ, પ્રમાણિકતા, ઉત્સાહ, મહેનત, જીવમાત્રની નિર્ભયતા, કરૂણા, દયા જેવા તમામ તત્વોને અપનાવવા પડે છે. માણસે જીવનમાં તેની માણસાઈ બતાવવી પડે છે. એના પર વૈશ્વિક જવાબદારી સાથે પારિવારિક જવાબદારી પણ આવે છે.



જનોઈ કામ ક્રોધ પર અંકુશ લાવે છે, પીઠ તરફથી જમણા ખંભાથી કમર તરફથી શરીર રચનામાં તમામ નસો ને તે સ્પર્શ કરતી હોવાથી કંટ્રોલમાં રહે છે.આ સંસ્કાર બ્રાહ્મણો માટે દીક્ષા સંસ્કાર છે. બ્રાહ્મણોનો બે વખત જન્મ થાય છે. તેથી બ્રાહ્મણને દ્વિજ પણ કહે છે, એક તો તેના જન્મનો બીજો જનોઈ સંસ્કાર બાદ બીજો જન્મ કે આધ્યાત્મિક જન્મ ગણાય છે. યજ્ઞને પ્રાપ્ત કરનાર યજ્ઞક ઉપવતીએ ઉર્ધ્વગામી પ્રક્રિયા છે. જનોઈ બનાવતી વખતે પણ શુધ્ધ શરીર વસ્ત્રો ધારણ કરવા પડે છે. જમણા હાથની આંગણી ઉપર તારને ૯૬ વાર વીંટવાના હોય છે. તે નવ તારની બનેલી હોય છે. અલગ અલગ તારનું મહત્વ હોય છે. જેમાં પિતૃઓ અને વિશ્વના દેવતાઓ બિરાજમાન હોય છે. આને ધારણ કરવાથી નવ દેવતાનું શાસન ચાલે છે. તેની ગાંઠ ગોત્રમાં થયેલા ૠષીઓની સુચક છે. બ્રાહ્મણ માટે તે અગત્યનું છે તે ધારણ કરવાથી જ તે સમાજમાં જુદો તરી આવે છે. સત્વ, રજસ અને તમસ જેવા ત્રણ ગુણોથી વિશ્વ બનેલું છે. કર્મ-ભકિતને અને જ્ઞાન એ ત્રણ સાધના છે. ત્રણ તારમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું સ્વરુપ છે. શ્રાવણી પુનમે વિધિવત રીતે જનોઈ બદલવામાં આવે છે. ચંદ્ર કે સૂર્ય ગ્રહણ બાદ તેને બદલવી જોઈએ. કાન પાછળની બે નસોનો સીધો સંબંધ આંતરડા સાથે હોય છે. તેથી પાચનના પ્રશ્નો રહેતા નથી. તે બ્રાહ્મણોનું આભુષણ છે, જે તેને દરેક ૠણમાંથી મુકત કરે છે. આપણાં પૂર્વજો એ પ્રત્યેક વ્યવહારને સંસ્કાર સ્વરુપ આપેલ છે. યજ્ઞોપવતિને 'બ્રહ્મસૂત્ર' પણ કહેવાય છે. તેને ધારણ કરવાથી દેવૠણ, પિતૃૠણ કે ૠષીૠણમાંથી મુકિત મળે છે જનોઈ અપતિત્ર ન થાય તેની કાળજી રાખવી પડે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### ત્રણ દોરાવાળું તે એક સૂત્ર છે, જે ત્રણ આશ્રમોનું પ્રતીક પણ માનવામાં આવેછે, સંન્યાસ આશ્રમમાં તેને ઉતારવામાં આવે છેઃ જનોઈ ધારણ કરનારે ૬૪ કલા અને ૩૨ વિદ્યા શીખવી પડે છેઃ આપણા વૈદિક ધર્મમાં દરેક આર્યનું એ કર્તવ્ય છે

# રાજુલાના કાળા પથ્થરોના ઉજ્જવળ ઈતિહાસ પર ગ્રહણ


## એક સમયે ભારતભરમાં માંગ હતીઃ મહેલો, કિલ્લાઓની દિવાલ માટે, મંદિરો, મસ્જીદો, દેવળો, પાળિયાઓ ખાસ રાજુલાના પથ્થરોમાંથી જ બનતા હતા





**અબતક**
**ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા શહેરને 'પથ્થર નાં શહેર' ની ઉપમા સ્થાનિક કવિ 'હેમાળવી' દ્વારા આપવામાં આવી છે. રાજુલા ના કાળા પથ્થર નો ભવ્ય ઈતિહાસ રહ્યો છે. કુદરતી રીતે જ રાજુલા ના પથ્થરો તેના સખત હોવા પણા નુ વરદાન કુદરત તરફ થી મળેલ છે. એટલેજ તેને યોગ્ય ઘાટ આપી શકાય છે. એક સમય હતો જ્યારે ગુજરાત તેમજ સમગ્ર ભારત માં તેની માંગ હતી.મહેલો, દિવાલો કિલ્લાઓ, રસ્તાઓ, મંદિરો, મસ્જીદો, મિનારો, દેવળો, દેરીઓ, પાળિયાઓ,ખાંભીઓ, સ્થાનકો, ના બાંધકામ માં રાજુલા ના પથ્થરો થી બનતા હતા. સાફ ઘડાઈ, દાળીયા ઘડાઈ, જેવી પેટર્ન થી પથ્થર નાં યોગ્ય માપ સાઈઝ ના બેલા ચણતર ના ઉપયોગ અર્થે બનાવવા મા આવતા. તદ ઉપરાંત જીવન જરૂરી ઉપયોગી વસ્તુઓ પણ પથ્થર માંથી બનાવવા મા આવતી. જેવી કે દળવાની ઘંટીઓ, ઘંટલાઓ, ચંદન ઘસવાના ઓરશિયા,ખાધ્ય સામગ્રી ખાન્ડવાના ખાન્ડણિયા, ને ઓસડીયા ઘટવાની ખરલ, ખારણી, ખરલ, કસુંબો ઘુટવાની ખરલ,ઢિચણીયા, થાળા વાળી ઘંટી, કપડા ધોવા ની છીપર મકાન બનાવવા ના ઉપયોગ માં આવતા ઓસરી ની કોર ના પથ્થર, થાંભલા, થાભલીયુ. પાણિયારા, દિવડાના ગોખ, બારસાખ પર મુકવામાં આવતા તળગટ



છજા ની કમાનો વગેરે રાજુલા ના પથ્થર થી બનાવવા મા આવતા ને હજુ પણ બનાવવામાં આવી રહ્યા છે.રાજુલા ના પથ્થર ની બનાવેલી ઈમારતો આજ પણ મહાનગરોમાં રાજુલા ના પથ્થર નો ભવ્ય ઈતિહાસ ની ગવાહી આપતી ઉભી છે. સૌરાષ્ટ્ર ના મંદિરો ચામુંડા માતા ના ડુંગર પરનું મંદિર, તુલસીશ્યામનું મંદીર તેમજ ભાવનગરના રાજાશાહી સમય ના મહેલો, હવેલીઓ, શામળદાસ કોલેજ નું બિલ્ડીગ, બાર્ટન લાયબ્રેરી, ચાંચ બંદર ખાતે નો દરીયા કાંઠે નિર્માણ પામેલો ભવ્ય પેલેસ, રાજુલા ની હાઈસ્કુલ,ગાંધી બાલ મંદિર વગેરે રાજુલા ના પથ્થર થી બનેલ છે. તેમજ રેલ્વે તેમજ સ્ટેટ ના રોડ ના પુલો પણ રાજુલા ના પથ્થરો થી બનાવવામાં આવતા હતા. તેમજ રોડ પરના માઈલ સ્ટોન પણ રાજુલા ના પથ્થરો થી બનાવવામાં આવતા હતા... આજ આ રાજુલા નો પથ્થર ઉધ્યોગ બહુ કપરી સ્થીતિ માં શ્વાસ લઈ રહ્યો છે...પથ્થર ના કામ કરતા કારીગરો ઓછી મજુરી મળવા ને ઘટી ગયા છે... વેપારીઓ પણ મંદીનો સામનો કરી રહ્યા છે. સ્થાનિક વેપારીઓમાં પણ આ ઉધ્યોગ પ્રત્યે ઉદાસીનતા જોવા મળી રહી છે.સ્થાનિક વેપારી એવા નારણભાઈ ગોવિંદભાઈ એ આ માહિતિ આપી હતી. બબ્બે વાવાઝોડા ગયા ધરતીકં ગયા પરંતુ જ્યાં રાજુલાનો પથ્થર છે ત્યાં એક પણ કાંકરી કરીને નથી અહીંનો ઊંચો મોહન ટાવર માત્ર રાજુલાના પથ્થર થી છે એક પણ પથ્થર પડ્યો નથી. બીજી તરફ ઠાકોરભાઈ ઘડવૈયા કહે છે કે બદલાતા યુગમાં ક્ષત્રિયો ખરલમાં કરતા તે બંધ થયા ઘરઘંટીઓ આવતા ઘંટડાઓ બંધ થયા બજારોમાં ત્રિપુરા ઉર્ફે લાદી પાથરવામાં આવતી તેના બદલે ઝડપી એકની લાદી તૈયાર થતા હવે છીપરાઓ કોઈ નાખતા નથી આમ પથ્થરનો પણ ઘટાડો અને કારીગર નો ઘટાડો થઈ ગયો.

### પથ્થર ઉદ્યોગ સાથે સંકળાયેલા મજુરોને સરકાર સહાય આપે તે જરૂરીઃ પ્રમુખ શશિભાઈ રાજ્યગુરૂ

રાજુલાની સૌરભ સંસ્થાનના પ્રમુખ શશિભાઈ રાજ્યગુરૂએ આ અંગે જણાવ્યુ હતુ કે સરકાર આ ઉદ્યોગને ફરી બેઠો કરવા માટે કોઈ ગાઈડ લાઈન બનાવે તો આ ઉધ્યોગ ફરી બેઠો થઈ શકે તેમ છે આટલી બધી મંદી હોવા છતાં રાજુલાનો પથ્થર આજે પણ શિપ મારફત અન્ય દેશોમાં પણ જાય છે. જેના કારણે આ ઉદ્યોગ ભાંગ્યો નથી. આ અંગે તેમણે કરેલા સુચનો મુજબ સ્ટેટ ગવર્મેન્ટ ના રોડ પરના માઈલ સ્ટોન રાજુલા પથ્થર નાં બનાવવા મા આવે, સ્ટેટ ના રોડ ના પુલો તથા રેલ્વેના પુલો ના બાંધકામ માં રાજુલા પથ્થર ની આઈટમ એસ્ટીમેન્ટ માં સમાવવા આવે જે વર્ષો પહેલા સમાવિષ્ટ હતી અગાઉના સમયમાં ગ્રામ્ય વિસ્તારમાં અને શહેર વિસ્તારોમાં વધારોમાં રાજુલાના પથ્થર ષીપરા નાખવામાં આવ્યા છે તે હજી સુધી તૂટ્યા નથી જ્યારે હાલના હાલ સિમેન્ટની ઈંટુ શહેરમાં બ્લોકમાં નાખવામાં આવે છે તે ત્રીજા વર્ષે તૂટી જાય છે તે રાજુલા શહેરમાં જ જોવા મળશે હવે સરકાર બિલ્ડીંગોના બાંધકામમાં જરૂરીયાત મુજબ રાજુલા ના પથ્થરો ની આઈટમ લેવામાં આવે,પથ્થર ઉધ્યોગ સાથે સંકળાયેલ મજુરો ને વિશેષ લાભો આપવામાં આવે. પથ્થરનાં વેપારીઓને ખાણ ખનિજ ડીપાર્ટમેન્ટ તરફ થી રોયલ્ટી માં રાહત તેમજ ઉધ્યોગ ને બેઠો કરવા વિશેષ સબસીડી જાહેર કરીને પ્રોત્સાહન આપવામાં આવે તેમ જણાવ્યુ હતું.

## આવતીકાલનું રાશિફળ

**તા. ૨૫.૪.૨૦૨૫, શુક્રવાર ,સંવંત ૨૦૮૧, ચૈત્ર વદ બારસ, પૂર્વાભાદ્રપદા નક્ષત્ર, ઐંદ્ર યોગ, ગર કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ મીન (દ,ચ,ઝ,થ) રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો પડે, ન ગમતી ઘટનાઓમાંથી પસાર થવું પડે, દિવસ માધ્યમ રહે.

**વૃષભ (બ,વ,ઉ)** : આજના દિવસે કેટલીક બાબતમાં પ્રતીક્ષા કરવાની આવશે, સફળતા માટે થોડી રાહ જોવી પડે પણ યાદ રાખો સફળતા મળશે જ.

**મિથુન (ક,છ,ઘ)** : નોકરિયાત વર્ગને સારી કામગીરી મળે, વેપારી મિત્રોને ખરીદ વેચાણમાં લાભ થાય, દિવસ સારો રહે.

**કર્ક (ડ,હ)** : ઘણી ઘટનાઓનું ઊંડાણ પૂર્વક પૃથ્થકરણ કરી શકો, મનોમંથન કરી શકો, આંતરિક શક્તિમાં વૃદ્ધિ થાય.

**સિંહ (મ,ટ)** : લાગણીના સંબંધોમાં ઠેસ પહોંચતી જોવા મળે, મનમાં બેચેની રહ્યા કરે, ધાર્યા કામ પાર ના પડે.

**કન્યા (પ,ઠ,ણ)** : વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, ભાગીદારીમાં લાભ થાય, પ્રગતિકારક દિવસ રહે.

**તુલા (ર,ત)** : લોન વિગેરે બાબતનું ટેન્શન રહેતું જોવા મળે, જીવનમાં નિયમિતતા જરૂરી છે, પૂજા પાઠથી બળ મળી રહેશે.

**વૃશ્ચિક (ન,ય)** : વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સંતાન અંગે ચિંતા જણાય, જો કે ધીમે ધીમે પરિસ્થિતિ સુધરે.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : મનમાં નવા તાજા વિચારો અને હકારત્મકતાથી લાભ થાય, લેખન વાંચન અને મનન કરી શકો જેની ખુબ જરૂર છે.

**મકર (ખ,જ)** : જીવનમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે, પરિસ્થિતિમાં ફેરફાર આવી રહ્યો છે, સમજીને ચાલવું.

**કુંભ (ગ,સ,શ)** : નિરાશા કે બેચેની જેવું જણાય, મનમાં બેચેની રહ્યા કરે, કોઈ પ્રવૃત્તિમાં મનના લાગે.

**મીન (દ,ચ,ઝ,થ)** : તમારી જાતને અંદરથી ઓળખી શકો, આત્મસંવાદ કરી શકો જેથી તમારી જાતને સારી રીતે તપાસી શકો.

## આવેશ અને ગુસ્સો મંગળને નેગેટિવ બનાવે છે

અગાઉ અત્રે લખ્યા મુજબ નીચસ્થ મંગળ પર રાહુની દ્રષ્ટિ અને શનિ રાહુ શ્રાપિત દોષ ઘટનાક્રમને દુઃખદ અને તેજ બનાવી રહ્યો છે જે વિશ્વના નેતાઓને ચિંતામાં મૂકી રહ્યો છે અને માનવજાતના દુશ્મન સામે આવી રહ્યા છે! જો કે આતંકીઓને માકુલ જવાબ ટૂંક સમયમાં જ મળતો જોવા મળશે અને પાડોશીઓને કડક સંદેશો મળતો પણ આપણે જોઈ શકીશું. હજુ આગામી બે માસ ભારે ગણી શકાય તથા આ યોગના કારણે આ સમયમાં વ્યક્તિગત રીતે વધુ કાળજીથી આગળ વધવું પડે. નીચસ્થ મંગળ ધરાવતા મિત્રો આ સમયમાં શું ઉપાય કરવા તે બાબત પૂછતાં હોય છે તો નીચસ્થ મંગળવાળા મિત્રોએ ઘરે પૂજા સ્થાને લાલ આસાન પર બેસી મૂંગાની કે તુલસીની માળાથી ગણેશજીની પૂજા કર્યા બાદ મંગળ મંત્રનું આરાધન કરવું જોઈએ સાથે સાથે ગણપતિ અથર્વશીર્ષનાં પાઠ કરવાથી વિશેષ લાભ થાય છે વળી રાહુની દ્રષ્ટિ હોવાથી શિવ પરિવારનું ધ્યાન ધરવું વિશેષ લાભદાયક રહેશે. ખાસ વાત એ કે મંગળ પોતે ઉર્જા છે પણ આવેશ અને ગુસ્સો મંગળને નેગેટિવ બનાવે છે માટે મંગળવળી વ્યક્તિઓએ ગુસ્સા પર કાબુ કરવો જોઈએ જેના માટે ધ્યાન જરૂરી બને છે. મંગળવાળા મિત્રો સવારે યોગ્ય પદ્ધતિથી ધ્યાન અને મૌનનું પાલન કરે તો મંગળ હકારાત્મક રીતે કામ કરે છે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૪-૦૪-૨૦૨૫ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૨૦ ગુજરાતી મુવી (ઓલ ધ બેસ્ટ પંડ્યા)
૦૨:૨૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કાવા જાંબુન)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૪૫ હેલ્થ વેલ્થ (ડો.યોગેશ સેહગલ)
૦૪:૪૫ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (આ કોકિલાનું કંઈક કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૫-૦૪-૨૦૨૫ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૫-૪-૨૦૨૫ શુક્રવાર**

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૫ |
| **તિથી** | ચૈત્ર વદ બારશ પ્રદોષ પંચક |
| **નક્ષત્ર** | પૂર્વાભાદ્રપદ |
| **યોગ** | એન્દ્ર **કરણઃ** ગર |
| **સુર્યોદય** | ૬.૨૧ **સુર્યાસ્તઃ** ૭.૧૦ |
| **ચંદ્ર રાશી** | મીન |
| **રાશિ અક્ષર** | દ.ચ.ઝ.થ |
| **દિશાશૂળ** | પશ્ચિમ દિશા તરફ |
| **રાહુકાળ** | બપોરે ૧.૩૦થી ૩ |
| **દિવસનાચોઘડીયા** | ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ |
| **રાત્રીનાચોઘડીયા** | રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૨૧ થી ૧.૧૨ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૩૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | ૭ | ૫ | | | ૪ |
| | ૪ | | | | ૩ | | ૮ | |
| | | | ૧ | | | | | ૩ |
| | | | | ૪ | | | ૭ | |
| | ૨ | | | | | | | |
| | | ૫ | | | | ૮ | | |
| ૭ | ૩ | | | | | ૧ | | ૯ |
| | ૧ | | | | ૨ | ૬ | | |
| | | | ૮ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૩૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૨ | ૫ | ૭ | ૩ | ૯ | ૧ | ૮ | ૪ |
| ૪ | ૮ | ૭ | ૫ | ૬ | ૧ | ૨ | ૯ | ૩ |
| ૧ | ૯ | ૩ | ૨ | ૮ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫ | ૭ | ૪ | ૬ | ૨ | ૩ | ૯ | ૧ | ૮ |
| ૯ | ૩ | ૬ | ૧ | ૪ | ૮ | ૭ | ૨ | ૫ |
| ૮ | ૧ | ૨ | ૯ | ૫ | ૭ | ૪ | ૩ | ૬ |
| ૩ | ૫ | ૮ | ૪ | ૯ | ૨ | ૬ | ૭ | ૧ |
| ૨ | ૪ | ૧ | ૩ | ૭ | ૬ | ૮ | ૫ | ૯ |
| ૭ | ૬ | ૯ | ૮ | ૧ | ૫ | ૩ | ૪ | ૨ |

# ગુજરાતની સહકારી મંડળીઓમાં બગસરા શરાફી મંડળી 'અવ્વલ'

## સંસ્થાના સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆની સુઝબુઝથી 'પ્રથમક્રમાંક' પહોંચી

**અબતક, રાજકોટ**

રાજકોટના જનસંથી દિવંગત સહકારી નેતા અરવિંદભાઈ મણીયારની સ્મૃતિમાં રશ્વિનભાઈ ડોડીઆ સહીતના આગેવાનો દ્વારા તા.૩૦/૦૯/૧૯૮૪ માં ૨૩૬ સભાસદો અને રૂ.૨,૩૬,૦૦ શેર ભંડોળ થી શરૂ થયેલ આ મંડળીને વર્ષ ૨૦૨૪/૨૫ ના ગુજરાત ભરની ૬૩૦૦ થી વધારે શરાફી સહકારી મંડળીઓના વાર્ષિક વહીવટ અને નફાકારત્વક અને વહિવટી બાબતો ધ્યાને રાખી સહકાર ભારતી ગુજરાત દ્વારા બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી ને ''પ્રથમ ક્રમાક'' ધરાવતી મંડળી મંડળી જાહેર કરવામાં આવેલ છે.

મંડળીએ વર્ષ ૨૦૨૪/૨૫ માં ચોખ્ખો નફો રૂા.૫.૬૪ કરોડ સામે કુલ પિરાણ રૂા.૧૩૭ કરોડ, ડીપોજીટ ૧૦૨ કરોડ, શેરભંડોળ ૩.૧૯ કરોડ, અનામત ભંડોળ રૂા. ૧૨.૩૯ કરોડ, રોકાણ રૂા.૩.૭૦ કરોડ, મિલ્કત રૂા.૧.૩૩ કરોડ, કાર્યશીલ મુડી ૨.૪૪ અબજ, કુલ બીજનેશ ૨.૩૭, ટર્નઓવર રૂા.૬.૧૩ અબજ સામે એન.પી.એ ૦% અને સભાસદ સંખ્યા ૨૩૧૬૦ ધરાવતી આ મંડળી ની બગસરા, ધારી, ચલાલા, લીલીયા મોટા માં સેઈફ ડીપોજીટ વોલ્ટ સુવિધા સાથે માલીકીની ઓફીસ બીલ્ડીંગ ધરાવે છે. અને



મંડળી પ્રથમથીજ ઓડીટ વર્ગ 'અ' સાથે પારદર્શક વહીવટ અને મંડળીની હાલ શાખાઓમાં કુશળ વહીવટી તંત્ર સાથે સમગ્ર સ્ટાફ સભાસદોની જરૂરીયાત મુજબની કામગીરીથી ગુજરાત ભરની સમગ્ર ૬૩૦૦ થી વધારે સહકારી મંડળીઓ માંથી પ્રથમ ક્રમાકે પહોચેલ છે.

મંડળી દ્વારા સભાસદ લક્ષી તેમજ આપદા વિપદા સમયે સેવાકીય વિવિધ પ્રકારે પ્રવૃતિ બજાવી રહી છે.મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધી યોજના હેઠળ મૃતક સભાસદ ના વારસ ને રૂા ૨૫૦૦૦/- તેમજ મંડળી સભાસદના દિકરા અને દિકરી ઉચ્ચ અભ્યાસ માટે માત્ર ૪% સાદા વ્યાજ દરે લોન સુવિધા અને સભાસદોને ૧૫% ડિવિડન્ડ ઉપરાંત દર ત્રણ વર્ષે આકર્ષક ભેટ વસ્તુ સહિત ના લાભો સભાસદો મળી રહ્યા છે

મંડળીના સ્થાપના ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆની કુશળ વહીવટી કામગીરી અને મંડળીની શાખા બગસરા એમડી મહેશભાઈ જે.વ્યાસ, ધારી એમ.ડી કેતનભાઈ એચ.ધકાણ, અમદાવાદ એમ.ડી વિનુભાઈ સી.રાદડીયા, વડોદરા એમ.ડી મનોજભાઈ સી.પટેલ, રાજકોટ એમ.ડી અરવિંદભાઈ એન.નાગ્રેચા, ચલાલા એમ.ડી, જયોતિકાબેન એચ.રાવલ, લીલીયા મોટા એમ.ડી પરીનભાઈ ડી.રાજપુરા અમરેલી એમ.ડી તનસુખભાઈ ડી.ઠાકર સાથે સમગ્ર ડીરેકટર બોર્ડ તથા તમામ શાખાઓના એડવાઈઝરી બોર્ડ, શાખા સેક્રેટરીઓ, કર્મચારી ગણ, અમરેલી જીલ્લાના તથા રાજયભરના રાજકીય આગેવાનો, સહકારી આગેવાનો સહીતના માર્ગદર્શન અને સુચનોને આવકારી મંડળીના તજજ્ઞ ડીરેકટર શરદભાઈ લાખાણી, કંચનબેન રાદડીયાની સલાહ સુચનો માં મંડળીની પ્રગતિમાં સિંહ ફાળો છે. તેમ મંડળીના જનરલ એમ.ડી નિતેપ ડોડીઆ તથા જનરલ સેક્રેટરી ડી.જી મહેતા એ મંડળીનો પ્રગતિની માહિતી આપી હતી.

# આતંકી હુમલાના વિરોધમાં પ્રભારી વિજયભાઈ રૂપાણીનું ચંદીગઢના માર્ગો પર વિરોધ પ્રદર્શન

## પંજાબના ભાજપ સહ-પ્રભારી ડો.નરેન્દ્ર રૈના, ડો.સુભાષ શર્માજી, વિનીત જોશી સહિતના અગ્રણીઓએ રેલી યોજી સખત શબ્દોમાં નિંદા કરી

**અબતક, રાજકોટ**

પહેલગામમાં થયેલી હૃદયદ્રાવક ઘટનાના પગલે સમગ્ર દેશમાં લોકોમાં ઊંડો શોક અને આક્રોશ જન્માવ્યો છે, જેના કારણે વિવિધ સંગઠનો અને નાગરિકો સ્વયંભૂ રીતે રસ્તા પર ઉતરી આવ્યા છે. તમામ વર્ગના લોકો, જેમાં રાજકીય નેતાઓ, સામાજિક કાર્યકરો, વેપારીઓ અને સામાન્ય નાગરિકોનો સમાવેશ થાય છે, આ આતંકવાદી હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી રહ્યા છે. લોકો આ ઘટનાને કાયરતાપૂર્ણ કૃત્ય ગણાવી રહ્યા છે. વિરોધ રેલીઓ અને માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં લોકો સૂત્રોચ્ચાર કરી રહ્યા છે અને પીડિતોને ન્યાય અપાવવાની માંગ કરી રહ્યા છે. આ પ્રદર્શનોમાં ત્રાસવાદ વિરુદ્ધ અને શાંતિની સ્થાપના માટેના સંદેશાઓ



આપવામાં આવી રહ્યા છે ત્યારે ચંદીગઢના રસ્તાઓ પર ભાજપના પંજાબ નેતાઓએ વિરોધ પ્રદર્શન કર્યું પાકિસ્તાને હંમેશા આતંકવાદને આશ્રય આપ્યો છે, પરંતુ હવે ભારત આ હુમલાઓને સહન કરશે નહીં. આ વિરોધ પ્રદર્શનમાં ભાજપના પંજાબ પ્રભારી વિજય રૂપાણી, સહ-પ્રભારી ડો.નરેન્દ્ર રૈના, ડો. સુભાષ શર્માજી (સુબ્બા ઉપપ્રમુખ) અનિલજી (સુબ્બા મહામંત્રી), વિનીત જોશી (પ્રભારી, મીડિયા સેલ ભાજપ), એસ. જગમોહન સિંહ રાજુ (પ્રદેશ મહામંત્રી), એસ. દયાલસિંહ સોઢી (સુબ્બા મહામંત્રી) ઉપરાંત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

# માંગરોળના ઈટાડી ગામે ગૌચર પર દબાણ મુદ્દે સરપંચ પરિવાર સામે ન્યાય માટે મામલતદારને અપાયું આવેદન

## મોટા માથાના દબાણો પર કોઈ કાર્યવાહી કરાતી નથી અને દલિત ખેત મજૂરોને બ્લેકમેલિંગ કરાતા હોવાનો આક્ષેપ

**અબતક, નીતિન પરમાર, માંગરોળ**

માંગરોળના ઈટાડી ગામે ગૌચર પર દબાણનો મુદ્દો લાંબા સમયથી ચર્ચામાં રહ્યો છે ગામના સરપંચ પરિવાર અને તેમના મળતીયાઓ દ્વારા ગૌચરની ૩૦ વીઘા જમીન પર દબાણ કરવામાં આવ્યું હોવાનું આક્ષેપ કરી ઈટાડી ના ગ્રામજનો અને દલિત સમાજ



દ્વારા મામલતદારને આવેદનપત્ર આપી ગૌચરની જમીન ખાલી કરાવવાની માંગ સાથે, દલિત ખેત મજૂર દ્વારા કરવામાં આવેલા કથિત બાંધકામો ને મોટું દબાણ ગણીને તેને દૂર કરવા માટે દબાણ કરવામાં આવતું હોવાનું આક્ષેપ કરીને ફરિયાદ કરી છે કે એક મહિલા, પત્રકાર બની સરપંચ અને તેમના મળતીયાઓની બાઈટ અભિપ્રાય લઈને તંત્રને ગેરમાર્ગે દોરવા માટે દલિત સમાજ ને ટાર્ગેટ બનાવતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે માંગરોળના ઈટાડી ગામે ગૌચરની જમીન પર મોટા માથાઓની પેસ્ટ કદની દૂર કરવા રજૂઆત કરવામાં આવી છે

# અમરેલી જિલ્લામાં આજથી ''વિશ્વ રસીકરણ'' સપ્તાહની ઉજવણી

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

બાળકના સ્વસ્થ જીવન અને સર્વાંગી વિકાસ માટે તમામ રસી અનિવાર્ય છે. આ કાર્યક્રમ દ્વારા ૧૧ ગંભીર રોગથી રક્ષણ આપવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા આજથી તા.૩૦ એપ્રિલ, દરમિયાન વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીક - વિશ્વ રસીકરણ સપ્તાહની ઉજવણી થશે. તે અનુસંધાને અમરેલી જિલ્લામાં પણ વિવિધ કાર્યક્રમો કરવામાં આવેશે. જે અંતર્ગત આજે વય આધારિત એનાલિસીસ મુજબ રસકીરણમાં બાકી રહી ગયેલા તેમજ છુટી ગયેલા બાળકોનું રસીકરણ આ મહિનાના ચોથા ગુરુવારે ખિલખિલાટ વાહનનો ઉપયોગ કરી કોઈ પણ બાળક રસીકરણથી વંચિત ન રહી જાય તે મુજબ કામગીરી કરવામાં આવશે. તા.૨૬.૦૪.૨૦૨૫ ના રોજ મિઝલ્સ અને રુબેલા નાં એમ.આર. ઈલેમિનેશન રોડ મેપ-૨૦૨૬ સ્ટ્રેટેજી મુજબ વય આધારિત રસીકરણ સમયપત્રક મુજબ મિઝલ્સ અને રૂબેલાના ડોઝ બાકી રહી ગયેલ તેવા ૯ મહિનાથી ૫ વર્ષ સુધીના તમામ બાળકોનું ઝુંબેશરૂપે સઘન અચૂક રસીકરણ કરવામાં આવશે.

આ રસીકરણ કાર્યક્રમ અંતર્ગત નિયમિત રસીકરણ સેશન યોજાતા હોય છે અને મમતા દિવસની કામગીરી દર બુધવારે થાય છે. તે ધ્યાને લઈ તા.૩૦.૦૪.૨૦૨૫ ના રોજ પાંચમા બુધવારે રુટિન મમતા દિવસનું આયોજન કરવામાં આવશે.

# પહેલગામ હુમલાના પડઘા: અંજાર - ગાંધીધામમાં વિરોધ પ્રદર્શન

## વિહિપ, બજરંગ દળ, સનાતન શ્રીરામ સંગઠનએ તાત્કાલીક પગલા લઈ પીડીનોને ન્યાય અપાવવા માંગ કરી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

તાજેતરમાં જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા પ્રવાસીઓને તેમનો ધર્મ પૂછી પૂછીને ગોળીઓ મારવામાં આવી આ નિર્મમ હત્યાને બજરંગ દળ અંજાર શહેર દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન અને આતંકવાદીના પૂતળા દહનનો કાર્યક્રમ યોજાયો હતો અત્યંત ધ્રૂણાસ્પદ ઘટનાને અમો સખત શબ્દોમાં વખોડી આ બાબતે સરકાર આ કૃત્ય આચરનાર નરાધમોને તાત્કાલિક ધોરણે પકડી પાડે અને ફાંસીની



સજા આપે તેવી માગણી કરવમાં આવી હતી.

પણ તો વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ ગાંધીધામ દ્વારા ગાંધી માર્કેટ અને આદિપુર મદનસિંહ ચોક મધ્યે આતંકવાદીઓ ના પૂતળા દહન સાથે વિરોધ પ્રદર્શન કરી કાર્યકર્તાઓએ રોષ વ્યકત કર્યો હતો. ત્યાર બાદ દિવગંત આત્માઓને શાંતિ પ્રદાન થાય તે માટે બી મિનીટ નું મૌન રાખવામાં આવેલ.

આ ઉપરાંત ગાંધી માર્કેટ ખાતે સાંજના ૬:૩૦ વાગે આતંકવાદી ના પૂતલા દહન અને મૃત્યુ પામનારા સર્વ દિવ્ય આત્માઓને શ્રદ્ધાંજલિનું સનાતન શ્રીરામ સંગઠન અને સર્વ સનાતન હિન્દુ સમાજ દ્વારા આયોજન કરેલું જેમાં કૈલાસપુરી બાપુ મોહનભાઈ ધારશી , રાજભા ગઢવી તેમજ વિવિધ સમાજના પ્રતિનિધિઓ પ્રમુખઓ અને આગેવાન ઓ હાજર રહ્યા હતા સર્વે એ શ્રદ્ધાંજલિ આપી સાથે આતંકવાદીઓનો વિરોધ દર્શાવ્યો હતો.

# ખંભાળીયામાં પહેલગામની ઘટનાનો ઉગ્ર વિરોધ મૌન રેલી યોજી મૃતકોને અર્પી શ્રધ્ધાંજલી

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

કાશ્મીરના પહેલગામમાં ધર્મ જાતી પુછી પુછીને હિન્દુઓની આતંકવાદીઓ દ્વારા હત્યાના બનાવ સામે સમગ્ર દેશમાં રોષ તથા આક્રોશની લાગણી ફેલાઈ છે. ત્યારે ગઈકાલે ખંભાળીયામાં જોધપુર ગેઈટ પાસે બજરંગદળ




તથા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આતંકવાદના પુતળાદહનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

મોટી સંખ્યામાં હિન્દુ સંગઠનના અગ્રણીઓ તથા સ્થાનિકો જોડાયા હતા તથા ગાંધીજીની પ્રતિમા પાસે આતંકવાદના પુતળાનું દહન કરી વિરોધ પ્રદર્શન કરી કડક પગલાની માંગ થઈ હતી.

અગ્રણીઓ અમિતભાઈ જાદવાણી, પરેશભાઈ કુંડલીયા, મનીષભાઈ જેઠવા,કીરણબેન સરપદડીયા, વિજયભાઈ , શકિતદાન ગઢવી, કિશનભાઈ ગોહેલ, મિલનભાઈ, ઈન્દ્રજીતસિંહ પરમાર, દીપકભાઈ ચાવડા, જીતુભાઈ ગઢવી, ધીરૂભાઈ, શૈલેષ મકવાણા જોડાયા હતા.

ગઈકાલે સાંજે ખંભાળીયાની વિવિધ સંસ્થાઓ નાગરીક સમિતિ, ઈન્ડીયન રેડક્રોસ સંસ્થા, ડોકટર, માનવ સેવા સમિતિ, ગ્રીન ખંભાળીયા, મહિલા મંડળ, રઘુવંશી મહિલા મંડળ, રામનાથ મહિલા મંડળ, લેડીઝ ચેમ્બર ઓફ કોમર્સ સંસ્થાઓ દ્વારા જોધપુર ગેઈટથી રામ મંદિર સુધી મૌન રેલી કાઢીને રામનાથ મંદિરે ભગવાનને પ્રાર્થના કરીને મૌન પાળીને મૃતકોને શ્રધ્ધાંજલી અપાઈ હતી. તથા કેન્દ્ર સરકાર કડક પગલા લે તેવી અપેક્ષા રખાઈ હતી.

# સુત્રાપાડાની વિવેકાનંદ વિનય મંદિરના સ્ટાફે પહેલગામના મૃતકોને શ્રધ્ધાંજલી આપી



**અબતક, રામસિંહ મોરી.સુત્રાપાડા**

સુત્રાપાડા વિવેકાનંદ વિનય મંદિર કુમાર શાળાના સ્ટાફ દ્વારા કાશ્મીર પહેલગામ માં હિન્દુ ભાઈઓ પર થયેલ આતંકવાદી હુમલા માં જેઓ એ પોતાનો જીવ ગુમાવ્યો છે. તેવા મારા હિન્દુ ભાઈઓ ને આજ રોજ ૨ મિનિટ નું મોન પાળી ભાવ ભીની શ્રદ્ધાંજલિ આપેલ છે.

# સુત્રાપાડામાં વિહીપ અને બજરંગ દળે આતંકવાદીના પૂતળાનું દહન કર્યુ



**અબતક, રામસિંહ મોરી.સુત્રાપાડા**

જન્મુ કાશ્મીર માં પહેલ ગામમાં ધર્મ પૂછીને અનેક હિન્દુ નેં ગોળી મારી હત્યા કરવામાં આવી છે તો સમગ્ર દેશમાં તથા હિન્દુ સમાજ માં આક્રોશ છે ત્યારે સુત્રાપાડા મેઈન ગેટ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દ્વારા આતંકવાદી નું પુતળું દહન કરી ભારે સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

# ભાવનગરમાં મૃતકોને શ્રદ્ધાસુમન અર્પણ કરતા કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા



**અબતક, કાળુ રાઠોડ, જસદણ**

પહેલગામમાં થયેલી હૃદયદ્રાવક ઘટનાના પગલે ભારે વિરોધ પ્રદર્શન જોવા મળી રહ્યું છે. આ ઘટનાએ લોકોમાં ઊંડો શોક અને આક્રોશ જન્માવ્યો છે, તમામ વર્ગના લોકો, જેમાં રાજકીય નેતાઓ, સામાજિક કાર્યકરો, વેપારીઓ અને સામાન્ય નાગરિકોનો સમાવેશ થાય છે, આ આતંકવાદી હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી રહ્યા છે. લોકો આ ઘટનાને કાયરતાપૂર્ણ કૃત્ય ગણાવી રહ્યા છે. પીડિતોને ન્યાય અપાવવાની માંગ કરી રહ્યા છે. આ પ્રદર્શનોમાં ત્રાસવાદ વિરુદ્ધ અને શાંતિની સ્થાપના માટેના સંદેશાઓ આપવામાં આવી રહ્યા છે પહેલગામ આંતકી હુમલામાં ભાવનગરના પિતા પુત્રના મોત નીપજ્યા છે જેઓના મૃતદેહ અમદાવાદથી ભાવનગર લઈ આવ્યા છે ત્યારે ભાવનગરમાં રહેતા યતિશભાઈ અને સ્મિતના પરિવારજનો સાથે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા અને કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ મુલાકાત લઈ પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.


જે.મ્યુ.વાહન.જા.નં.૭૩ | જેતપુર – નવાગઢ નગરપાલિકા | તા.૧૬/૦૪/૨૦૨૫

જેતપુર–૩૬૦ ૩૭૦, જી.રાજકોટ

**-:: જાહેર નિવિદા–ત્રીજો પ્રયત્ન ::-**

જેતપુર નવાગઢ નગરપાલિકાના કન્ડમ/રદ થયેલ જુદા જુદા કુલ-૨૭ વાહનોનું જાહેર હરરાજીથી વેચાણ કરવા માટે આ વાહનોની અપસેટ પ્રાઈઝ નકકી કરવાની હોય રસ ધરાવતા સરકાર માન્ય સર્વેયરોને વાહન દીઠની ફી(ભાવ) આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ માં રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી પહોંચતા કરવા નોંધ લેવી ભાવ માન્ય કે અમાન્ય રાખવાની સત્તા નગરપાલિકાને અબાધિત રહેશે.

(એ. કે. ગઢવી) ચીફ ઓફીસર જેતપુર નવાગઢ નગરપાલિકા

(એમ.આર.ઉસદડીયા) પ્રમુખ જેતપુર નવાગઢ નગરપાલિકા

માહિતી/રાજ/૧૨૭/૨૫-૨૬



## જાહેર નોટીસ

**બી.એન્ડ ડી. રજી નં.૪૪/૨૦૨૫**

શ્રી રઘુવિરસિંહ ભીમદેવસિંહ ગોહિલ,
રહે.સી-૧૦૩, જયનિશ ફ્લેટ, પેલેસ રોડ,
પારસ સોસાયટી, પાલીતાણા .....અપીલવાળા

**વિરૂધ્ધ**

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસરશ્રી, પાલીતાણા .....સામાવાળા

**વિષય:- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે મૃત્યુ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી રઘુવિરસિંહ ભીમદેવસિંહ ગોહિલના પત્નિ સ્વ.ગીતાબા રઘુવિરસિંહ ગોહિલનું અવસાન તા.૦૮/૦૪/૨૦૧૧ના રોજ મુ.પાલીતાણા, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના પત્નિના અવસાન અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. અવસાન અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રી તેઓના પત્નિના અવસાન અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી, તા.પાલીતાણાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેક્ટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ. તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

સ્થળ :- પાલીતાણા
તારીખ:- ૨૨/૦૪/૨૦૨૫

કોર્ટનો સિક્કો

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**



## જાહેર નિવિદા

પાલીતાણા તાલુકાના અનીડા (લ) ડેમ ગામે ૧૫મુ નાણાપંચ તાલુકા કક્ષા - વર્ષ-૨૦૨૨/૨૩ની ગ્રાન્ટમાંથી (૧) સેગ્રીગેશન શેડ તથા ૧૫મુ નાણાપંચ - તાલુકા કક્ષા - વર્ષ-૨૦૨૪/૨૫ની ગ્રાન્ટમાંથી (૧) સેગ્રીગેશન શેડનું કામ, ૧૫% વિવેકાધીન - જિલ્લા કક્ષા વર્ષ - ૨૦૨૫/૨૬ની ગ્રાન્ટમાંથી કોઝ-વેનું કામ તથા ૧૫મુ નાણાપંચ - તાલુકા કક્ષા વર્ષ - ૨૦૨૫/૨૬ની ગ્રાન્ટમાંથી (૧) જી.આઈ. પાઈપલાઈન (૨) ચેકડેમનું કામ હાથ ધરવાનું હોવાથી કામ અંગેનું મટીરીયલ, મજુરીના ભાવ દિન-૩ માં બંધ કવરમાં રજી. એડી/રૂબરૂ સરપંચશ્રી, અનીડા (લ) ડેમ ગ્રામ પંચાયતના નામે પહોંચતું કરવાનું રહેશે તેમજ ટેન્ડરની શરતો ગ્રામ પંચાયતના નોટીસ બોર્ડ પર સુપ્રસિધ્ધ કરેલ છે તેમજ ભાવ મંજુર/નામંજુર કરવાનું અધિકારો ગ્રામ પંચાયતને અબાધિત રહેશે.

**લી. સરપંચશ્રી,**
**અનીડા (લ) ડેમ ગ્રામ પંચાયત**



## જાહેર નોટીસ

**નં.એમ.એ.જી./જન્મ મરણ/ રજી. કેસ નં.૭૦/૨૦૨૫** **તા.૦૩/૦૪/૨૦૨૫**

શ્રી મનસુખભાઈ હરસુખભાઈ સાકરિયા
મું. ગુંદાળા મો.નં. ૯૯૭૪૬ ૦૩૬૪૫ .........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજિસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ-મંત્રીશ્રી, ગુંદાળા ગ્રામ પંચાયત કચેરી, તા.ગોંડલ જી.રાજકોટ .........સામાવાળા

**વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટિસ**

આ જાહેર નોટિસથી લાગતા-વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદાશ્રી ગોવિંદભાઈ પાંચાભાઈ સાકરિયાનું અવસાન તા.૨૬/૦૫/૨૦૨૦ના રોજ ગુંદાળા મુકામે થતાં, તેમના અવસાનની નોંધ જે-તે વખતે સામાવાળાના અવસાન રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહુ હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે, પ્રાંત કચેરી, ''તાલુકા સેવા સદન'', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / તમો સામાવાળા જે કોઈ આધાર-પુરાવા રજુ કરવા માંગતા હોય તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે જાણશો.

આજ તા.૦૩/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ગોંડલ**



પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન

**વોટર વેન્ડિંગ મશીન માટે ઈ-ઓક્શન લીઝિંગ**

**ટેન્ડર નંબર:- DRM/COMML/WVM/2025/01 તારીખ: 22/04/2025; 'ઈ' ઓક્શન લીઝ દ્વારા વાણિજ્યિક આવક અને ભાડા સિવાયના મહેસૂલ કરારો માટે ભાવનગર વિભાગની વોટર વેન્ડિંગ મશીન યાદી:** ભારતના રાષ્ટ્રપતિ વતી, પશ્ચિમ રેલ્વે, ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, IREPS વેબ પોર્ટલના ઈ-ઓક્શન લીઝ મોડ્યુલ દ્વારા ઈ-બિડ આમંત્રિત કરે છે. પ્રકાશિત વોટર વેન્ડિંગ મશીન કેટલોગની વિગતો નીચે મુજબ છે: **IREPS વેબ પોર્ટલના ઈ-ઓક્શન મોડ્યુલ દ્વારા વોટર વેન્ડિંગ મશીન કોન્ટ્રાક્ટ માટે જે સ્ટેશનો માટે ઈ-બિડ્સ આમંત્રિત કરવામાં આવી છે:** ભાવનગર ટર્મિનસ, વેરાવળ, ગોંડલ અને પોરબંદર; **હરાજીની તારીખ:** 15 મે, 2025; **હરાજી કેટલોગ નંબર:** WVM-BVP-2025; **કરારનો સમયગાળો:** 05 વર્ષ; **વેબસાઈટ:** https://ireps.gov.in; **સરનામું:** ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરનું કાર્યાલય, ડીઆરએમ કાર્યાલય, પશ્ચિમ રેલ્વે, ગઢેચી વડલા પાસે, ભાવનગર પરા 364003; **સંપર્ક નંબર:** +91 9724097981; **ઈમેલ આઈડી:** cateringbvp@gmail.com

અમને લાઈક કરો: facebook.com/WesternRly

તંત્રી લેખ

# આતંકને ‘મૌન’ કરો ‘મૌન’નું આતંક બંધ કરો

## હવે આતંકવાદીઓનો પણ ધર્મ દેખાયો

ફરી એકવાર ૨૮ નિર્દોષ નાગરિકો આતંકવાદીઓની ગોળીઓને શીકાર બન્યા છે. ભારત સહિત વિશ્વભરના દેશો પાસે ‘આતંક’ ને સહન કરવા સિવાય કોઈ વિકલ્પ ન રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. આતંકી હુમલા બાદ અત્યાર સુધી એવું કહેવામાં આવતું હતું કે આતંકવાદને કોઈ ધર્મ હોતો નથી પરંતુ આ વખતે તો આતંકવાદીઓમાં પણ ધર્મ જોવા મળ્યો છે. લોકોને તેઓની જાતિ અને ધમૃ પૂછયા બાદ ગોળીઓથી વિંધી નાખવામાં આવ્યા હતા. દર વખતે આતંકી હુમલા બાદ સરકાર દ્વારા એક જ વાત કરવામાં આવે છે કે એક પણ આતંકીને છોડવામાં આવશે નહી. થોડા દિવસો બાદ બધુ ભૂલી જવામાં આવે છે. નિર્દોષ જનતાને ભગવાન ભરોસે છોડી દેવામાં આવે છે. આતંકીઓને રતિભારનો પણ ડર રહ્યો નથી. મન પડે ત્યારે અને મન પડે તે સ્થળે હુમલા કરી નિર્દોષ નાગરીકોના જીવ હણી લ્યે છે. દેશની જનતા પણ થોડા દિવસ રોષે ભરાયેલી રહે છે. મૌન રેલી કાઢે છે. આતંકીઓના પુતળા બાળે છે. કેન્ડમ માર્ચ યોજે છે. આતંકી હુમલામાં જીવ ગુમાવનારા વ્યકિતઓને શ્રદ્ધાંજલી આપે છે. સરકાર દ્વારા પણ ઉંડાણપૂર્વકની તપાસ કરાવવામાં આવે છે. આ બધુ થોડા દિવસો ચોકકસ ચાલે છે. ત્યાર બાદ આ ઘટનાને ભૂલી જવામાં આવે છે. જમ્મુ-કાશ્મીરના પહેલગામના બૈસારનમાં મંગળવારે બપોરે ત્રાટકેલ આતંકવાદીઓએ પહેલા પ્રવાસીઓને તેઓની જાતી પૂછી, ધર્મ પૂછયો, કલમા પઢવાનું કહ્યું અને ત્યારબાદ હિન્દુ ધર્મના લોકોને ગોળીઓથી વિંધી નાખવામાં આવ્યા. એક પ્રવાસી મહિલાના પતિને ગોળી મારી મહિલાને જીવતી છોડી દીધી અને આતંકીઓએ કહ્યું કે, જી મોદીને કહી દે આ ઘટના સામાન્ય નથી અત્યાર સુધી એક જ વાત થતી હતી કે આતંકવાદીઓ કયારેય ધર્મ જોતા નથી નરસંહાર તેઓનો મૂળ હેતુ છે પણ ગઈકાલે હિન્દુઓની હત્યા કરવામાં આવી. હવે આતંકને ‘મૌન’ કરવાનો સમય બરાબર પાકી ગયો છે. ‘મૌન’ નું આતંક બંધ કરવાની જરૂરિયાત છે.

આનંકી હુમલાનો જડબાતોડ જવાબ આપવામાં આવશે તેવું નિવેદન આપવાના બદલે જડબુ જ ન રહે તેવી કાર્યવાહી કરવાની આવશ્યકતા છે.

દેશમાં કોઈ સ્થળે લઘુમતિઓ પર સામાન્ય હુમલા થાય કે તેઓના ગેરકાયદે બાંધકામો પણ તોડી પાડવામાં આવે તો જબ્બરો દેકારો કરવામાં આવે છે પરંતુ હવે જયારે ૨૮ હિન્દુઓને ગોળીઓથી વિંધી નાખવામાં આવ્યા ત્યારે દેશ જાણે તમાશો નિહાળી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે.

આતંકવાદને પાલી - પોખીને મજબૂત કરનારા દેશ સાથે તમામ સંબંધો તોડવાથી કોઈ ફેર નહી પડે એક એક આતંકવાદીને વીણી વીણીને મોતને ઘાટ ઉતારવામાં આવે તે જ સમયની માંગ છે.

કાશ્મીરને ધરતી પરનું સ્વર્ગ માનવામાં આવે છે. આતંકવાદીઓના પંજાએ આ સ્વર્ગની દશા નર્કથી પણ ખરાબ કરી નાખી છે. આતંકઓ સાથે અમુક ઘરના ઘાતકીઓ પણ સંડોવાયેલા છે. જે હુમલા બાદ મગરના આંસુ સારી રહ્યા છે. વિશ્વના સૌથી મોટા લોકશાહી રાષ્ટ્ર ભારતમાં સૌથી વધુ વસ્તી ધરાવતો હિન્દુ સમુદાય જ હાલ દેશમાં અસલામત હોય તેવું અનુભવી રહ્યા છે. મૌન રહેવાથી જો આતંકવાદનો સફાયો થઈ જતો હોય તો મૌન મંજુર છે. પરંતુ એ શકય નથી. અત્યાર સુધી છાના ખુણે કે ઓચિંતા હુમલા થતા હતા પરંતુ હવે તો જાતી અને ધર્મ પૂછયા બાદ હિન્દુસ્તાનીઓ પર ગોળીઓ ચલાવવામાં આવે છે. આ વાત ખુબ જ ચિંતાજનક છે. આંતકવાદીઓના સંપૂર્ણ સફાયા માટે હવે જે કરવું હોય તે કરવાની તાતી જરુરીયાત છે. યુધ્ધ કરવું પડે તો યુધ્ધ કરો પરંતુ ભારતની જનતાને સતત મોતના ડરમાંથી મુકત કરો. નેતાઓએ નિવેદન બાજી બંધ કરી હવે ત્રાટવવાની તૈયારી કરવી જોઈએ જો હવે પણ હાથ પર હાથ ધરી બેસી રહીશું. અને આતંકી હુમલાની માત્ર નિંદાજ કરતા રહીશું તો આવનારી પેઢી કયારેય માફ નહી કરે.

# રાજયકક્ષાના ખેલ મહાકુંભની બેડમિન્ટન સ્પર્ધામાં આર.કે. યુનિ.ના એકિઝકયુટીવ વાઈસ પ્રેસીડન્ટ ડેનીસ પટેલે ગોલ્ડ મેડલ મેળવ્યો

## બેડમિન્ટન ખિલાડી ૪૦ થી ૬૦ની સ્પર્ધામાં કૌવત બતાવી આર.કે. યુનિ.ની ગૌરવ વધાર્યું

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેરના સપોર્ટસ એથોરીટી ઓફ ગુજરાત દ્વારા (SAG) ઈન્ડોર સ્ટેડીયમ પર ગુજરાત રાજ્ય કક્ષાની ખેલ મહા કુંભની બેડમીન્ટન સ્પર્ધાનું આયોજન એપ્રિલ મહિનાની તારીખ ૧૬-૪-૨૦૨૫ થી ૨૦-૪-૨૦૨૫ સુધ રાખવામાં આવેલ હતું. આ ગુજરાત રાજ્યની KMK બેડમીન્ટન સ્પર્ધામાં ગુજરાતના ઘણા ખેલાડીઓએ અલગ અલગ ઉમરને લાગુ પડતા ઈવેન્ટમાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં રાજકોટ શહેરના બેડમીન્ટન ખિલાડી ૪૦ થી ૬૦ ની સ્પર્ધામાં ડેનીસ ખોડીદાસ ભાઈ પટેલ તથા તુષારભાઈ કથરેચા ડબલ્સ જોડીમાં ફાઈનલમાં પ્રવેશ કરી વડોદરાના ખેલાડી




ગોપાલ ઠક્કર અને જીકેન શાહને SCORE ૧૫-૯, ૧૨-૧૫,૧૫-૯ થી પરાસ્ત કરી વિજેતા પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ હાસિલ કરી રાજકોટ શહેર તથા R.K. UNIVERSITY તથા RMC વીર સાવરકર ઈન્ડોર સ્ટેડીયમ (સરગમ કલબ સંચાલિત) ગૌરવ વધાર્યું હતું. તથા ચાલીસ થી સાઈઠ ની મિક્સ સ્પર્ધામાં આર.કે.યુનિ. એકઝીક્યુટીવ વાઈસ પ્રેસીડન્ટ ડેનીસ ખોડીદાસ ભાઈ પટેલ/ પૂજા ધોરું એ ત્રીજો રેન્ક હાસિલ કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યું હતું. ડેનીસ ખોડીદાસ ભાઈ પટેલ તુષારભાઈ કથરેચા અને પૂજા ધોરું ના આ સિદ્ધિ બદલ રાજકોટના તમામ બેડમીન્ટન ખિલાડી અને રમત ગમતના ચાહકોએ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

# ભાયાવદરની જનતા ડહોળુ પાણી પીવા મજબૂર! નવા કુવાની મંજુરી ન મળતા ભાજપના આગેવાનો વિફર્યા

## ઘટના સ્થળે રાજકોટથી અધિકારો દોડાવાયા

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ભાયાવદરના જનતા છેલ્લા ચાર વર્ષ થયા ડહોળુ પાણી પીને તંત્ર ચાલી જતાં તાજેતરમાં નવી આવેલી બોર્ડીએ આરએમસીને નવા કુવા માટે મંજુરી માગતા તે ના મંજુર કરતા ભાજપના આગેવાનો વિફર્યા હતા. આ વાતની ગંધ અધિકારીઓને આવી જતાં રાજકોટ મારતે ઘોડી દોડીઆવી ઘટનાનું સ્થળ નિરીક્ષણ કરી યોગ્ય કરવા અભિપ્રાય આપેલ હતો.



આ સમગ્ર મામલે માહીતી આપતા જીલ્લા ભાજપના પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા નગરપાલિકાના ઉપપ્રમુખ સંજય રાઠોડ, શહેર ભાજપના પ્રમુખ ધવલ ધમશાણી એ જણાવેલ કે ભાયાવદર શહેરને પાણી મોજ ડેમમાંથી પુરુ પાડવામાં આવે છે. વર્ષ ૨૦૧૭માં ડેમ સાઈટનો કુવો પડી જતા ભાયવદર શહેરને કેનાલ મારફત પાણી અપાતું હતુ પણ અગાઉ કોંગ્રેસની બોડી દ્વારા કોઈ કાર્યવાહી નહિ થતાં અમો વિપક્ષમાં હોવા છતાં ૨૦૧૮માં જીલ્લા પ્રભારી મંત્રી ભુપેન્દ્રભાઈ ચુડાસમાને રજુઆત કરતા ફિલ્ટર પ્લાન ચાલુ કરવા છતાં કેનાલ મારફત મળતું પાણી અતિ ગંદુ દુગશ મારતું મળતું હતું. કેનાલ વાત પાણી મળતા પાણીને કારણે ફિલ્ટર પ્લાન કદડોને કારણે જામ થઈ જતો હતો.

તાજેતરમાં નગરપાલિકાની ચુંટણી સમયે અમો જનતાને વચન આપેલ કે ભાજપ સત્તા પર આવશે તો શુધ્ધ પાણી આપશે. શુધ્ધ પાણી આપવા અમોને આરસીએમ રાજકોટ સમક્ષનવા કુવાની મંજુરી માટે માંગણી કરેલ પણ અધિકારીઓ દ્વારા ના મંજુર કરતા અમારે સાંસદ, ધારાસભ્યન રજુઆત કરતા આખરે ગઈકાલે રાજકોટ આરએમસીના અધિકારી પ્રવિણ ખુંટ સહીતની ટીમ આવી ઘટના સ્થળે નિરીક્ષણ કરી સતત આઠ કલાકની મહેનત અંતે અધિકારીઓએ પોઝીટીવ રિપોર્ટ કરતા આગામી દિવસોમાં ભાયાવદર નગરપાલિકાને નવા કુવાની મંજુરી મળશે આને કારણે નવો કુવો બનાવી ત્યાંથી પાણી ઉપાડી ફિલ્ટર પ્લાનમાં પાણી પહોચતા જનતાને શુધ્ધ પાણી મળશે.

# ઉપલેટાના મેરવદરની બંધ પડેલી જીનીંગ મીલમાં આગ ભભૂકી: અઢી લાખનો ઘાસચારો બાળીને ખાખ

## ફાટર ફાઈટર ઘટના સ્થળે દોડી જઈ આગને કાબુમાં લીધી



**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

તાલુકાના મેરવદર ગામે આવેલ બંધ જીનીંગ મીલમાં લાગેલી આગને કારણે ગાયો માટે રાખવામાં સળગી ગયો હતો ઘટનામાં જાણ થતા જ ઉપલેટાના ફાયર ફાઈટરો ઘટના સ્થળે પહોચ્યા હતા અને આગને કાબુમાં લીધી હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ તાલુકાની મેરવદર ગામે આવેલ બંધ પડેલી જીનીંગ મીલમાં બાજુના પડતર જમીનમાં આગ લાગવાથી તેનો તિખારો જીનીંગના કમ્પાઉન્ડમાં પડેલી ગાયનો ઘાસચારમાં પડતા આગ બે કાબુ બની હતી. આ ઘટનાની જાણ થતાં સરપંચ મનસુખભાઈ કથીરીયા ઘટના સ્થળે દોડી ગયા હતા અને ફાયરને જાણ કરતા ફાયટરો આવી આગને કાબુમાં લીધી હતી. પણ ત્યાં સુધીમાં આગમાં તમામ ઘાસચારો સળગછ ગયો હતો આ અંગે સરપંચ મનસુખભાઈએ જણાવેલ કે ગામના ગોવિંદરા માં રહેતી ગાયોનો અઢી લાખનો ઘાસચારો બળી ગયો છે. જયારે ગોડાઉનની અંદર અમોએ આગ ઓલવી નાખતા તેમાં રહેલા માંડવી અને સોયાબીનનો ભૂકો બચી ગયો છે. જયારે ગ્રાઉન્ડમાં પડેલા માંડવીનો ભૂકો સંપૂર્ણ બળી ગયો છે.

# ઉપલેટા: ખાખી-જાળીયા સેવંત્રા વચ્ચે પુલની કામગીરી વહેલી તકે શરૂ કરવા પૂર્વ સરપંચ નારણભાઈ આહીર

**અબતક,કિરીટ રાણપરીયા,ઉપલેટા**

ઉપલેટા તાલુકાના ખાખીજાળીયા સેવંત્રા વસે આવેલ રૂપાવટી નદી નો પુલ ગયા ચોમાસામાં તૂટી ગયેલ હોય આજે ચોમાસું નજીક આવ્યું ત્યારે હજુ સુધી તેનું કામ શરૂ કરવામાં આવેલ નથી આ રોડ માં દિવસ દરમિયાન જામજોધપુર જામનગર કોલ કી તરફથી અનેક વાહનો જુનાગઢ તરફ જતા હોય છે આ રોડ આમ તો રાજાશાહી વખતનો છે પરંતુ હજુ સુધી આ રોડની કામગીરી હાથ ધરવામાં આવી નથી આ બાબતે ગઢાળા ગામના પૂર્વ સરપંચ નારણભાઈ આહિરે જણાવેલ છે આ રોડ પર આજુબાજુના મોજીરા ગઢાળા જેવા ગામોના લોકોને ધોરાજી તરફ જવું હોય ત્યારે આ રસ્તા પર જવું પડે છે અત્યારે ચોમાસું નજીક આવ્યું છતાં આ



પુલનું કામ શરૂ કરવામાં આવેલ નથી અત્યારે આ રોડ પર ડાયવર્ઝન કાઢવામાં આવેલ હોય ત્યારે આ સરકાર ડાયવર્ઝન કાઢવામાં નંબર વન છે આજે ઉપલેટા પાસે આવેલ મોજ નદી ના પુલનું કામ પણ બાકી છે હાડફોડી પુલનું કામ બાકી છે વહેલી તકે રીપેર કેમ કરતા નથી આજે અનેક જગ્યાએ ચેક ડેમો તુટેલ હાલતમાં છે ત્રણ ત્રણ વર્ષો થયા છતાં પણ રિપેર કરવામાં આવતા નથી

અંત મા નારણભાઈ આહિરે વધુમાં જણાવેલ કે ખાખીજાળીયા સેવંત્રા પુલનું કામ વહેલી તકે શરૂ કરવા માગણી કરી છે ચોમાસું નજીક આવી ગયું છતાં પણ સરકારના પેટનું પાણી હલતું નથી આ પુલનું કામ વહેલી તકે શરૂ કરવા આજુબાજુ વિસ્તારના સાત ગામોએ માગણી કરેલ છે.

## સમગ્ર સૌરાષ્ટ્રમાં પ્રથમ પહેલ

# ઉપલેટા સમસ્ત બ્રહ્મ સમાજે કાશ્મીરની ઘટનાને વખોડી; પરશુરામ જયંતિની ઉજવણી રદ કરી

## પરશુરામ જયંતિના દિવસે કાશ્મીરમાં માર્યા ગયેલાને શ્રધ્ધાંજલી અપાશે

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

આગામી તા.૨૯મીએ ઉપલેટામાં યોજાનાર ભગવાન પરશુરામ જન્મ જયંતીની ઉજવણી કાશ્મીરમાં બનેલી હિન્દુ સમાજ ઉપરની ઘટનાને કારણે બંધ રાખવા સમસ્ત બ્રહ્મ સમાજની મળેલી મિટીંગ નિર્ણય લઈ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી અને ૨૯મીએ સાંજે મૃતકોના આત્માના શાંતી માટે શ્રધ્ધાંજલીનો કાર્યક્રમ રાખેલ છે.


તસ્વીર: શહેઝાદ બાદશાહ-ઉપલેટા

ગતરાત્રે ઉપલેટા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસના અધ્યક્ષ સ્થાને મળેલી મીટીંગમાં ચંદુભાઈ વ્યાસ, બીપીનભાઈ પંડયા, નિલેશભાઈ પંડયા, હેમતભાઈ દેકીવાડીયા, યોગેશભાઈ પંડયા, સંજયભાઈ ભટ્ટ, મનિષભાઈ ત્રિવેદી, પ્રવિણભાઈ પાનસોરા, વિજયભાઈ મહેતા, સુહાગભાઈ દવે, અને રાજેશભાઈ મહેતા હાજર રહી સમસ્ત બ્રહ્મ સમાજે સૌરાષ્ટ્રભરમાંથી પ્રથમ નિર્ણય લઈ આગામી ૨૯મીએ ભગવાન પરશુરામ જન્મ જયંતીની ઉજવણી બંધ રાખી આ તકે શોભાયાત્રા, ભોજન પ્રસાદ, સાંસ્કૃતિક કાર્યક્રમો ષરદિ કરી કાશ્મીરમાં હિન્દુ સમાજના પર્યટકો ઉપર બનેલા દુ:ખદ ઘટનાને વખોડી કાઢી મૃતકોના આત્માને શાંતી મળે તે માટે આગામી તા.૨૯ને મંગળવારે ઉપલેટા સમસ્ત બ્રહ્મ સમાજે તમામ કાર્યક્રમો રદ કરી માત્ર કાશ્મીરની ઘનામાં મૃત્યુ પામનાર લોકોનાં આત્માને શાંતી મળે તે માટે તા.૨૯ને મંગળવારે રાત્રે નવ વાગે બાપુના બાવલાચોકમાં દેશભકિતની સુરાવલીઓ સાથે શ્રધ્ધાંળી અર્પણ કરશે તો આ શ્રધ્ધાંજલી કાર્યક્રમમાં તમામ સમાજના શ્રેષ્ઠીઓ ધાર્મિક સંસ્થાઓ દેશપ્રેમીઓ સહિત શહેરીજનોને જોડવા સમસ્ત બ્રહ્મ સમાજ ઉપલેટા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ઉપલેટામાં કોમર્શિયલ વિસ્તારમાં સ્માર્ટ મીટર લાગવતું પીજીવીસીએલ: શરૂઆત ભાજપ નેતાની દુકાનેથી જ કરાઈ

## સ્માર્ટ મીટરથી કોઈને ગભરાવાની જરૂર નથી માત્ર વર્જન બદલાયું છે: નિકુંલ ચંદ્રવાડીયા

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

હાલ સમગ્ર રાજયમાં ડિઝિટલ યુગ સાથે તાલ મિલાવવા અને લોકો પોતાનો રોજીદો વપરાશ સહેલાઈથી જાણી શકે તે માટે સ્માર્ટ મીટર લગાવાની કામગીરી પુરજોશમાં આવી રહી છે. તે અંતર્ગત વડી કચેરીના આદેશથી ઉપલેટા પીજીવીસીએલ દ્વારા ભાજપના આગેવાનના કોમર્શીયલ સ્થળે સ્માર્ટ મીટર લગાવી શ્રી ગણેશ કર્યા હતા.


તસ્વીર: શહેઝાદ બાદશાહ-ઉપલેટા

ઉપલેટા શહેર પીજીવીસીએલ દ્વારા સર્વ પ્રથમ તમામ સરકારી કચેરીઓમાં સ્માર્ટ મીટર લગાવ્યા બાદ ગઈકાલે પીજીવીસીએલના નાયબ ઈજનેર તથા તેમની ટીમ દ્વારા શહેરના કોલકી રોડ ઉપર આવેલ ભાજપના આગેવાનના કોમર્શીયલ બિલ્ડીંગમાં અને રાજમાર્ગ ઉપર વિના વિલંબે સ્માર્ટ મીટર લગાડવામાં આવ્યા હતા.સ્થાનીક પત્રકારોનો પીજીવીએલના નાયબ ઈજનેર એસ.બી. પાઘડાએ જણાવેલ કે સ્માર્ટ મિટર લગાડવાથી ગ્રાહકોના મોબાઈલમાં એપ્લીકેશન આવે છે. આ એપ્લીકેશન ડાઉન લોડ કરવાથી તમો દર કલાકે કે આખા દિવસમાં કેટલી યુનિટ કે રૂપિયામાં વિજળીનો ઉપયોગ કરેલ છે તે તમો તમામ માહીતી ઘેર બેઠા મળી શકશે.તેમ છતાં ગ્રાહકોને એમ લાગે કે વધુ બીલ આવ્યું છે. કે વધુ વપરાશ બતાવે છે તો સ્થાનીક પીજીવીસીએલ ઓફીસરે સંપક કરી શકે છે. વધુમાં પાઘડા જણાવ્યું કે લોકોએ સ્માર્ટ મીટરથી કોઈ ગભરાવાની જરુર નથી.

આ અંગે જેના કોમર્શીયલ જગ્યામાં મીટર લગાવામાં આવ્યા છે. તે ભાજપના આગેવાન અને સ્કુલ બોર્ડના ચેરમેન નિકુંલભાઈ ચંદ્રવાડીયાએ જણાવેલ કે સ્માર્ટ મીટર એક મોબાઈલમાં જેમ નવું વર્જન આવે તેમ જુના મીટરની જગ્યાએ નવા સ્માર્ટ મીટર આવ્યા છે. આ સ્માર્ટ મીટરથી લોકો કોઈપણ જગ્યાએથી પોતાના મોબાઈલ ઉપર પોતાના મીટરમાંથી વીજળીનો કેટલો વપરાશ થયો છે. તે ઝડપી અને સરળતાથી મેળવી શકશે હાલ દેશ ડિઝીટલ યુગ સાથે કદમ મિલાવી રહ્યો છે. ત્યારે સ્માર્ટ મીટર તેનો એક ભાગ છે. સ્માર્ટ મીટર લગાવાથી કોઈ નુકશાની નથી સ્થાનીક પત્રકારોએ નિકુંલભાઈ ચંદ્રવાડીયાને પ્રશ્ન કર્યા કે કોંગ્રેસ આજે સ્માર્ટ મીટર લગાવાના વિરોધમાં છે. ત્યારે જણાવેલ કે કોંગ્રેસ ગુજરાતની પ્રગતિ જોઈ નથી શકતી કોંગ્રેસ પ્રજાને ગુમરાહ કરી રહી છે. પ્રજાને કોઈપણ રાજકીય પાર્ટીની અફવામાં આવ્યા વગર લોકોએ સ્માર્ટ મીટર લગાડવા જોઈએ.

# મુંદ્રાના ધુબગામે સરકારી જમીન પર ખડકાયેલા સ્કેપના વાડાઓ પર બુલડોઝર ફેરવી દેવાયા

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભૂજ**

મુંદરા મહેસુલી તંત્ર ધ્વારા તાજેતરમાં સરકારી જમીન પરના અનધિકૃત દબાણ હટાવવાની કામગીરી ઝુંબેશરૂપે કામગીરી હાથ ધરવામાં આવેલ. ઘૂબ ગામે સરકારી સ.નં. ૧૬૯/ પૈકી ની જમીનમાં ગેરકાયદેસર રીતે દબાણ કરીને હોટલ, ઓરડીઓ, ભંગારના વાડા તથા દુકાનો બનાવવામાં આવેલ હતી. સરકારી જમીન પર કરવામાં આવેલ આ ગેરકાયદેસર દબાણ તથા બાંધકામ દૂર કરવામાં આવ્યા હતા.



આ કામગીરી અંતર્ગત કે.એસ.ગોદિયા,મામલતદાર, મુંદરાના ધ્વારા દબાણકર્તા શખ્સોને દબાણ હટાવવા નોટીસ આપવામાં આવેલ. જે ગેરકાયદેસર કોમર્શીયલ દબાણ -બાંધકામને જિલ્લા કલેકટર, કચ્છ-ભુજના માર્ગદર્શન તથા પ્રાંત અધિકારી,મુંદરાના સુપરવિઝન હેઠળ મામલતદાર ,મુંદરા, સર્કલ ઓફીસરા,મુંદરા તથા નાયબ મામલતદાર (દબાણ) ,મુંદરા પી.જી.વી.સી.એલ. ટીમ તથા પોલીસ વિભાગના અધિકારી/ કર્મચારીની હાજરીમાં ૨ હોટેલ, ૫૭ ઓરડી, ભંગારના ૪ વાડા, ૧૧ દુકાનો સહિત સરકારી જમીન પર કરવામાં આવેલ કુલ ૭૪ દબાણો દૂર કરી અંદાજીત કુલ ૩૭૮૨ ચો.મી.જમીન જેની જંત્રી મુજબ રૂ.૨,૪૯,૬૧,૨૦૦ની કિમંતની સરકારી જમીન દબાણ મૂકત કરાવવામાં આવેલ છે તેવું પ્રાંત અધિકારી મુંદરા દ્વારા જણાવવામાં આવ્યું છે.

# કચ્છ કલેક્ટર કચેરી ખાતે મેડીકલ ચેકઅપ કેમ્પનો ૧૦૦ કર્મચારી, અધિકારીએ લાભ લીધો

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભૂજ**

કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેષ ભંડેરીના માર્ગદર્શન હેઠળ જી.કે.જનરલ હોસ્પિટલ, એલર્ટ ઈન્ડિયા એનજીઓ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તેમજ ટોટલ હેલ્થ સોલ્યુશનના સંયુક્ત ઉપક્રમે કચ્છ કલેક્ટર કચેરી ખાતે નિ:શુલ્ક જનરલ મેડીકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ કેમ્પમાં અધિકારીઓ, કર્મચારીઓ અને કચેરીમાં આવેલા અરજદારોના ઊંચાઈ-વજન માપન, બ્લડ પ્રેશર મોનિટરિંગ, રેન્ડમ બ્લડ સુગર ટેસ્ટ, બ્લડ ગ્રૂપ ચેકઅપ, ટીબી ટેસ્ટ, ચેસ્ટ એક્સ-રે વગેરેની તપાસ કરવામાં આવી હતી. આ નિદાન બાદ જરૂરિયાત મુજબની દવાઓ અને માર્ગદર્શન નિષ્ણાંત તબીબો દ્વારા આપવામાં આવ્યું હતું.

આ કેમ્પનો કુલ ૧૦૦થી વધારે અધિકારી અને કર્મચારીઓઓએ લાભ લીધો હતો. આ કેમ્પના આયોજન દરમિયાન જિલ્લા કલેક્ટર આનંદ પટેલની સાથે નિવાસી અધિક કલેક્ટર ડી.પી.ચૌહાણ, પ્રાંત અધિકારી ડો.અનીલ જાદવ, જનસંપર્ક અધિકારી હરેશ વાડા, કલેકટરના ચીટનીશ ચિરાગ નિમાવત વગેરે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મેડિકલ કેમ્પનું સંકલન એમ.આઈ.બાયડ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઉનામાં વિકલાંગ સાળાએ કારથી કચડી બનેવીની ક્રૂરતાપૂર્વક હત્યા નીપજાવી

## કનકાઈ પ્રવાસ દરમિયાન જંગલમાં કચરો ફેંકવાની ના પાડતા ગુસ્સે ભરાયેલ સાળાનું કૃત્ય

**અબતક, ઉના**

ઉના શહેરનાં જી.ઈ.બી. સોસાયટીમાં રહેતાં વિકલાંગ શખ્શ તેનાં કોડીનારનાં વેલણ ગામે રહેતાં બનેવી સાથે ગત ૨૦ એપ્રિલના પરીવારજનો સાથે ગીરનાં જંગલ વિસ્તારમાં આવેલ કનકાઈ માતાજીના મંદીરે દર્શન કરવા ગયો હતો. આ વખતે સાળાને વડીલોએ ના પાડવા છતાંય જંગલમાં કચરો ફેંકતા ઠપકો આપતાં ગુસ્સે ભરાયો હતો. જે બાદ સાળાને બનેવીએ ગાડીમાંથી ઉતારી મુક્યો હતો. જે બાદ સાળો બસ મારફતે ઉના આવી ગયેલ હતો અને મિત્રની ઈકો કાર મેળવી કાર પુરપાટ દોડાવી રોડ સાઈડ પર ચાલીને આવતાં બનેવીને જોરદાર ટક્કર મારી મોતને ઘાટ ઉતારી દીધા હતા. બાદમાં ઘટનાને અકસ્માતમાં ખપાવી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પણ મામલામાં પોલીસે ઝીણવટભરી તપાસ કરતા હત્યાના ભેદ પરથી પડદો ઊંચકાયો હતો જેથી પોલીસે હત્યારા સાળાની ધરપકડ કરી હતી.

સમગ્ર મામલા પર નજર કરવામાં આવે તો ગત તા. ૨૧/૪ નાં રોજ રાત્રીના ૧૧/૨૦ કલાકે ભરતગીરી ઉર્ફે ભારતીગીરી પ્રભાતગીરી ગૌસ્વામી (ઉ.વ. ૫૬ રહે. વેલણ,કોડીનાર)ને કોઈ અજાણ્યા ઈકો ચાલકે અડફેટે લઈ મોત નિપજાવેલ હોવાની ફરીયાદ ઉના પોલીસ સ્ટેશનમાં મૃતકના પુત્ર મીતગીરી ભરતગીરી ઉર્ફે ભારતીગીરી ગૌસ્વામીએ નોંધાવી હતી. બનાવ ઉના જી.ઈ.બી. સોસાયટીનાં શેરીમાં બનેલ હોય પીઆઈ એમ.એન.રાણાએ સ્થળ વિઝિટ કરીને અકસ્માતની ઘટનાનું સત્ય મૃતકનાં પરીવારજનો છુપાવતા હોય તેવી શંકા જતાં પીઆઈ રાણાએ રાત્રિ દરમિયાન બનેલ ગુન્હાની સત્ય હકીકત શોધી કાઢવા ઉના સર્વેલન્સ ટીમને કામે લગાડી હતી. દરમ્યાન સર્વેલન્સસ્કોર્ડના શાંતિલાલ સોલંકી, કોન્સ્ટેબલ અનીલભાઈ જાદવને બાતમી મળેલ કે, મૃતક ભરતગીરીને તેના સાળા રોહીતગીરી ઉર્ફે રીકી બાબુગીરી ગોસ્વામી (રહે.જી.ઈ.બી. સોસાયટી, આનંદવાડી પાસે, વેરાવળ રોડ, ઉના)એ સંયુક્ત પરિવાર સાથે તા.૨૦ એપ્રિલના સાસણ અને ગીરના નેશ વિસ્તારમાં આવેલા કનકાઈ મંદિર સહિતના પ્રવાસે ગયા હતા. તે વખતે જંગલમાં કચરો ફેંકતા વિકલાંગ સાળાને તેનાં બનેવી, બહેનો અને વડીલોએ ના કહેવા છતા તેણે કચરો જંગલમાં ફેકી ગુસ્સે થઈ રીસાઈ ગયેલ અને કાર નીચે ઉતરી ગયેલ હતો. જેથી બપોરનાં સમયે જંગલમાં છોડી પરીવારજનો ફરવા ચાલ્યા જતાં રહ્યાં હતાં બાદમાં મોડી રાત્રે મૃતક મોડીરાત્રી રોહીતગીરી તેના મિત્રની ઈકો કાર જેના નંબર જીજે-૦૩-ઈકે-૨૬૩૯ લઈને આવી સોસાયટીના નાકે રાહ જોઈ રહ્યો હતો. દરમિયાન બનેવી, બહેન અને પરીવારનાં સભ્ય રોડ પર પગપાળા આવતાં હોય પુરઝડપે કાર ચલાવીને ઈરાદાપૂર્વક મારી નાખવા ડ્રાઈવીંગ કરી બનેવી ભરતગીરી રોડની વચ્ચે ઉભા હોય તેને અડફેટે લઈ ગંભીર ઈજાઓ પહોંચાડી હતી જેના લીધે બનેવીનું મોત થઈ ગયું હતું અને હત્યારો નાસી ગયો હતો.

સનસનીખેજ વિગતો બહાર આવતાં તાત્કાલિક ઉના પોલીસે કોર્ટને સમગ્ર અકસ્માત ઘટના નહીં પરંતુ હત્યાનું કાવતરું હોવાનો રીપોર્ટ કરીને નાશી છુટેલા ભરતગીરીને ભાવનગર રોડ પર આવેલ સનખડા આઉટ પોસ્ટ પોલીસ ચોકી પાસે છુપાયો હોવાની બાતમીના આધારે ઈકો કાર સાથે પકડી પાડી ઉના પોલીસ સ્ટેશન લાવી પુછપરછ હાથ ધરી હતી.



## મિત્રની ઈકો કાર મેળવી બનેવીને ઈરાદાપૂર્વક ઠોકરે ચડાવી મોતને ઘાટ ઉતારી દેનાર સાળાની ધરપકડ

# લખતર નજીક ખનન માફીયા પર તંત્રની તવાઈ

## પ્રાંત અધિકારીની ટીમે ડમ્પરો સહિત અંદાજે રૂા.૧.૯૦ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાના લખતર-વિરમગામ હાઈવે પરથી મોટાપાયે ગેરકાયદેસર ખનીજ સંપત્તિ ભરેલ ડમ્પર સહિતના વાહનો પસાર થતાં હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે જેને ધ્યાને લઈ વઢવાણ પ્રાંત અધિકારી સહિતની ટીમ દ્વારા હાઈવે પર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં અલગ-અલગ જગ્યાએથી ગેરકાયદેસર ખનીજ ચોરી કરતા પાંચ ડમ્પરોસહિત કરોડોની કિંમતને મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ લખતર-વિરમગામ હાઈવે પર ગેરકાયદેસર ખનીજ ચોરી તેનું વહન કરતા ડમ્પરો મોટાપાયે પસાર થતા હોવાની ફરિયાદોને ધ્યાને લઈ વઢવાણ પ્રાંત અધિકારી તેમજ મામલતદાર સહિતની ટીમે વાહન ચેકીંગ હાથ ધર્યું હતું જેદરમ્યાન ગેરકાયદેસર અને ઓવરલોડ કાર્બેસેલ ભરેલ એક ડમ્પર તેમજ બ્લેકટ્રેપ ભરેલ ચાર ડમ્પર સહિત કુલ પાંચ ડમ્પર મળી કુલ રૂા.૧.૯૦ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો અને ડમ્પર ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી જ્યારે તંત્રની કાર્યવાહીના પગલે ભુમાફીયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

### વઢવાણ પ્રાંત અધિકારીની રેકી કરતા ત્રણ શખ્સો ઝડપાયા

### વોટ્સઅપ ગ્રુપ મારફતે લોકેશન સહિતની માહિતી ભુમાફીયાઓને પહોંચાડતા હોવાનું સામે આવ્યું



વઢવાણ પ્રાંત અધિકારી સહિતની ટીમ ગેરકાયદે ખનીજચોરી અંગે ચેકીંગ દરમ્યાન પ્રાંત અધિકારીની સરકારી વાહનની રેકી કરતા અને અધિકારીનું લોકેશન સહિત રેડ બાબતની વિગતોની માહિતી વોટસઅપ ગ્રુપ બનાવી ભુમાફીયાઓ સુધી વોઈસ મેસેજ દ્વારા મોકલનાર લાલાભાઈ નારાયણભાઈ મુંધવા, જીગ્નેશભાઈ મધાભાઈ બોરીયા, દર્શનભાઈ વાલાભાઈ ધરાગીયાને ત્રણ મોબાઈલ, ત્રણ બાઈક સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા અને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. જ્યારે ઝડપાયેલ ત્રણેય શખ્સોના મોબાઈલ ચેક કરતા ભુમાફીયાઓ સુધી માહિતી પહોંચાડતા હોવાનું સામે આવ્યું હતું.

# અમરેલી-સાવરકુંડલા નેશનલ હાઈવે પર વાહન અડફેટે સિંહબાળનું મોત

## રોડની બંને તરફ ફેન્સિંગ કરી આપવા સિંહ પ્રેમીઓની માંગ: અકસ્માત કરનારા વાહન ચાલકની શોધખોળ માટે તપાસનો ધમધમાટ

**અબતક**
**પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી સાવરકુંડલા રોડ ઉપર દેવળિયાના પાટિયા પાસે અજાણ્યા વાહન સાથે આશરે ત્રણેક વર્ષના સિંહબાળનું અકસ્માતમાં મોત થયું હતું, આમતો અમરેલી તાલુકાના ખારાપાટ વિસ્તારોમાં ઘણાબધા સિંહો વસવાટ કરી રહ્યા છે અવાર નવાર શિકારની શોધમાં ગામમાં પણ ઘૂસી જવાના બનાવો બનતા રહે છે, વાહન અને ટ્રેન હડફેટે આવી જવાથી ઘણા બધા સિંહો મોતને ભેટી ચૂક્યા છે ત્યારે આજે અમરેલી સાવરકુંડલા નેશનલ હાઈવે ઉપર એક સિંહબાળ અજાણ્યા વાહનની હડફેટે આવી જતા મોત નિપજ્યા ની ઘટના બનતા સિંહ પ્રેમીઓમાં નારાજગી જોવા મળી છે આ વિસ્તારમાં શેત્રુંજી સિવાય અન્ય સ્થાનિક નદીઓમાં પાણી હોવાના કારણે સિંહો અહીં અવર જવર કરતા રહે છે અને આસપાસના જંગલ વિસ્તારમાં પોતાનું રહેઠાણ પણ બનાવી ચૂક્યા છે જેના જેના કારણે રોડ ઉપર આવી જતા વાહનોની ઝપટમાં આવી જતા હોય છે અને ઈજાગ્રસ્ત થાય છે અથવાતો મોતને ભેટે છે , વન વિભાગ પણ આ બાબતે સતત સતર્કતાથી સિંહોના રક્ષણ માટે કાર્યશીલ છે છતાં પણ આવા અકસ્માતો થતા રહે છે આજે વહેલી સવારે રસ્તો ક્રોસ કરતા આશરે ત્રણેક વર્ષનું સિંહબાળ અજાણ્યા વાહન ના હડફેટે આવી જતા મોત નીપજ્યું છે, ઘટનાની જાણ થતાં લીલીયા વન વિભાગ ઘટના સ્થળે દોડી આવી સિંહના મૃતદેહનો કબજો લઈ પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો અને અકસ્માત સર્જનાર અજાણ્યા વાહનની શોધખોળ માટે તપાસ હાથ ધરવામાં આવી છે , ત્યારે આ વિસ્તારમાં રોડની બંને સાઈડ તાર ફેન્સિંગ કરી દેવામાં આવે જેથી આગામી દિવસોમાં આવી કોઈ ઘટના ના બને તેવી સિંહપ્રેમીઓ એ માંગ કરી છે.

# ગોંડલ: ચેક રિટર્ન કેસમાં મહિલાને બે વર્ષની જેલ

## પરમીટ વીઝા પેટે આપેલી રકમ પરત કરવા આપેલો ચેક પરત ફર્યો

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ફોરેન વર્ક પરમીટ વિઝા કરાવી આપવા એજન્ટ એ યુવાન પાસેથી રકમ મેળવી પરમિટ ન અપાવી પરત રકમ નો ચેક આપ્યો હતો તે ચેક વણ ચુકવ્યો પરત ફરતા અદાલતે આરોપીને ચેકની બમણી રકમનો દંડ તથા બે વર્ષ ની સજા ફટકારતો હુકમ કર્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ રહેતા આનંદભાઈ મનસુખભાઈ ખુંટ શ્યામ પેકવેલ ના નામથી મમરાનુ વેચાણ કરવાનો ધંધો કરતા હોય તેમને કેનેડા મુકામે સેટલ થવાનુ હોવાથી વર્ક પરમીટ વિઝા ની જરૂરીયાત હોવાથી ગાંધીનગર વિઝા એજન્ટ તરીકે કામ કરતા પ્રિયંકાબેન લાલજીભાઈ ચૌધરી નો સંપર્ક કર્યો હતો.વિઝા એજન્ટ એ ફરીયાદીના વર્ક પરમીટના વિઝા કરાવી આપશે તેમ જણાવી ફરીયાદી પાસેથી એડવાન્સમા રકમ મેળવી લીધેલ પરંતુ ફરીયાદીના વર્ક પરમીટના વિઝા કરાવી આપેલ નહી જેથી તે રકમ ફરીયાદીએ વિઝા એજન્ટ પાસેથી પરત માંગતા તે રકમ પરત ચુકવવા વિઝા એજન્ટ પ્રિયંકાબેન એ તેના ખાતાનો ચેક ફરીયાદી આનંદભાઈ ના નામજોગનો આપતા ચેક ફરીયાદી દ્વારા બેંકમા ભરવામા આવતા વણચુકવ્યો પરત ફર્યો હોવાથી સમયમર્યાદામા ફરીયાદીએ તેના વકીલ નિરંજય એસ. ભંડેરી મારફત આરોપી વિઝા એજન્ટ પ્રિયંકાબેન લાલજીભાઈ ચૌધરી ને કાનુની નોટિસ પાઠવી દિવસ-૧૫ મા રકમ ચુકવી આપવા તાકીદ કરેલી જે નોટિસ પિરીયડ દરમ્યાન કોઈ રકમ ચુકવવામા નહી આવતા છેવટે ફરીયાદીએ તેની લેણી નીકળતી રકમ વસુલ મળવા વટાઉખત અધિનીયમ- ૧૮૮૧ ની કલમ-૧૩૮ હેઠળ આરોપી વિઝા એજન્ટ પ્રિયંકાબેન લાલજીભાઈ ચૌધરી વિરૂધ્ધ ગોંડલ કોર્ટમા ફરીયાદ દાખલ કરતા આરોપી વિરૂધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.ત્યારબાદ કેસ ચાલી જતા ફરીયાદી તરફે તેના વકીલ નિરંજય એસ. ભંડેરી દ્વારા કાયદા અને હકીકતના મુદાઓ ઉપર વિસ્તૃત રજુઆતો કરી ચેક રીટર્નના કેસોનુ દિન-પ્રતિદીન પ્રમાણ વધતુ રહેતુ હોય જેથી સખતમા સખત સજા તથા કાયદાની જોગવાઈ મુજબ ચેકની બમણી રકમનો દંડ અને તે રકમ ફરીયાદીને વળતર પેટે ચુકવવા અરજ ગુજારતા ગોંડલના મહે. એડી. ચીફ જયુડી. મેજી. આર્ય રામકુમારે આરોપી વિઝા એજન્ટ પ્રિયંકાબેન લાલજીભાઈ ચૌધરી ને બે વર્ષની જેલની સજા તથા ચેકની રકમ કરતા બમણી ગણી રકમ નો દંડ અને તે રકમ વળતર પેટે ફરીયાદીને ચુકવી આપવા હુકમ ફરમાવેલ છે.

# જસદણ-વિંછીયા પોલીસે રૂ.૪૪ લાખનો દારૂ નાશ કર્યો

## ૧૧ ગુનામાં ઝડપી પાડેલી ૧૭૬૬૧ બોટલ દારૂ પર રોડ રોલર ફેરવ્યું

**અબતક, હિતેશ ગોસાઈ,જસદણ**



જસદણ અને વિંછીયા પોલીસ સ્ટેશનની ટીમે દારૂબંધી કાયદાને સખત રીતે અમલમાં મૂકવાના પ્રયાસોમાં મોટી સફળતા હાંસલ કરી હતી. ૧૧ પ્રોહિબિશન ગુન્હાઓમાં જપ્ત કરાયેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૭,૬૬૧ બોટલો, જેની કિંમત રૂ. ૪૪,૧૪,૫૬૩ હતી તેનો જસદણના વીંછીયા રોડ પર આવેલ જુના પોલીસ સ્ટેશનની ખુલ્લી જગ્યામાં નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરી ગેરકાયદેસર દારૂના વેચાણ સામે લડવાની પોલીસની પ્રતિબદ્ધતાનું ઉજ્જ્વળ ઉદાહરણ હતું. જસદણ સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ આર.આર.ખાંભરાના નેતૃત્વમાં હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં જસદણ પોલીસ ઈન્સ્પેક્ટર ટી.બી.જાની, વિંછીયા પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી.રાવ, નશાબંધી અને આબકારી વિભાગના અધિકારી પી.બી.હિંગરાજીયા, પ્રાંત કચેરીનો સ્ટાફ તથા બંને પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સફળ કામગીરીએ સ્થાનિક સમુદાયમાં ગુજરાતના દારૂબંધી કાયદા પ્રત્યે વિશ્વાસ જગાડ્યો હતો. આ પગલું ગેરકાયદેસર દારૂના વેપારને નાથવા અને સમાજમાં સકારાત્મક વાતાવરણ ઊભું કરવાની દિશામાં મહત્વનું યોગદાન આપશે. જસદણ અને વિંછીયા પોલીસની આ પ્રશંસનીય કામગીરી અન્ય વિસ્તારો માટે પણ પ્રેરણાદાયી બની રહેશે.

# ધ્રાંગધ્રા: છોટા હાથીમાં આગ ભભૂકી

## ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લીધી

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



હાલ ઉનાળાની ઋતુ શરૂ થતા સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાગધ્રા માલવણ હાઈવે ચાલુ ટ્રકમાં આગ લાગવાના બનાવો અનેક બની રહ્યા છે જેમાં ધાંગધ્રાના સરવૈયા હનુમાન નજીક વાડી વિસ્તારમાં છોટા હાથી ગાડીમાં અગમ્યો કારણસર અચાનક આગ લાગી હતી ત્યારે આગ લાગવાની ઘટનાને લઈને વાડી વિસ્તારના લોકો દ્વારા ધ્રાંગધ્રા નગરપાલિકા પ્રમુખ કુલદીપ સિંહ ઝાલા ચીફ ઓફિસર મંટીલ પટેલ ને જાણ કરાતા તાત્કાલિક નગરપાલિકા ફાયર બ્રિગેડની ટીમને જાણ કરી ફાયર ટીમ દ્વારા તુરંત ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવી લીધો હતો ત્યારે આ તરફ વાડી વિસ્તારમાં છોટા હાથી ગાડીમાં આગ લાગવાના બનાવથી વિસ્તારના વાડીના લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો જેમાં નગરપાલિકા ફાયર બ્રિગેડ ટીમ તત્કાલીક ઘટનાસ્થળે પહોંચતા સદનસીબે મોતી દુર્ઘટના થતાં તડી હતી અને ગાડી અને ચાલકનો આબાદ બચાવ થયો હતો ત્યારે વાડી વિસ્તારના લોકો દ્વારા ધાંગધ્રા નગરપાલિકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલા નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો કે તત્કાલીક ફાયર બ્રિગેડ ની ગાડી ને ઘટના સ્થળે મોકલતા મોટી જાનાની થતા ટળી હતી.

# થાનના વિજળીયા ગામે ખાનગી માલીકીની જમીનમાંથી ગેરકાયદે માટીનું ખનન ઝડપાયું

### બે ડમ્પર, બે હિટાચી, ૭-મોબાઈલ, પંપ સહિત કુલ રૂા.૨.૫૦ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો: ચોટીલા પ્રાંત અધિકારીના દરોડાથી ફફડાટ

**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**



સુરેન્દ્રનગર જિલ્લાના થાન સહિતના તાલુકાઓમાં મોટાપાયે ભુમાફીયાઓ દ્વારા ખનીજચોરી થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છેજેને ધ્યાને લઈ છેલ્લા ઘણા સમયથી ચોટીલા પ્રાંત અધિકારી સહિતની ટીમદ્વારા થાન અને મુળી તાલુકાના અલગ-અલગ ગામોમાં રેઈડ કરવામાં આવી રહી છે ત્યારે થાન તાલુકાના વિજળીયા ગામની સીમમાં ખાનગી માલીકીની જમીનમાં ગેરકાયદેસર સફેદ માટીનું ખનન કરતા વાહનો સહિત કરોડો રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ થાન તાલુકામાં ભુમાફીયાઓદ્વારા ગેરકાયદેસર ખનીજ ચોરી થતી હોવાની બાતમીના આધારે ચોટીલા પ્રાંત અધિકારી એચ.ટી. મકવાણા સહિતની ટીમે થાનના વિજળીયા ગામની સીમમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધર્યું હતું જેમાં રાજુભાઈ વિરજીભાઈ કુમરખાણીયા દ્વારા ગેરકાયદેસર સફેદ માટીનું ખનન થતું હોવાનું ઝડપી પાડ્યું હતું અને સ્થળ પરથી બે ડમ્પર, બે હિટાચી મશીન, બે હિટાચી લઈ જવાના પાટલા, ૭-મોબાઈલ, લાઈટ-પંખો, પીવીસી પાઈપ, સબમર્શીબલ પંપ સહિત કુલ રૂા.૨.૫૦ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને ગેરકાયદેસર સફેદ માટીનું ખનન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ચોટીલા પ્રાંત અધિકારીની રેઈડથી ભુમાફીયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છ

# ધ્રાંગધ્રામાં વોન્ટેડ બુટલેગર બિસ્મિલા ખાન ઉર્ફે બીસુ મલેક ઝડપાયો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક ગીરીશ પંડ્યાએ જિલ્લામાં વિવિધ પ્રકાર ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સૂચના અપાઈ હતી જેને લઈને પેરોલ ફ્લો દ્વારા ટીમ બનાવીને અલગઅલગ ગુનામાં ફરાર આરોપીઓને પકડવા ઝૂંબેશ હાથ ધરાઈ હતી ત્યારે હેડ કોસ્ટેબલ દશરથભાઈ ધાંધાર દ્વારા ટેકનિકલ અને હ્યુમન સોર્સના ઉપયોગથી ધ્રાંગધ્રા પોલીસ સ્ટેશન ના ગુનામાં પ્રોહિબિશનના છેલ્લા પાચ મહિનાથી નાસ્તા ફરતા આરોપીને પેરોલ ફ્લો ટીમે દિલ્હી દરવાજા પાસેથી આરોપી બિસ્મિલા ખાન ઉર્ફે બીસુ દિલાવર ખાન મલેક રહે પીપળી વાળાને પકડી પાડ્યો હતો. આરોપીની પૂછપરછ કરતા તે અગાઉ પાચ મહિના પહેલાના ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં સામેલ હોવાનું ખૂલ્યું હતુ પેરોલ ફ્લો દ્વારા આરોપીની ધરપકડ કરી ધાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન ખાતે લાવીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



# ધ્રાંગધ્રા : હડકાયા ભૂંડે બાળકને બટકા ભર્યા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

ધાંગધ્રા ના કુભારપરા વિસ્તારમાં ભૂંડ હડકાયું થતા બાળકને હાથી અને પગે ગંભીર ઈજાઓ પહોંચાડતા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો અને પાલિકાને સામાજિક કાર્યકરો દ્વારા જાણ કરાતા તત્કાલીક ભૂંડને પકડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી..

ધાંગધ્રા શહેરી વિસ્તારમાં કુંભાર પરા પાસે એક ભૂંડ હડકાયુ થયું હતું અને એક બાળકને ગંભીર રીતે હાથમાં ને પગમાં ગંભીર ઈજા પહોંચાડી હતી ત્યારે લોકો દ્વારા ભૂંડને ભગાડીને બાળક નો જીવ બચાવ્યો હતો ત્યારે વિસ્તાર ના લોકો આમ આદમી પાર્ટીના કાર્યકર દ્વારા નગરપાલિકામાં રજૂઆત કરી હતી પરંતુ પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા જાગૃત નાગરિક દ્વારા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરાતા તંત્ર હરકતમાં આવી તાત્કાલિક ભૂંડ ને પકડવામાં આવ્યું હતું ત્યારે વિસ્તારના લોકો દ્વારા રાહતનો શ્વાસ લીધો હતો.

# વિંછીયાના સનાળી ગામે આગ ભભૂકી

**અબતક**
**કાળુ રાઠોડ, જસદણ**

ગતરોજ રાજકોટ જિલ્લાના વીંછીયા તાલુકાના સનાળી ગામે સ્મશાનની સામે બાવળ તથા ઘાસના જથ્થા ઉપરથી પસાર થતી વીજ લાઈનમાંથી તણખો ઝરતા આગ લાગી હતી. ત્યાંથી પસાર થતાં કોઈ રાહગીરે સરપંચને જાણ કરી અને સરપંચે કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી. જસદણ નગરપાલિકાના ફાયર ફાઈટરને તુરંત જ સનાળી ગામે પહોંચવા સૂચના આપવામાં આવી હતી. પોલીસ તથા ફાયર ફાઈટરની ટીમે તુરંત જ ઘટના સ્થળે પહોંચીને



## વહીવટી તંત્ર દ્વારા અંતે મોકડ્રીલ જાહેર

આગને કાબુમાં લીધી હતી. જેમાં કોઈ પણ પ્રકારની જાનહાની કે અન્ય કોઈ આર્થિક નુકસાન થયેલ નથી. અંતે વહીવટી તંત્ર દ્વારા સમગ્ર ઘટનાને મોકડ્રીલ જાહેર કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા વહીવટી તંત્ર, પોલીસ અને ફાયર વિભાગનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# વાંકાનેર કોઠી આરોગ્ય કેન્દ્રમાં કેન્સર સ્ક્રીનીંગ કેમ્પમાં ૧૪૨ દર્દીઓનું નિદાન

## જીસીઆરઆઈ અમદાવાદ અને સૌરાષ્ટ્ર કેન્સર કેરના સહયોગથી યોજાયેલા કેમ્પમાં ઓરલ કેન્સર બ્રેસ્ટ કેન્સર સહિત નમૂના લેવાયા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના કોઠી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કેન્સરનાં નિદાન અને જાગૃતિ માટે વિશેષ સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું આયોજન જીલ્લા વિકાસ અધિકારી મોરબી તથા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ, તાલુકા હેલ્થ કચેરી વાંકાનેર, જીસીઆરઆઈ અમદાવાદ અને સૌરાષ્ટ્ર કેન્સર કેર રાજકોટના સહયોગથી કરવામાં આવ્યું હતું. કેમ્પનું ઉદઘાટન જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતી સરોજબેન વાઘજીભાઈ, સભ્ય નવઘણભાઈ મેઘાણી અને



અશ્વિનભાઈ મેઘાણીના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. તેમણે લોકોમાં કેન્સર અંગે જાગૃતિ ફેલાવવાનો આગ્રહ વ્યક્ત કર્યો અને કેમ્પનો લાભ લેવા માટે અપીલ કરી હતી.

કેમ્પ દરમિયાન ઓરલ કેન્સર માટે ૪૨, બ્રેસ્ટ કેન્સર માટે ૪૦, સર્વાઈકલ કેન્સર માટે ૧૯ અને અન્ય વિવિધ કારણોસર ૪૧ દર્દીઓનું નિદાન કરવામાં આવ્યું હતું. સ્ક્રીનીંગ પરિણામે કુલ ૯ દર્દીઓને વધુ સારવાર માટે રિફર કરાયા અને સર્વાઈકલ કેન્સર સંદર્ભે નમૂનાઓ પણ લેવામાં આવ્યા હતા. આ સફળ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના અધિક જીલ્લા આરોગ્ય અધિકારી ડો. સંજ શાહ, જીલ્લા આઈઈસી અધિકારી સંઘાણીભાઈ, એનસીડી ડીપીસી ડો. ગૌરવ બારોટ, ટીએચઓ વાંકાનેર ડો. શેરશીયા, મેડિકલ ઓફિસર ડો. સાહિસ્તા કડીવાર, સુપરવાઈઝર માથકીયાભાઈ અને કોઠી આરોગ્ય કેન્દ્રના તમામ કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# મોરબીની ફ્લોરા પામ્સ બિલ્ડિંગમાં આગ ભભુકી: સદનસીબે જાનહાની ટળી

## મ્યુ. કમિશનર સ્વપ્નિલ ખરે અને ડે. કમિ. કુલદિપસિંહ વાળા સહિત અધિકારીની અધ્યક્ષતામાં સમગ્ર ઘટનાને મોકડ્રીલ જાહેર કરાઈ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકા અગ્નિશમન શાખા દ્વારા ફ્લોરા પામ્સ રેસીડેન્ટ બિલ્ડીંગ ખાતે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આગ લાગવાની ઘટનાને આધારે ફાયર, પોલીસ અને અન્ય સંસ્થાઓ દ્વારા તાત્કાલિક પ્રતિક્રિયા આપવામાં આવી હતી. સાથે સાથે સ્થાનિકોને અગ્નિસુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના રહેવાસીઓને આગ જેવી આપત્તિ સમયે કેવી રીતે સજાગ રહેવું અને ફાયર સેફ્ટી સિસ્ટમનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે જાગૃતિ ફેલાવવા માટે તા.૨૨ એપ્રિલના રોજ રાત્રે ફ્લોરા પામ્સ રેસિડેન્ટ બિલ્ડીંગ, ડી માર્ટની બાજુમાં, મોરબી ખાતે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

આગ લાગવાની જાણ થતા ૧૦ મિનીટની અંદર જીએસપીસી, ફાયર, પોલીસની ટીમ ઘટના સ્થળ પર હાજર થયા બાદ આ ઘટનાને મોકડ્રીલ જાહેર કરવામાં આવી હતી. મોકડ્રીલમાં મ્યુનીસીપલ કમિશનર સ્વપ્નીલ ખરે અને ડેપ્યુટી કમિશનર કુલદીપસિંહ વાળા સહીતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સ્થાનિકોને આગ લાગે ત્યારે શું પગલા લેવા અને આગ ન લાગે તે માટે કેવી તકેદારી રાખવી તેમજ રેસીડેન્ટ બિલ્ડીંગમાં લાગેલ ફાયર સીસ્ટમનો કઈ રીતે અસરકારક તરીકે ઉપયોગ કરવો તે અંગેનું માર્ગદર્શન રાત્રી સંવાદ કાર્યક્રમ થકી આપવામાં આવ્યું હતું.

# ટંકારા: મંદિરમાં ચોરીના ગુનામાં ૧૩ વર્ષથી વોન્ટેડ મધ્યપ્રદેશથી ઝડપાયો



**અબતક, ઋષીમહેતા, મોરબી**

ટંકારા પોલીસ મથકમાં નોંધાયેલ મંદીરમાં ચોરીના ગુન્હામાં છેલ્લા ૧૩ વર્ષથી નાસતા ફરતા આરોપીને ક્રાઈમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્કવોડ ટીમ દ્વારા મધ્યપ્રદેશ રાજ્યના અલીરાજપુર જીલ્લા ખાતેથી પકડી લઈ હસ્તગત કરવામાં આવ્યો હતો,

ટંકારા પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૨ માં નોંધાયેલ મંદિરમાં ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી કમલેશ બુચા ડામોર (એમ.પી) વાળો હાલે મધ્યપ્રદેશ ખાતે તેના રહેણાંક મકાને હોવાની ચોકકસ અને ભરોસાપાત્ર હકીકત મળતા તુરંત જ એક ટીમ બનાવી મધ્યપ્રદેશ ખાતે મોકલવામાં આવી મળેલ હકીકત મુજબની જગ્યાએ તપાસ કરતા આરોપી કમલેશ બુચા ડામોર ઉવ.૩૩ રહે.સીયાલી બંગલા ફળીયા તા.જોબટ જી.અલીરાજપુર (એમ.પી) વાળો સીયાલી ગામ બંગલા ફળીયા ચોકડી ખાતેથી મળી આવ્યો હતો, જેથી આરોપીને પકડી પાડી હસ્તગત કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે ટંકારા પોલીસ સ્ટેશન ખાતે સોપી આપેલ છે.

# મોરબી: આમરણ ગામે જુગાર રમતા ચાર પકડાયા



**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી તાલુકાના આમરણ ગામે જાહેરમાં જુગાર રમતા ચાર ઈસમોને ગંજીપતાના પાના તથા રોકડા રૂપીયા- ૧૨૩૧૦/- ના મુદામાલ સાથે મોરબી ક્રાઈમ બ્રાંચ દ્વારા પકડી લઈ તમામ વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આમરણ ગામમાં આવેલ દાવલશા-વાસની પાછળ બાવળની કાંટમાં વોકળાના કાંઠે અમુક ઈસમો ગંજીપતાના પાના અને પૈસા વતી પૈસાની હારજીતનો તીન પતીનો જુગાર રમે છે, જેથી હકીકત વાળી જગ્યાએ જઈ રેઈડ કરતા જુગારની મજા માણી રહેલા ઈમતીયાજભાઈ જુનેશભાઈ તૈલી રહે.આમરણ ગામ, વલમજીભાઈ ભગવાનજીભાઈ અંબાણી રહે.નવા આમરણ ડાયમંડ નગર, બાબુલાલ વાઘજીભાઈ શેરશીયા રહે.નવા આમરણ ડાયમંડ નગર તથા રમેશકુમાર કેશવદાસ ચૌહાણ રહે. રહે.નવા આમરણ ડાયમંડ નગર વાળાને રોકડા રૂ. ૧૨,૩૧૦/- સાથે પકડી પાડી, આરોપીઓ સામે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે જુગારધારા મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મોરબીમાં હોટેલ, મોલ અને રહેણાંક વિસ્તારોમાં ફાયર સેફ્ટીની તાલીમ અપાઈ

## મનપા દ્વારા ફાયરવિક દરમિયાન ૧૭૨ જેટલા લોકોને તાલીમ આપી ઠેર ઠેર સર્ટિફિકેટની ચકાસણી કરવામાં આવી

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખા દ્વારા 'ફાયર સેફ્ટી વિક' અંતર્ગત શહેરમાં વિવિધ પ્રકારની ફાયર પ્રિવેન્શન અને જાગૃતિ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. શહેરની ૦૪ હોસ્પિટલોમાં ૩૪ હેલ્થકેર સ્ટાફને, ૦૪ હોટેલના ૪૮ સ્ટાફને, ૦૪ કમર્શિયલ મોલના કર્મચારીઓને અને ૦૩ રહેણાંક બિલ્ડીંગના ૯૦ રહેવાસીઓને ફાયર સલામતી માટે વિશેષ તાલીમ આપવામાં આવી હતી.

ફાયર પ્રિવેન્શન અભિયાનના ભાગરૂપે શહેરની શાળાઓના ફાયર સેફ્ટી સર્ટિફિકેટની ચકાસણી કરવામાં આવી અને જ્યાં જરૂરી હતું ત્યાં નોટિસ ફટકારવામાં આવી હતી. સાથે જ અગ્નિ સુરક્ષા બાબતે સૂચનો તથા માર્ગદર્શિકા પણ આપવામાં આવી હતી. આ સમયગાળામાં મોરબી જીલ્લામાં કુલ ૬ આગની ઘટનાઓ નોંધાઈ હતી જેમાં ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે તરત પહોંચીને આગ પર કાબુ મેળવ્યો હતો. રાત્રિ સંવાદ કાર્યક્રમ દ્વારા નાગરિકોને ફાયર સેફ્ટીના વિવિધ પાસાઓ અંગે સમજ આપવામાં આવી અને ફાયર બ્રિગેડની કામગીરી વિશે માહિતી આપવામાં આવી.

આ સમગ્ર અભિયાનનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં આગ અંગે જાગૃતિ ફેલાવવી, ઈમરજન્સી સમયે તાત્કાલિક પ્રતિસાદ આપવો અને ફાયર સાધનોનો યોગ્ય ઉપયોગ અંગે તાલીમ આપવકનો છે. શીખવાડવાનો છે. શહેરવાસીઓને કોઈપણ આગના બનાવ કે ઈમરજન્સી દરમિયાન મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ ૦૨૮૨૨-૨૩૦૦૫૦ અથવા ૧૦૧ પર સંપર્ક કરવા અનુરોધ કર્યો છે.

# મોરબી:બચુબાપાની અન્નપૂર્ણા હોટલમાં ગુંડાઓ દ્વારા તોડફોડ

## ગરીબોને ભોજન આપતા બચુબાપાને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના રેલ્વે સ્ટેશન રોડ ખાતે આવેલી બચુબાપાની અન્નપૂર્ણા હોટલની જગ્યાએ બે આવરાતત્વોએ ઘૂસી જઈને બટાકા-મરચાં ફેંકી દઈ નુકસાન કરી, બચુબાપાને અપશબ્દો આપી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, ત્યારે સમગ્ર બનાવ મામલે બચુબાપાની ફરિયાદને આધારે પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ બન્ને આરોપીઓની સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા અટક કરી લીધાનું જાણવા મળ્યું છે.

મોરબી શહેરના રેલ્વે સ્ટેશન રોડ પર આવેલ વર્ષોથી અન્નપૂર્ણા હોટલ ચલાવતા ૮૧ વર્ષના બચુભાઈ ઉર્ફે બચુબાપા ગામી જે ગરીબોને ભોજન કરાવવાનું સેવા કાર્ય કરે છે, ત્યારે તેમની આ હોટલની જગ્યાએ બે આવારા-લુખ્ખા તત્વો મુસ્તાક ફતેમહમદ કટીયા રહે. મોરબી રણછોડનગર તથા એઝાઝ મુસ્લિમ રહે. મોરબી લાયન્સનગર વાળા એમ બન્નેએ આવી તેમની હોટલમાં તોડફોડ કરી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો હતો.

જેમાં હોટલમાં કામ કરતા નસીમબેન અને બચુબાપા પાણી ભરી રહ્યા હતા ત્યારે, પાસે આવેલી ચાની હોટલ પાસે મુસ્તાક ફતેમહમદ કટિયા અને એઝાઝ ઉભા હતા. ત્યાં નસીમબેન સાથે બોલાચાલી કરતા હતા. જે બાદ બંને ગુંડાતત્વો હોટલની જગ્યાએ આવી નસીમબેનને કહેતા હતા કે રૂપિયા આપવા પડશે અને બચુબાપાને પતાવી દેવાના છે, એમ કહી હોટલમાં રાખેલ મરચા-બટેકા ફેંકી દઈ નુકસાની કરી ધમકી આપતા હોય ત્યારે બચુબાપા ત્યાં આવી જતા, તેમને બન્ને ઈસમોને પોલીસને ફરિયાદ કરવાની વાત કરતા, બન્ને ઈસમો એકદમ ઉશ્કેરાઈ બચુબાપાને ગાળો આપી છરી બતાવી ધમકી આપી કે પોલીસ ફરિયાદ કરી તો જાનથી મારી નાખીશ. જે બાદ તુરંત બચુબાપાએ પોલીસ ફરિયાદ કરતા, પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી કાલીકા પ્લોટમાં મકાનમાંથી દારૂની ૯૬ બોટલ ઝડપાઇ

## ૫૬,૮૯૨નો મુદામાલ પકડી પાડતી લોકલ ક્રાઈમ બ્રાંચ: બૂટલેગરની શોધખોળ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના કાલિકા પ્લોટ વિસ્તારમાં સાયન્ટિફિક મેઈન રોડ ખાતે આવેલ બંધ ખંઢેર મકાનમાં અજાણ્યા ઈસમ દ્વારા વિદેશી દારૂનો જથ્થો છુપાવીને રાખ્યો હોવાની પૂર્વ બાતમીને આધારે ક્રાઈમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા દરોડો પાડતા, સ્થળ ઉપરથી વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની કુલ ૯૬ નંગ બોટલ મળી આવી હતી, મોરબી એલ.સી.બી./ પેરોલ ફર્લો સ્કવોડ ટીમ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એલ.સી.બી.ના શકિતસિંહ ઝાલા, ભાવેશકુમાર મિયાત્રા તથા ભગીરથસિંહ ઝાલાને સયુંકતમાં ખાનગીરાહે હકિકત મળેલ કે, કાલીકા પલોટમાં સાયન્ટીફીક મેઈન રોડ ઉપર આઝાદ ચોકમાં એક બંધ મકાનમાં કોઈ અજાણ્યા ઈસમે વિદેશી દારૂનો જથ્થો વેચાણ કરવા રાખેલ છે તેવી ચોકકસ અને ભરોસાપાત્ર હકીકત મળેલ હોય જે હકીકત આધારે રેઈડ કરતા, બંધ મકાનમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૭૫૦મીલી.ની ૯૬ બોટલ કિ.રૂ.૫૬,૮૯૨/- મળી આવી હતી. આથી પોલીસે આરોપી અજાણ્યા ઈસમ વિરુધ્ધ પ્રોહીબીશન ધારા તળે ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# એબીવીપી દ્વારા આતંકવાદ સામે ઉગ્ર વિરોધ સાથે રેલી

## જમ્મુ-કાશ્મીર હુમલાના સદ્દગતોને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ

**અબતક,ઋષી મહેતા, મોરબી**

મોરબી ખાતે એબીવીપી દ્વારા જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલાની ભારે નિંદા સાથે પાકિસ્તાન અને આતંકવાદ વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચારો સાથે વિરોધ પ્રદર્શન કરાયું હતું. આ સાથે હુમલામાં જીવ ગુમાવનાર સદ્દગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

મોરબી શહેરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) દ્વારા જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા નિર્દોષ લોકો પરના આતંકી હુમલાની વિરોધમાં જનપ્રદર્શન યોજાયું હતું.

એબીવીપીના કાર્યકરો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જાહેર માર્ગો પર એકત્રિત થયા હતા અને ''આતંકવાદ મુર્દાબાદ'', ''પાકિસ્તાન મુર્દાબાદ'', ''દેશના ગદ્દારોને ગોળી મારો'' જેવા ઉગ્ર સૂત્રોચારો સાથે આતંકવાદ વિરુદ્ધ પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. આ આતંકી હુમલામાં જીવ ગુમાવનાર નિર્દોષ લોકોને મોરબી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# મોરબીના ઘુટુ ગામે આધેડનું મચ્છુ નદીમાં ડૂબી જતા મોત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી તાલુકાના ઘુટુ ગામે રહેતા હસમુખભાઈ રાઘવજીભાઈ પરેચા ઉવ.૪૫ નું મચ્છુ નદીના પાણીમાં ડૂબી જતાં મોત નીપજ્યું હતું. જેમાં ગઈકાલ તા.૨૩/૦૪ ના રોજ તાલુકાના ધરમપુર ગામની સીમમાં હસમુખભાઈ પરેચાનો મૃતદેહ નદીના પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો, હાલ તાલુકા પોલીસે મૃત્યુના બનાવ અંગે અ. મોતની નોંધ કરી, આગળની ઊંડાણપૂર્વકની તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબીના આમરણ ગામે નજીવી બાબતે યુવાન પર હુમલો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી તાલુકાના આમરણ ગામે રહેતા ફ્રૂટની લારીના વેપારી ઉપર નજીવી બાબતે હુમલો થયો હતો, જેમાં રમજાન મહિનામાં ગરીબો માટેની કરીયાણાની કીટ બાબતે કરવામાં આવેલ ટિપ્પણીનો ખાર રાખી વિપરી યુવકને ગાળો આપી લાકડાના ધોકા વડે અને ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો, મોરબી તાલુકાના આમરણ ગામે દાવલશા વાસમાં રહેતા ઈકબાલ બાવામિયા બુખારી ઉવ.૩૦ એ મોરબી સરકારી હોસ્પિટલના બિછાનેથી તાલુકા પોલીસ સમક્ષ આરોપી જાકીરમીયા રજાકમીયા બુખારી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જે અનુસાર આરોપીના ભાઈ સરફરાજમીયાને રમજાન મહીનામાં ગરીબોને વેચવા માટેની કરીયાણાની કીટ આવેલ હોય તે બાબતે ફરીયાદી આરોપીના ભાઈની હલકાઈ કરતા હોય તે બાબતનો ખાર રાખી ગઈ તા.૨૨/૦૪ના રોજ રાત્રીના ફરિયાદી આમરણ ગામના બસ સ્ટેન્ડથી ધૂળકોટ જવાના રસ્તે ગોલાની લારીએ ગોલો ખાઈ રહ્યા હોય, ત્યારે આરોપીએ ફરીયાદીને ગાળો આપી ગાલ ઉપર લાફા મારી લાકડાના બડીકાથી માર માર્યો હતો, ત્યારે આ દરમિયાન આજુબાજુ લોકો ભેગા થઈ જતા, ફરિયાદીને વધુ મારથી છોડાવેલ, ત્યારે ફરિયાદીને થયેલ મૂંઢ ઈજાઓ સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા, હાલ પોલીસે ઉપરોકત આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# માળિયા(મી): દહીસરા ગામે પાણીના વિવાદમાં બે જૂથો વચ્ચે હિંસક મારામારી

## ધોકા, પાઈપ અને ધારીયા સાથે થયેલી સામસામે અથડામણમાં ઘાયલોને મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડાયા, પોલીસે તપાસ શરૂ કરી

**અબતક,ઋષી મહેતા, મોરબી**

માળિયા(મી) તાલુકાના દહીસરા ગામમાં પાણી મુદ્દે ઉગ્ર બનેલા વિવાદમાં બે જૂથો વચ્ચે હિંસક મારામારીનું રૂપ ધારણ કર્યું હતું. ધોકા, પાઈપ અને ધારીયા જેવા હથિયારો વડે થયેલી મારામારીમાં કુલ ૧૩ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે મોરબીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને તપાસની કામગીરી શરૂ કરી છે.

માળિયા(મી)તાલુકાના દહીસરા ગામમાં પાણીના પ્રશ્નને લઈ બે જૂથો વચ્ચે ઉગ્ર વિવાદ થયો હતો જેમાં બંને પક્ષે હિંસક ઘર્ષણ સર્જાયું હતું. ઘટનાની શરૂઆતમાં એકબીજાને બોલાચાલી થયા બાદ, ધોકા, પાઈપ અને ધારીયા જેવા હથિયારો સાથે હુમલાઓ શરૂ થયા હતા. બંને પક્ષના લોકો સામસામે મારામારી કરતા ગામમાં તણાવભર્યું વાતાવરણ છવાઈ ગયું હતું.

મારામારીના આ બનાવમાં ઈજાગ્રસ્ત થયેલા મુખ્ય વ્યક્તિઓમાં અશોક હમીરભાઈ (ઉ.૩૧), હમીરભાઈ ભોજાભાઈ (ઉ.૬૫), વિજયભાઈ હમીરભાઈ (ઉ.૩૦), રમેશભાઈ કાનજીભાઈ (ઉ.૩૨), મુન્નાભાઈ હમીરભાઈ, જીતેન્દ્ર કાનજીભાઈ પરમાર, કાનજીભાઈ મનુભાઈ પરમાર (ઉ.૭૪), છગનભાઈ પરમાર (ઉ.૪૩), હર્ષદભાઈ પરમાર (ઉ.૧૬), નરેશભાઈ કાનજીભાઈ પરમાર (ઉ.૩૦), અને શામજીભાઈ શિવાભાઈ પરમાર (ઉ.૩૮) સહિત કુલ ૧૩ લોકોનો સમાવેશ થાય છે. ઘટનાની જાણ થતા માળિયા(મી) પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને તાત્કાલિક તમામ ઈજાગ્રસ્તોને મોરબી સરકારી હોસ્પિટલ ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. હાલ પોલીસ સમગ્ર ઘટનામાં હુમલાનું કારણ અને અન્ય સંડોવાયેલા શખ્સોની શોધખોળ સહિતની તપાસ શરૂ કરી છે.

# માળીયા(મી): અંજીયાસર ગામેથી ૨૦૦ લીટર આથો ઝડપાયો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

માળીયા(મી) પોલીસે પૂર્વ બાતમીને આધારે જુના અંજીયાસર ગામ તરફ જવાના રસ્તે બાવળની કાંટમાં છુપાવેલ દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડા આથાનો ૨૦૦ લીટર જેટલો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે, જ્યારે પોલીસની રેઈડ દરમિયાન આરોપી ફારૂક ફતેમામદભાઈ મોવર રહે.કાજરડા હાજર મળી ન આવતા, તેને ફરાર દર્શાવી પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી લેવા આગળની તપાસ ચલાવી છે.

# ગોંડલ: વળીયા ત્રિવેદી પરિવાર દ્વારા સુરાપુરા દાદાના સાંનિધ્યમાં ૧૫મો પાટોત્સવ ઉજવાશે

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

વળીયા ત્રિવેદી પરિવારના સુરાપુરા ગોવિંદજીદાદાના સાનિધ્યમાં બગસરા તાલુકા નાં હડાળા મુકામે આગામી તા.૨૬ તથા ૨૭/૦૪/ ૨૦૨૫ને શનિ તથા રવિવારના રોજ પંદરમો પાટોત્સવ ધામધૂમથી ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. પાટોત્સવ દરમ્યાન દર વર્ષની જેમ ત્રિવેદી પરિવારના વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન તેમજ સુરાપુરા દાદાના યજ્ઞની સાથે વળિયા ત્રિવેદી પરિવારની ''સાસરે વિદાય થયેલી બહેન દિકરીઓને'' પણ ''માવતરના હેતના તેડાં કરી'' આ ત્રિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવેલ છે.આ પાટોત્સવમાં સાસરવાણી બહેન દિકરીઓને ''હરખના તેડા'' કરી ''હેતભર્યા મામેરા ભરી'' બહુમાન કરવામાં આવશે. તેવુ ઔદિચ્ય સહસ્ત્ર ચિભડીયા વળીયા ત્રિવેદી બ્રહ્મ પરીવારનાં પ્રમુખ અખિલેશભાઈ ત્રીવેદીની યાદીમાં જણાવાયુ છે.

# અમરેલી: હિંસાત્મક પ્રવૃતિ કરનારા સામે કડક કાર્યવાહી કરવા આતંર રાષ્ટ્રીય હિન્દુ પરિષદની માંગ

## પહેલગામમાં બનેલ ઘટના અંગે આવેદન પાઠવી કરી રોષ પૂર્ણ રજુઆત



**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

જમ્મુ કાશ્મીરનાં પહેલગામમાં મંગળવારે આતંકવાદીઓએ હિન્દુ પ્રવાસીઓને નિશાન બનાવતા ૨૬ લોકો પર ગોળીબાર કરી મોતને ઘાટ ઉતાર્યા હતા. આતંકવાદીઓનાં જઘન્ય કૃત્યનાં સમગ્ર દેશમાં ઘેરા પ્રત્યાઘાતો પડી રહ્યા છે. આ ઘટનાનો અમરેલી આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા વિરોધ વ્યક્ત કરી રોષભેર આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવાયું છે , આતંકવાદીઓ દ્વારા કેટલી ક્રૂરતાથી લોકોની હત્યા કરવામાં આવી છે. આતંકવાદીઓએ પ્રવાસીઓના ધર્મ પૂછીને પૂછીને ગોળીબાર કર્યો હતો. જેમાં ૨૬ જેટલા હિન્દુ પ્રવાસીઓનાં મોત નિપજ્યા હતા. આવી હિંસાત્મક પ્રવૃત્તિ કરનાર સામે સરકાર કડક કાર્યવાહી હાથ ધરે અને સરકારની કાર્યવાહીથી આવા નીચ કૃત્ય કરનાર લોકો ફફડી ઉઠે તેવી હિન્દુ સમાજે માંગ કરી છે.

# ગઢડામાં એસએમસીનો દરોડો : રૂ.૭૮.૪૫ લાખનો દારૂ ઝડપાયો

## કટીંગ થાય પૂર્વે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ત્રાટકતા નાસભાગ : લિસ્ટેડ બુટલેગર સહિત સાતની શોધખોળ

**અબતક, રાજકોટ**

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના રાયપરમાં દરોડો પાડી વિદેશી દારૂનું કટીંગ થાય તે પૂર્વે જ રૂ. ૭૮.૪૫ લાખની કિંમતની ૧૪,૫૬૫ શરાબની બોટલ કબજે કરી સાત શખ્સોની શોધખોળ શરૂ કરી છે. એસએમસીએ દારૂ, વાહન મળી કુલ રૂ. ૧.૦૨ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

સમગ્ર દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાય અને ડીવાયએસપી કે ટી કામરીયાના માર્ગદર્શન હેઠળ દારૂ-જુગારની બદ્દી ડામવા વિવિધ ટીમો પ્રયત્નશીલ હોય દરમ્યાન એસએમસી પીઆઈ એ વી પટેલની ટીમને બાતમી મળી હતી કે, બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના રાયપર ગામની સીમના ખેતરમાં દારૂનો મોટો જથ્થો રાખી કટીંગ કરવામાં આવી રહ્યું છે. જે બાતમીના આધારે એસએમસીની ટીમ રાયપર ગામે દોડી ગઈ હતી. પોલીસની ટીમોને જોઈ બુટલેગર સહિતની ટોળકીમાં નાસભાગ મચી જવા પામી હતી. દરમ્યાન ખેતરમાંથી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ૧૪,૫૬૫ દારૂની બોટલ જેની કિંમત રૂ. ૭૮,૪૫,૩૫૭, ચાર પીકઅપ વાહનો મળી કુલ રૂ. ૧,૦૨,૪૫,૩૫૭ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.





૧૪,૫૬૫ દારૂની બોટલ, ચાર વાહન મળી કુલ રૂ.૧.૦૨ કરોડનો મુદ્દામાલ કબ્જે

દારૂનો જથ્થો મંગાવનાર લિસ્ટેડ બુટલેગર વિજય રઘુભાઈ બોરીચા(રહે. રાયપર, ગઢડા,બોટાદ), દારૂનો જથ્થો મોકલનાર કુરસિંહ (રહે બાસવાડા, રાજસ્થાન), અલગ અલગ ચાર પીકઅપ વાહનના ડ્રાઈવર અને માલિક તેમજ દરોડા દરમિયાન નાસી જનાર મજૂરો વિરુદ્ધ ગુનો નોંધી એસ.એમ.સી. ટીમે શોધખોળ શરૂ કરી છે.

# સુરેન્દ્રનગરમાં માલગાડી ટ્રેક પરથી ઉતરી જતા ભારે દોડધામ

## રેલવે યાર્ડ નજીક બનાવ બન્યો હોવાથી પેસેન્જર ટ્રેનોની અવર-જવર પર કોઈ જ અસર ન પડી: સદનસીબે દુર્ઘટના ટળી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સમગ્ર રાજ્યમાં રેલ અકસ્માત તેમજ પેસેન્જર અને માલગાડી રેલ્વે ટ્રેક પરથી ઉતરી જવાના બનાવો વધી રહ્યાં છે ત્યારે સુરેન્દ્રનગર રેલ્વે જંક્શન પાસે પ્રવેશ કરતી વખતે માલગાડી ટ્રેક પર થી ઉતરી જતા દોડધામ મચી જવા પામી હતી જેની જાણ થતાં રેલ્વેના અધિકારીઓ સ્થળ પર આવી પહોચ્યા હતા અને આગળની કામગીરી હાથ ધરી હતી જોકે સદનસીબે કોઈ જાનહાનીનો બનાવ ન બનતા દુર્ઘટના ટળી હતી.



આ અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર રેલ્વે જંકશન પરથી દરરોજ મોટી સંખ્યામાં માલગાડી સહિત પેસેન્જર ટ્રેનો પસાર થાય છે અને રેલ્વે જંકશન પરથી હજારોની સંખ્યામાં પેસેન્જર ટ્રેનમાં મુસાફરી કરે છે ત્યારે જંકશન તરફ આવતી માલગાડી પ્રવેશ કરી રહી હતી તે દરમ્યાન અચાનક કોઈ કારણોસર માલગાડીના બેથી ત્રણ વેગન (ડબ્બા) ટ્રેક પરથી ઉતરી જતા દોડધામ મચી જવા પામી જે બનાવને પગલે રેલ્વેના અધિકારીઓ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે આવી પહોંચ્યોહતો અને ટ્રેક પરથી નીચે ઉતરી ગયેલ વેગનને ફરી ટ્રેક પર લાવવા પ્રયાસો હાથ ધર્યા હતા.

જ્યારે આ અકસ્માતને પગલે આ રેલ્વે ટ્રેક પર આવતી અનેજતી માલગાડીઓની અવર-જવર પર અસર પડી હતી સદ્દનસીબે માલગાડીની સ્પીડ ધીમી અને કંન્ટ્રોલમાં હોવાથી તેમજ રેલ્વે યાર્ડના ટ્રેક પર જ દુર્ઘટના સર્જાતા અન્ય પેસેન્જર ટ્રેનોની અવર-જવર પર કોઈ અસર પડી નહોતી. જ્યારેભારે જહેમત બાદ રેલ્વેના ટેકનીકલ વિભાગની ટીમો દ્વારા ટ્રેક પરથી ઉતરી ગયેલ વેગનોને ફરી ટ્રેક પર ચડાવી આગળ તરફ માલગાડીને રવાના કરી હતી.

### સુલતાનપુર ગામે જનઆક્રોશ સભામાં

# ૨૦૦-૫૦૦ કિ.મી. દુર બેસી-ગોંડલની શાંતિને હણો નહીં: 'ગણેશ' ગોંડલ

## અલ્પેશ ઢોલરીયા ગોંડલની પ્રજાનો અડધી રાતનો હોંકારો અને સતત પ્રજાની વચ્ચે રહેતા નેતા

## પાટીદાર સમાજ આયોજીત બેઠકમાં અલ્પેશ કથીરીયા, મેહુલ બોઘરા અને જીગીષા પટેલને આડે હાથે લીધા

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

છેલ્લા ઘણા સમયથી ગોંડલનાં પૂર્વ ધારાસભ્ય જાડેજા પિતા-પુત્ર અને જિલ્લા ભાજપ પ્રમુખ ઢોલરીયાને સોશ્યલ મિડીયામાં ટાર્ગેટ કરવામાં આવતા જેના અનુસંધાને ગોંડલ તાલુકાના સુલતાનપુર ગામે જનઆક્રોશ સભાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં 'ગણેશ' ગોંડલ દ્વારા જણાવ્યું હતુ કે ૨૦૦/૫૦૦ કિ.મી.દૂર બેસી ગોંડલની શાંતિને હણો નહી અને અલ્પેશ ઢોલરીયા સતત પ્રજાના પ્રશ્ને જાગૃત રહે છે. તે મારો તારો નહીં આપણા સૌના કામને પ્રાધાન્ય આપે છે.

ગોંડલના સુલતાનપુર ગામે પુર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને ગણેશ જાડેજાના સમર્થનમાં પાટીદાર સમાજ દ્વારા જનાક્રોશ સભાનું આયોજન કરવામા આવ્યું હતુ.જેમા છેલ્લા કેટલાક દિવસોથી સોશ્યલ મીડિયા માં વિડીયો બનાવી કેટલાક લોકો દ્વારા જયરાજસિહ નાં પરીવાર તથા જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાની ટીક્કા ટિપ્પણીઓ કરાઈ રહી હોય સુલતાનપુર ની સભામાં ગણેશ જાડેજાએ મૌન તોડી સટાસટી બોલાવી હતી.



ગણેશ જાડેજાએ સુરત માં બેસેલા ક્રાંતિકારી કીડાઓ સુધી આ વાત પહોચવી જોઈએ તેવુ કહયુ હતુ

તેમણે અલ્પેશ કથીરિયા પર પ્રહાર કરતા કહ્યું,તારા પર ૧૪-૧૪ પાટીદાર દીકરાઓના મૃત્યુનું પાપ છે,પહેલા એ પાપ નાં પોટલા ધો પછી ગોંડલ આવજે

મેહુલ બોઘરા પર પ્રહાર કરતા કહ્યું,મેહુલ બોઘરાનું કામ જ્યાં શાંતિ હોય ત્યાં અશાંતિ સ્થાપવાનું છે

જિગીષા પટેલ પર પ્રહાર કરતા કહ્યું,તું તારું ઘર સાચવી નથી સકતીજો તારા પરીવાર માં વડીલ કે યુવાન હોય તો મોકલ હુ તેને જવાબ આપીશ.એક મહીલા સામે બાયો ચડાવવાનાં મારાં સંસ્કાર નથી.

ગણેશ જાડેજાએ કહ્યુ કે યુધ્ધ થકી કોઈ નું કલ્યાણ થાય નહી.તેમ છતા યુધ્ધ કરી કલ્યાણ કરવાનું જ હોય તો જો માનુ ધાવણ ધાવ્યા હો અને મર્દ નાં દિકરા હો તો મેદાન માં આવી જાવ. હું અને અલ્પેશ ઢોલરીયા ગોંડલ માંજ રહીએ છીએ. મારી ગાડી અડધી રાત્રે પણ ગોંડલ તાલુકામાં જોવા મળશે.

તેમણે વધુમાં કહ્યુ કે અમારાં કાર્યકર્તાઓ માટે હસતા હસતા માથુ ધરી દેવાની તૈયારીછે.વિડીયોગેમ ની રમત રમતા તત્વો મારાં કાર્યકર્તાઓ નો કોલર પકડી બતાવે વાવાઝોડા ની જેમ ફરી વળીશ.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા સુરતમાં ગણેશ જાડેજા અને જયરાજસિંહ જાડેજા વિરુદ્ધમાં એક સભા મળી હતી જેમાં મેહુલ બોઘરા,અલ્પેશ કથીરિયા અને જીગીશા પટેલે જયરાજસિંહ જાડેજા અને ગણેશ જાડેજા પર ગુંડાગીરીના આક્ષેપો કર્યા હતા,

# અમરેલી: આર.ટી.ઓ. અને ટ્રાફિક પોલીસ દ્વારા માર્ચ મહિનામાં રૂ.૨૪.૩૪ લાખનો દંડ વસુલાયો

## માર્ગ સલામતી સુદ્દઢ કરવા નિયમ વિરુદ્ધ રસ્તા પર ચાલતા વાહન ચાલકો સામે મોટર વ્હીકલ એકટ હેઠળ દંડનીય કાર્યવાહી

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લામાં મોટર વ્હીકલ એક્ટ અંતર્ગત માર્ગ સલામતી જળવાય અને વાહન ચાલકો નિયમોનું પાલન કરે તેવા હેતુથી મોટર વ્હીકલ એક્ટનો ભંગ કરી નિયમ વિરુદ્ધ વાહન ચલાવનાર ચાલકો વિરુદ્ધ પગલા ભરવામાં આવ્યા છે. માર્ચ-૨૦૨૫માં અમરેલી એ.આર.ટી.ઓ. અને ટ્રાફિક પોલીસ દ્વારા એમ.વી. એક્ટ હેઠળ દંડનીય કાર્યાવાહી હેઠળ ૩,૧૬૫ કેસ અંતર્ગત રુ.૨૪.૩૪ લાખનો દંડ કરવામાં આવ્યો છે. જેમાં હેલ્મેટ વગર વાહન ચલાવતા વાહન ચાલકોના ૭૦૬ કેસ રુ.૩,૫૩,૦૦૦ દંડ, સીટબેલ્ટ વગર વાહન ચલાવતા ચાલકોના ૯૧૬ કેસ રુ.૪,૭૭,૫૦૦ દંડ, ફેન્સી નંબર પ્લેટ લગાવનાર ચાલકોના ૩૦૮ કેસ રુ.૧,૧૦,૪૦૦ દંડ, કાળા કાચ (બ્લેક ફિલ્મ) અંતર્ગત ૨૮૩ કેસ રુ.૧,૪૧,૫૦૦દંડ, એલ.ઈ.ડી. લાઈટ-એક્સ્ટ્રા લાઈટ ૧૭૩ કેસ રુ.૮૬,૫૦૦ દંડ, ઓવરસ્પીડ-વધુ ગતિએ વાહન ચલાવતા તાલકોના ૩૦૨ કેસ રુ.૬,૦૪,૦૦૦ દંડ કરવામાં આવ્યો છે. ઓવરલોડ ૨૮ કેસ, રુ. ૩, ૪૦, ૦૦૦ દંડ, ઓ.ડી.સી. ૫૮ કેસ, રુ. ૧,૨૬,૦૦૦ દંડ, રેડિયમ રિફ્લેક્ટર ૧૧૩ કેસ, રુ.૫૬,૫૦૦ દંડ, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનના ઉપયોગ બદલ ૨૭૮ કેસ રુ.૧,૩૯,૦૦૦ દંડ કરવામાં આવ્યો છે.

# જાફરાબાદ : ક્રિકેટ મેચ જોતી વખતે ખારવા સમાજના બે જૂથો વચ્ચે ખેલાયું ધીંગાણું..!

## પાલિકાની ચૂંટણીમાં સામસામે ઉભેલા જૂથો વચ્ચે જાહેરમાં જામી પડી



**અબતક ચેતનવ્યાસ રાજુલા**

જાફરાબાદ માં નગરપાલિકાની ચૂંટણીનો રાજકીય માહોલ જામ્યો છે ત્યારે ગઈકાલે રાત્રે પાનની દુકાને આઈ પી એલ મેચ જોતી વખતે ખારવા સમાજના બે પ્રતિસ્પર્ધી જૂથો વચ્ચે મારામારી નો મામલો વાયા સોશિયલ મીડિયા થઈ પોલીસ સુધી પહોંચ્યો છે

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ જાફરાબાદમાં ગત મોડી રાત્રે પાનના ગલ્લે ચાલતી આઈપીએલ મેચ જોતી વખતે ગત નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઉભા રહેલા યુવાનો અને પાંચેક સાથીદાર ઉપર હુમલો થયો હતોજાફરાબાદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નો પુત્ર, કારોબારી ચેરમેન સહિત ૯ સામે હુમલો કર્યાનો આક્ષેપ થયો છે હાથો હાથની જામી પડેલી લડાઈ અંગે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વિડીયો બાદ સામ સામે પોલીસ ફરિયાદ નોંધાય છે તેમાં જાફરાબાદ ખારવા સમાજના પટેલ કનૈયાલાલ સોલંકી, નગરપાલિકાના ચેરમેન, માછીમાર બોટ એસોસિએશન જાફરાબાદ ના પ્રમુખ સુરેશભાઈ સોલંકી, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ભગુભાઈ ના પુત્ર અને તેના પરિવારજનો રાજેશભાઈ ભગુભાઈ સોલંકી ના પુત્ર વિશ્વાસ સોલંકી ધવલ સોલંકી સહિતના રાજકીય આગેવાનો ના નામે સામ સામે ફરિયાદ નોંધાતા જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણી પહેલા જ શહેરમાં રાજકીય માહોલ ગરમાઈ જવા પામ્યો છે

# ખંભાળીયા: કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મોત



**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

ખંભાળીયા પોરબંદર હાઈવે પર ખંભાળીયાથી તોડે દૂર જી.જે.૩૭ એ.બી. ૯૯૩૪ નંબરની કાર સાથે એક બાઈક કે જેમાં બે યુવાનો ભાવેશ ગાંગા મોકળયા તથા રમેશ વાડોલીયા ઉ.૪૪ વાળા બેઠા હતા ધડાકા સાથે કાર અથડાતા બાઈકનો ભૂકો બોલી ગયો હતો. તથા કાર પણ અથડાઈને રોડ પરથી નીચે ઉતરી ગઈ હતી.

બાઈક પર સવાર હરીપર વિસ્તારના કોળી યુવાન ભાવેશ ગાંગા મોકરીયા ઉ.૪૪નું ઘટના સ્થળે મૃત્યુ નિપજયું હતુ. જયારે રમેશ વાડોલીયા ઉ.૪૫ ને ગંભીર સ્થિતિમાં જામનગર ખસેડાયા હતા. બનાવ અંગે પોલીસ તપાસ ચલાવે છે.

# જસદણ અને ભાડલામાં જુગારના દરોડા

## રૂ.૧૧ હજારની રોકડ સાથે સાત પત્તા પ્રેમીની ધરપકડ

**અબતક રાજકોટ**

જસદણમાં સરકારી હોસ્પિટલ પાસે અને ભંડારીયા ગામે જાહેરમાં જુગાર રમતા સાત પત્તા પ્રેમીને પોલીસે ઝડપી, રૂ. ૧૧ હજારની રોકડ કબ્જે કરી છે. બનાવની પ્રાપ્ત વિગત મુજબ, જસદણની સરકારી હોસ્પિટલ પાસે જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી જસદણ પોલીસને મળી હતી. બાતમીના આધારે સરકારી દવાખાના નજીક જાહેરમાં જુગાર રમતા, જસદણના પીન્ટુ પ્રેમજીભાઈ મેટાળીયા, રણછોડ નાથાભાઈ ગોહિલ, ઘનશ્યામ ઉર્ફે ઘનો કેશુભાઈ સાસકિયા અને અશરફ ઈબ્રાહીમભાઈ રાઠોડ નામના શખ્સોને ઝડપી, જુગારમાં પટમાંથી રૂ. ૧૦.૫૭૦ની રોકડ કબ્જે કરી છે. જ્યારે બીજા દરોડામાં ભાડલા પોલીસની ટીમે ભંડારીયા ગામની સીમમાં આવેલા રામાપીરના મંદિર પાસેથી જાહેરમાં જુગાર રમતા, નાજા કાળાભાઈ બગડા, વિશાલ મનસુખભાઈ ગોહિલ અને અજય ભનાભાઈ સોલંકી નામના શખ્સોને ઝડપી, જુગારના પટમાંથી રૂ. ૯૫૦ની રોકડ કબ્જે કરી છે.

# નાફેડના ગોડાઉનમાંથી ટેકાના ભાવની રૂ.૭.૪૯ લાખની મગફળી ઉઠાવી જનાર ગેંગ ઝડપાઈ

## ગોંડલના ચોરડી ગામે બનેલી ચોરીની ઘટનામાં સીસીટીવીના આધારે ૧૭ લાખના મુદ્દામાલ સાથે ત્રિપુટીને પકડી પાડતી તાલુકા પોલીસ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ તાલુકાના ચોરડી ગામે આવેલ વેર હાઉસમાંથી નાફેડની રૂ.૭.૪૯ લાખની મગફળીની ૨૮૭ બોરીની ચોરી થયા અંગે ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ચોરીના બનાવને લઈ સ્થાનિક પોલીસ ઉપરાંત એલસીબીની ટીમે પણ તપાસ ધમધમાટ શરૂ કર્યો હતો. દરમિયાન તાલુકા પોલીસની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે મગફળી ઉઠાવી જનાર ત્રિપુટીને ૧૭ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધી છે.

ચોરીની ઘટનામાં પ્રાપ્ત વિગતો મુજબ ગોંડલ ગુંદાળા ચોકડી પાસે રામકૃષ્ણ સોસાયટીમાં રહેતાં અરવીંદભાઈ રામકેશભાઈ મીણા (ઉ.વ.૩૦) એ ગોંડલ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ગોંડલ તથા જસદણમા કેન્દ્રીય ભંડાર નીગમમાં સહાયક તરીકેના હોદા પર ફરજ બજાવે છે.તે પૈકી ચોરડી ગામે હરસિધ્ધી કેટરફીડ નામનુ ગોડાઉન કંપનીએ ૧૧ મહીનાના ભાડા પેટે રાખેલ છે. આ ગોડાઉનમાં નાફેડ દ્રારા મગફળીની ખરીદી કરીને ભરેલ હતી. ગોડાઉન સુપરવાઈઝર તરીકે વિરપુરના રવીભાઈ મકવાણા, સીકયુરીટી તરીકે ગોમટાના પ્રજ્ઞોશભાઈ દઢાણીયા અને વિરપુરના પ્રફુલભાઈ ચાવડા, જીવરાજભાઈ ચાવડા નોકરી કરે છે.જેની જવાબદારી જથ્થાની સારસંભાળ રાખવાની હોય છે. ગોડાઉનમા તા.૧૧/૦૨/ થી તા.૧૪/૦૨ દરમિયાન મગફળીની ખરીદી કરી ૩૫ કિલો વજનની કુલ મગફળીની બોરી નંગ- ૧૫૮૭૬ ભરેલ હતી.

ગઈ તા.૨૧/૦૪/૨૦૨૫ ના ફરિયાદીની કંપનીના સુપર વાઈઝર રવીભાઈ મકવાણાએ ફોન કરી જણાવેલ કે, ચોરડી ગામે આવેલ ગોડાઉનના દરવાજાના તાળુ તુટેલ છે અને બહાર મગફળી ઢોળાયેલ હોય તેવી જાણ કરતાં તેવો ગોડાઉન પર પહોંચેલ ત્યારે ત્યાં સીકયુરીટી સહિતનો સ્ટાફ



હાજર હતો અને ગોડાઉન પર જોયેલ તો દરવાજાનુ તાળુ તુટેલ હતુ. મગફળી ગોડાઉન બહાર ઢોળાયેલ દેખાતી હતી જેથી ગોડાઉનમાંથી મગફળીની ચોરી થયાનું માલુમ પડયું હતું.બાદમાં તપાસ કરતા કુલ ત્રણેય સ્ટેગમાંથી મળીને ૨૮૭ મગફળીની બોરીઓની ચોરી થયેલાનું જણાયેલ આવેલ હતું. જે એક બોરીની કિંમત રૂ.૨૬૧૦ હોય છે. જેથી તા.૧૯ થી તા.૨૧ ના સવારના દરમ્યાન ચોરી થયેલ હોય જેથી કુલ રૂ.૭.૪૯ લાખની મગફળી ભરેલ બોરીઓની ચોરી થતાં ફરીયાદ નોંધાવી હતી. મામલામાં ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના થાણા અધિકારી ડો. નવીન ચક્રવર્તી દ્વારા તરત જ તાલુકા પોલીસ સ્ટેશન સ્ટાફ સાથે રહી અલગ અલગ ટીમો બનાવી આરોપીઓને પકડી પાડવા માટે જુદા જુદા કારખાના તેમજ રોડ રસ્તાના સીસીટીવી ફૂટેજની ચકાસણી શરૂ કરવામાં આવી હતી. ઉપરાંત ગોડાઉનની નજીકમાં આવેલ કારખાનાના શ્રમિકો તેમજ રાહદારીઓની પૂછપરછ કરતા રાત્રીના સમયે બે આઈસર વાહનો ગોડાઉન તરફ જતા જોવા મળી આવ્યા હતા. બાદમાં આઈસરની આગળ મોટરસાયકલ લઈને ગોમટા ગામનો વિજય રાઠોડ જતો જોવા મળતા વિજય રાઠોડને પકડી પાડી યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરતા તેણે ગોમટા ગામના દીપક વાસાણી તથા મયુર બગડા સાથે મળી બે આઈસર ભાડાથી મંગાવી મગફળીના ગોડાઉનમાંથી ચોરી કર્યાની કેફિયત આપી હતી. બાદમાં દિપક વાસાણીએ ગોમટા ગામની સીમમાં આવેલ વાડી ખાતે મગફળીનો જથ્થો છુપાવ્યાની હકીકત આપતા પોલીસની ટીમો ગોમટા ગામની સીમમાં દોડી ગઈ હતી અને ૨૮૭ બોરી મગફળીનો જથ્થો કબજે કર્યો હતો.

પોલીસે વિજય મનસુખ રાઠોડ (ઉ.વ.૨૬), દિપક ઉર્ફે ધીરુ વસંતભાઈ વાસાણી (ઉ.વ.૪૯) અને મયુર ઉર્ફે સુખો પોપટભાઈ બગડા (ઉ.વ.૧૯ ત્રણેય રહે. ગોમટા, ગોંડલઝં રાજકોટ)ની ધરપકડ કરી હતી. જ્યારે ખોટી કેફીયત આપી આઈસર માલિક પાસેથી બે વાહન ભાડે મેળવી ચોરી માટે આપનાર ભીખાલાલ વ્રજલાલ અજમેરા (ઉ.વ.૭૭ રહે, ગોંડલ માર્કેટિંગ યાર્ડ પાછળ)ની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

## આઈસર માલિકને ગેરમાર્ગે દોરી બે વાહનો ભાડેથી મેળવી ચોરી માટે આપી દેનાર ૭૭ વર્ષીય વૃદ્ધની શોધખોળ

## આજે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ

# સારું પ્રદર્શન કરનારી પંચાયતોની સંખ્યામાં પણ ગુજરાત દેશમાં સૌથી આગળ

## રાષ્ટ્રીય મૂલ્યાંકનમાં ગુજરાત ૩૪૬ ''અગ્રણી'' અને ૧૩,૭૮૧ ''વધુ સારું પ્રદર્શન કરનારી'' પંચાયતો સાથે ટોચ પર

**અબ તક રાજકોટ**

ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ માટે તાજેતરમાં પહેલી વાર પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ જારી કરવામાં આવ્યો છે, જેમાં ગુજરાતે ગ્રામીણ શાસન અને ટકાઉ વિકાસના ક્ષેત્રમાં એક નવો માપદંડ સ્થાપિત કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સશક્ત ગામડાંઓ, સમૃદ્ધ દેશ'ના વિઝન અને મુખ્યમંત્રીભૂપેન્દ્ર પટેલના કાર્યક્ષમ નેતૃત્વ હેઠળ ગુજરાતે ગ્રામીણ વિકાસમાં આ અનોખી સિદ્ધિ હાંસલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૨૪ એપ્રિલે ઉજવવામાં આવતો રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ ૧૯૯૨માં પસાર થયેલા ૭૩મા બંધારણીય સુધારા અધિનિયમની યાદ અપાવે છે. આ કાયદાએ ભારતમાં પંચાયતી રાજ પ્રણાલીની સ્થાપના કરી અને ગ્રામીણ ભારતમાં સ્થાનિક સ્વરાજ્યને મજબૂત બનાવ્યું. આ સંદર્ભમાં પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સમાં ગુજરાતની તાજેતરની સિદ્ધિ મજબૂત ગ્રામીણ શાસન અને ટકાઉ ગ્રામીણ વિકાસમાં તેના મજબૂત નેતૃત્વને પ્રતિબિંબિત કરે છે.

ભારત સરકારના આ પંચાયત પ્રગતિ સૂચકાંક માં દેશભરની કુલ ૨,૧૬,૨૮૫ માન્ય ગ્રામ પંચાયતોમાંથી ગુજરાતની ૩૪૬ પંચાયતોને 'અગ્રણી' અને ૧૩,૭૮૧ પંચાયતોને 'વધુ સારું પ્રદર્શન' કરનારી શ્રેણીમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ બંને શ્રેણીઓમાં ગુજરાત દેશમાં મોખરાનું રાજ્ય છે. આ સૂચકાંકમાં, તેલંગાણા ૨૭૦ 'અગ્રણી' પંચાયતો સાથે બીજા ક્રમે રહ્યું હતું, જ્યારે 'વધુ સારું પ્રદર્શન' શ્રેણીમાં મહારાષ્ટ્ર ૧૨,૨૪૨ પંચાયતો સાથે બીજા ક્રમે રહ્યું અને તેલંગાણા ૧૦,૦૯૯ પંચાયતો સાથે ત્રીજા ક્રમે રહ્યું. આ સૂચકાંકમાં દેશની ૨,૫૫,૬૯૯ ગ્રામ પંચાયતોમાંથી ૨,૧૬,૨૮૫ પંચાયતોએ માન્ય ડેટા રજૂ કર્યો હતો, જેમાંથી ૬૯૯ પંચાયતો 'અગ્રણી', ૭૭,૨૯૮ 'વધુ સારું પ્રદર્શન કરનારી' અને ૧,૩૨,૩૯૨ 'મહત્વાકાંક્ષી' પંચાયતો હતી.

### વિકસિત પંચાયતથી વિકસિત ભારતનું સપનું થશે સાકાર

સક્ષમ અને સશક્ત ગ્રામ પંચાયતો માત્ર ગ્રામીણ વિસ્તારોની કાયાપલટ નથી કરતી, પરંતુ ''વિકસિત ભારત''ના સ્વપનને વાસ્તવિકતામાં પરિવર્તિત કરે છે. ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ આ વિઝનને મજબૂત બનાવે છે. આ સૂચકાંકમાં ગુજરાતનું ઉત્કૃષ્ટ પ્રદર્શન એ દર્શાવે છે કે રાજ્ય ''વિકસિત પંચાયતો'' દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે.

ના રાજ્ય નોડલ અધિકારી અને ગુજરાતના પંચાયત વિભાગના ઍડિશનલ ડેવલપમેન્ટ કમિશનર ડૉ. ગૌરવ દહિયા એ આ સિદ્ધિ માટે રાજ્ય સરકારની વ્યૂહરચના પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, ''ગુજરાતની આ સિદ્ધિ રાજ્યની પાયાના વિકાસ અને ટકાઉ વિકાસ લક્ષ્યોના સ્થાનિકીકરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ સફળતા પાછળ અનેક સમીક્ષા બેઠકો, વિવિધ ક્ષમતા નિર્માણ સત્રો અને તમામ સ્તરે સંકલિત પ્રયાસોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ગુજરાતની પંચાયતોએ ડેટા-આધારિત આયોજન અને વિભાગીય સંકલનનું પ્રભાવશાળી ઉદાહરણ રજૂ કર્યું છે. ''વિકસિત પંચાયત''ના વિઝનને આધાર બનાવીને રાજ્ય સરકાર પુરાવા-આધારિત સુશાસન દ્વારા વડાપ્રધાનના ''વિકસિત ભારત''ના સ્વપનને સાકાર કરવાની દિશામાં સતત અગ્રેસર છે.''

પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ દેશની ૨.૫ લાખથી વધુ ગ્રામ પંચાયતોના ટકાઉ વિકાસ લક્ષ્યો ને અનુરૂપ પ્રગતિને માપવા માટેનું એક વ્યાપક મૂલ્યાંકન સાધન છે. આ સૂચકાંક ગામડાંઓના પાયાના વિકાસનું મૂલ્યાંકન કરવા અને પંચાયતોની ભૂમિકાને મજબૂત બનાવવા તરફ એક મોટું અને ઐતિહાસિક પગલું માનવામાં આવે છે, જેમાં ગરીબી મુક્ત અને સારી આજીવિકા, સ્વસ્થ પંચાયત, બાળ-અનુકૂળ પંચાયત, જળ-પર્યાપ્ત પંચાયત, સ્વચ્છ અને હરિયાળી પંચાયત, આત્મનિર્ભર માળખાગત પંચાયત, સામાજિક રીતે ન્યાયી અને સલામત પંચાયત, સુશાસન યુક્ત પંચાયત અને મહિલા-અનુકૂળ પંચાયત જેવા ૯ વિષયોનો સમાવેશ થાય છે. આ વિષયોનું મૂલ્યાંકન ૪૩૫ સ્થાનિક સૂચકાંકો અને ૫૬૬ ડેટા પોઈન્ટ દ્વારા કરવામાં આવ્યું છે.

### પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સના રાજ્યવાર મૂલ્યાંકનમાં ગુજરાત ૩૪૬ ગ્રામ પંચાયતો સાથે મોખરે

## જામનગર ક્રાઈમ ડાયરી

### ખીમરાણા ગામે ખેડૂત ઉપર પિતરાઈ ભાઈનો હુમલો

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના ખીમરાણા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા ધરમશીભાઈ ડાયાભાઈ માંડવીયા નામના ૬૪ વર્ષના સતવારા જ્ઞાતિના ખેડૂત બુઝુર્ગ, કે જેઓએ પોતાના માથા પર લાકડાના ધોકા વડે હુમલો કરી માથું ફોડી નાખવા અંગે પોતાના પિતરાઈ ભાઈ ઓધવજીભાઈ તરસીભાઈ માંડવીયા સામે પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે તેઓને માથામાં ઈજા થઈ હોવાથી જામનગરની સરકારી હોસ્પિટલમાં સારવાર લેવી પડી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી અને આરોપી બંને પિતરાઈ ભાઈઓ વચ્ચે પોતાની વાડીમાં પાણીના નિકાલના પ્રશ્ને અગાઉ તકરાર થઈ હતી, અને બંને વચ્ચે મન દુઃખ ચાલતું હતું. જેમાં પોતાના જ્ઞાતિ પરિવાર વચ્ચે સમાધાન થયુંહતું, પરંતુ તે સમાધાન આરોપી ઓધવજીભાઈ ને મંજૂર ન હોવાથી તેનો ખાર રાખીને આ હુમલો કરી દીધો હોવાનું પોલીસમાં જાહેર થયું છે.

### મોટી બાણુગાર પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત: ઉદ્યોગકાર દંપતી ખંડિત

**અબતક,જામનગર**

જામનગર- રાજકોટ ધોરીમાર્ગ પર મોટી બાણુગાર ગામના પાટીયા પાસે ગઈકાલે બપોરે એક કાર અને બાઈક વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં જામનગરના બ્રાસપાર્ટના એક કારખાનેદાર ઈજાગ્રસ્ત બન્યા છે, જ્યારે બાઈકની પાછળ બેઠેલા તેઓના પત્નીનું ગંભીર ઈજા થઈ હોવાથી કરુણ મૃત્યુ નીપજ્યું છે, અને દંપત્તિ ખંડિત થયું છે.

અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં રાજ રાજેશ્વરી સોસાયટી શેરી નંબર- ૨ માં રહેતા અને ઉદ્યોગ નગરમાં બ્રાસ પાર્ટનું કારખાનું ધરાવતા હિતેશભાઈ પટેલ નામના ૫૦ વર્ષના કારખાનેદાર વેપારી, કે જેઓ ગઈકાલે બપોરે ૧.૩૦ વાગ્યાના આરસામાં પોતાનું બાઈક લઈને તેમાં પાછળની સીટમાં પત્ની લીલાબેન (ઉ.વ.૪૮) ને બેસાડીને જઈ રહ્યા હતા.

જે અકસ્માતમાં પટેલ દંપતિ ગંભીર સ્વરૂપે ઘાયલ થયું હતું, અને પાછળની સીટમાં બેઠેલા લીલાબેન ને ગંભીર પ્રકારની ઈજાઓ થઈ હોવાથી તેઓનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું, જયારે કારખાનેદાર હિતેશભાઈ પટેલ ઈજાગ્રસ્ત બન્યા હોવાથી તેઓને ગંભીર હાલતમાં સારવાર માટે જામનગરની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે,

### પોલીસની ઓળખ આપી કટલેરીના વેપારી પાસેથી ૧.૫૭ લાખનો તોડ કરનાર ઝડપાયો

#### વેપારી યુવાનના મામા કેસમાં જેલમાં હોવાથી તેનું નામ નહીં ખોલવા માટે પૈસા માંગ્યા હતા

**અબતક, જામનગર**

જામનગરના નવી વાસ વિસ્તારમાં રહેતા કટલેરીના એક વેપારીને એસ.ઓ.જી.ના રાઈટર તરીકેની ખોટી ઓળખ આપી તેની પાસેથી કટકે કટકે એક લાખ સતાવન હજારની રકમ પડાવી લેવા અંગે નકલી પોલીસ શોધી લેવાયો છે.

જામનગરમાં નવી વાસ વિસ્તારમાં રહેતા અને કટલેરીનો વેપાર કરતાં મોહમ્મદ રિયાન ઈમ્તિયાઝભાઈ શેખ નામના ૧૯ વર્ષના યુવાને પોતાની સાથે જામનગર એસ.ઓ.જી. અધિકારીના રાઈટર તરીકેની ખોટી ઓળખ આપી પોતાની પાસેથી કટકે કટકે ૧.૫૭ લાખની રોકડ રકમ પડાવી લેવા અંગે મોબાઈલ નંબર ૯૮૭૫૨૧૮૭૮૭ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરીયાદી યુવાન મોહમ્મદભાઈ શેખના મામા કે જેઓ છેલ્લા ૧૦ માસથી ડ્રગ્સ અંગેના કેસમાં જામનગરની જિલ્લા જેલમાં છે.જેને જેલમાં જઈને મદદ કરવા અંગે તેમ જ પોતાના મામા સાથે આ કેસમાં સંડોવાયેલા છે, અને તેમાં તેનું નામ કઢાવી નાખવા અંગે અજાણ્યા શખ્સ દ્વારા ફરિયાદી પાસે પૈસાની માંગણી કરાઈ હતી.

ઊંડાણપૂર્વકની તપાસ બાદ આરોપી નકલી પોલીસને શોધી કાઢ્યો હતો. જે આરોપી સલાયા નો રહેવાસી હોવાનું અને તેનું નામ સબીર હુસેન હારુન ભગાડ હોવાનું ધ્યાનમાં આવ્યો હતું.

જે આરોપી હાલ જેલમાં હોવાથી પોલીસે તેનો જેલમાંથી ટ્રાન્સફર વોરંટથી કબજો સંભાળ્યો હતો, અને તેને રિમાન્ડ પર લેવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

### એરપોર્ટ ચોકડી પાસે કાર પલટી જતાં આશાસ્પદ વેપારી યુવાનનું મોત

જામનગર- ખંભાળિયા ધોરી માર્ગ પર ગઈકાલે રાત્રે એક કાર પલટી મારી ગઈ હતી, જે અકસ્માતમાં જામનગરના એક આશાસ્પદ વેપારી યુવાનનું ઘટના સ્થળે જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું, અને પરિવારમાં ભારે શોકની લાગણી છવાઈ છે.આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં રહેતા મનોજ પરસોત્તમભાઈ કુંડલીયા નામના વેપારી યુવાન ગઈકાલે રાત્રે પોતાની જીજે ૧૦ એપી ૭૯૯૮ નંબરની વેગનાર કાર લઈને સિક્કા થી જામનગર પોતાના ઘર તરફ આવી રહ્યા હતા, જે દરમિયાન એરપોર્ટ નજીક અકસ્માતે તેમની કાર પલટી મારી ગઈ હતી, અકસ્માતમાં કારના ચાલક મનોજભાઈ કુંડલીયા નું ગંભીર ઈજા થવાના કારણે મૃત્યુ નીપજ્યું હતું. પરિવારજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા, ત્યારે ભારે કરુણ દ્રશ્યો સર્જાયા હતા.

## રાજકોટ : રૂ. ૧૨.૮૯ લાખના ડ્રગ્સની ડિલિવરી આપવા આવેલો રાણાવાવનો મુસ્તાક ઝડપાયો

### સેલ્ફ ડ્રાયવમાં કાર ભાડેથી મેળવી મુંબઈથી ખેપ મારીને આવનાર શખ્સની રૂ. ૧૭.૯૫ લાખના મુદ્દામાલ સાથે નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પરથી ધરપકડ કરતી એસઓજી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર એસઓજીની ટીમે રૂ. ૧૨.૮૯ લાખના એમડી ડ્રગ્સ સાથે રાણાવાવના મુસ્તાક શેખની ધરપકડ કરી છે. સેલ્ફ ડ્રાઈવમાં કાર ભાડેથી મેળવી મુંબઈથી ખેપ મારી રાજકોટના નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર ડિલિવરી આપવા આવેલા પેડલરને એસઓજીની ટીમે દબોચી લઈ રૂ.૧૭.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

રાજકોટ શહેર વિસ્તારમાં યુવાધનને નશાના કાળા અંધારામાં ધકેલાતા બચાવી નાર્કોટિક્સ પદાર્થનું વેચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત કાર્યવાહી કરવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે એસઓજી પીઆઈ એસ એમ જાડેજાના માર્ગદર્શન હેઠળ એસઓજી શાખાના હેડ કોન્સ્ટેબલ ફિરોજભાઈ રાઠોડ, દિગ્વિજયસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમારની સંયુક્ત બાતમીના આધારે શહેરના નવા દોઢસો ફૂટે રીંગ રોડ ઉપર હોટલ રોયલ રીટ્રીટની બાજુમાં વર્ધમાન એવન્યુ એપાર્ટમેન્ટના ગેટ પાસેથી ૧૨૮.૯ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ જેની કિંમત રૂ.૧૨. ૮૯ લાખ સાથે મુસ્તાક રજાકભાઈ શેખ (ઉ.વ. ૩૩ રહે, રાણાવાવ હિન્દુસ્તાન ટ્રાન્સપોર્ટની સામે,પોરબંદર)ની ધરપકડ કરવામાં આવી હતી પોલીસે મુસ્તાક પાસેથી ડ્રગ્સ, મોબાઈલ, કાર અને રોકડ મળી કુલ રૂ.૧૭,૯૫, ૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.



ઉલ્લેખની છે કે, મુસ્તાક શેખ અગાઉ પણ બે વાર એનડીપીએસના ગુનામાં જામનગર ખાતે ઝડપાઈ ચૂક્યો છે. અગાઉ ૬૦ ગ્રામ અને ૫૪ ગ્રામ ડ્રગની ખેપ મારીને આવતા જામનગર પોલીસે તેને ઝડપી લીધો હતો અને એ ડિવિઝન અને બી ડિવિઝન પોલીસમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી હતી. જે બાદ ફરીવાર મુસ્તાક શેખ સેલ્ફ ડ્રાયવમાં કાર ભાડે મેળવી મુંબઈથી ડ્રગ્સની ખેપ મારી ડિલિવરી આપવા આવતા રાજકોટ ખાતે ૧૨૮. ૯ ગ્રામ મેફેડ્રોન સાથે ઝડપાયો છે. હાલ યુનિવર્સિટી પોલીસે મામલામાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ન્યુઝ ફ્લેશ

### ભાવનગરમાં મુખ્યમંત્રીના પ્લેનમાં ટેકનિકલ ફોલ્ટ દૂર કરવાની કામગીરી શરૂ જો ફોલ્ટ દૂર નહીં થાય તો ભુપેન્દ્રભાઈ પટેલ મોટર માર્ગે ગાંધીનગર જશે

પાકિસ્તાનથી આવ્યા હતા. પહેલગામ હુમલા બાદ આ માહિતી વધુ ગંભીર બની છે.

**સ્થાનિક મુસ્લિમ શહીદ...**

જેમણે આતંકવાદીની રાઈફલ છીનવીને ઘણા લોકોના જીવ બચાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે આદિલના પરિવારને સરકારના સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી હતી.

સુરક્ષા સૂત્રોએ આદિલના મૃત્યુની ચોક્કસ પરિસ્થિતિઓ અંગે તપાસ ચાલુ હોવાનું જણાવ્યું છે, પરંતુ બચી ગયેલા લોકોના જણાવ્યા અનુસાર, આદિલે હુમલાને રોકવાનો પ્રયાસ કર્યો હતો. આદિલ પહેલગામના બૈસરન ઘાસના મેદાનમાં પ્રવાસીઓને ઘોડેસવારી કરાવતો હતો અને તેની બહેનોના લગ્ન માટે બચત કરી રહ્યો હતો. તેના પરિવાર અને સમુદાયે માત્ર આદિલના જ નહીં, પરંતુ હુમલામાં માર્યા ગયેલા તમામ પ્રવાસીઓના મૃત્યુ પર પણ ઊંડો શોક વ્યક્ત કર્યો હતો. આદિલના પિતરાઈ ભાઈએ આ ઘટનાને કાશ્મીરીયત પરનો એક કલંક ગણાવ્યો હતો.

**નદીઓના વહેણ...**

પર વધુ નિયંત્રણ મેળવી શકશે. નેધરલેન્ડ્સના હેગ સ્થિત કાયમી આર્બિટ્રેશન કોર્ટ પહેલાથી જ વિશ્વ બેંક દ્વારા નિયુક્ત તટસ્થ નિષ્ણાત દ્વારા પ્રોજેક્ટ્સની ડિઝાઈન અને પાણીના ઉપયોગ અંગેના વિવાદનો ઉકેલ લાવવાના ભારત સરકારના વલણને સમર્થન આપી ચૂકી છે.

સિંધુ બેસિનના પાણીની વહેંચણી માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે આઈડબ્લ્યુટી પર હસ્તાક્ષર થયા હતા. આ સંધિ હેઠળ, પૂર્વીય નદીઓ - સતલજ, બિયાસ અને રાવી - ના સમગ્ર પાણી ભારતને અનિયંત્રિત ઉપયોગ માટે ફાળવવામાં આવ્યા હતા, જ્યારે પશ્ચિમી નદીઓ - સિંધુ, ઝેલમ અને ચિનાબ - ના પાણી મોટાભાગે પાકિસ્તાનને ફાળવવામાં આવ્યા હતા. જોકે, ભારતને પશ્ચિમી નદીઓના પાણીનો ઉપયોગ ઘરેલું ઉપયોગ, સિંચાઈ અને જળવિદ્યુત ઉત્પાદન માટે કરવાની છૂટ છે. પરંતુ સંગ્રહ ક્ષમતાના અભાવે ભારત તેના કાયદેસર હિસ્સાનો સંપૂર્ણ ઉપયોગ કરી રહ્યું નથી.

આઈડબ્લ્યુટી મુજબ પશ્ચિમી નદીઓ પર ૩.૬ મિલિયન એકર ફૂટ સુધી પાણી સંગ્રહ ક્ષમતા બનાવવાનો ભારતને અધિકાર હોવા છતાં, પૂરતી સંગ્રહ ક્ષમતા બનાવવામાં આવી નથી. વધુમાં, પશ્ચિમી નદીઓ પરના વીજ પ્રોજેક્ટ્સમાંથી ઉત્પન્ન થનારી ૨૦,૦૦૦ મેગાવોટની અંદાજિત વીજ ક્ષમતામાંથી, ફક્ત ૩,૪૮૨ મેગાવોટનું નિર્માણ થયું છે.

**અટારી બોર્ડર સિલ...**

સંચાલન કરે છે. આ માર્ગ દ્વારા થતી મુખ્ય ભારતીય નિકાસમાં સોયાબીન, ચિકન ફીડ, શાકભાજી, લાલ મરચાં, પ્લાસ્ટિકના દાણા અને પ્લાસ્ટિક યાર્નનો સમાવેશ થાય છે. બીજી તરફ, પાકિસ્તાન અને તેની બહારથી થતી આયાતમાં મુખ્યત્વે સૂકા ફળો, સૂકા ખજૂર, જીપ્સમ, સિમેન્ટ, કાચ, સિંધવ મીઠું અને વિવિધ ઔષધિઓનો સમાવેશ થાય છે. બંદર બંધ થવાથી આ માલસામાનની હેરફેર પર નોંધપાત્ર અસર થવાની ધારણા છે, ખાસ કરીને નાના વેપારીઓ અને ઉત્પાદકો જેઓ આ ક્રોસ-બોર્ડર એક્સચેન્જ પર આધાર રાખે છે.જોકે, ૨૦૧૮-૧૯ થી સામાન્ય રીતે વોલ્યુમમાં ઘટાડો થયો છે, જે ચાલુ તણાવ અને વિક્ષેપોને પ્રતિબિંબિત કરે છે.ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતો તણાવ પહેલાથી જ નબળા અને ક્ષીણ થઈ રહેલા વ્યાપારિક સંબંધોને વધુ એક ફટકો આપવા જઈ રહ્યો છે. આ નિર્ણયથી નાના વ્યવસાયો અને ઉદ્યોગો પર અસર થવાની ધારણા છે જે તેમના રોજિંદા જીવન માટે આ વસ્તુઓ પર આધાર રાખે છે. વધુમાં, અફઘાનિસ્તાનથી ભારતમાં થતી આયાત અને તેનાથી વિપરીત, જેમાંથી ઘણી આ માર્ગે પાકિસ્તાન થઈને જાય છે, તેને પણ લોજિસ્ટિકલ પડકારોનો સામનો કરવો પડી શકે છે.

**(છેલ્લા પાનાનું ચાલુ)**

**હાઈકોર્ટ દ્વારા ન્યાયધીશો...**

માર્ગે અને ત્યાંથી પાઈલોટિંગ સાથે ભાવનગર સુધી લઈ જવાયા હતા. . મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ભાવનગર પહોંચીને મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

એરપોર્ટ પર પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, અમદાવાદ પૂર્વ સાંસદ હસમુખભાઈ પટેલ, પશ્ચિમ સાંસદ દિનેશભાઈ મકવાણા તેમજ અમદાવાદ પોલીસ કમિશનર જી. એસ. મલિકે પણ ઉપસ્થિત રહીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પહેલગામમાં પ્રવાસીઓને તેઓનો ધર્મ પૂછી પૂછીને ગોળીઓથી વિંધી નાખવામાં આવ્યા હતા. આ આતંકી હુમલાની ઘટના બાદ દેશભરમાં ભારે જનાક્રોશ ફાટી નીકળ્યો છે. ગુજરાતના ત્રણ પ્રવાસીઓના મોત નિપજયા છે. તેઓના પાર્થીવ દેહને ગઈકાલે ગુજરાતમાં લાવવામાં આવ્યા હતા. આજે સવારે ત્રણેય હતભાગીઓની અંતિમ વિધી કરવામાં આવી હતી. સુરત ખાતે શૈલેષભાઈ કળથિયાની અંતિમ વિધીમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને રાજય સરકારના ગૃહ રાજય મંત્રી હર્ષદભાઈ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા જયારે ભાવનગર ખાતે પિતા-પુત્રની સ્મશાન યાત્રામાં ખુદ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સામેલ થયા હતા. તેઓએ હતભાગીઓના પરિજનોને સાંત્વના આપી હતી.

પહેલગામમાં આતંકી હુમલા બાદ ગુજરાતમાં ભારે જનાકોશ ફાટી નીકળ્યો છે. કેન્ડલ માર્ચ, પુતળા દહન, મૌન રેલી સહિતના કાર્યક્રમો આપવામાં આવી રહ્યા છે. રાજય સરકાર પણ આતંકી હુમલામાં મોતને ભેટેલા હતભાગીઓ અને ઘાયલોની વહારે આવી છે. મૃતકોના પરિવારજનોને પાંચ લાખની સહાય અને ઘાયલોને ૫૦ હજારની સહાય ચૂકવવાની જાહેરાત કરી છે.

**રાજકોટના તમામ ૧૩ પ્રવાસીઓ...**

હુમલામાં અસરગ્રસ્ત થયેલા પ્રવાસીઓની મદદ માટે જમ્મુ અને કાશ્મીર ટુરિઝમ દ્વારા ગુલમર્ગ ખાતે કંટ્રોલ રૂમ શરુ કરવામાં આવ્યો છે.

ટુરિઝમ અધિકારીના જણાવ્યા મુજબ જમ્મુ કાશ્મીરના પ્રવાસે આવેલા પ્રવાસીઓને કોઈ પણ પ્રકારની મદદ માટે કચેરી ખાતે રૂબરૂ તેમજ હેલ્પ લાઈન નંબરનો સંપર્ક કરી શકાશે. કંટ્રોલ રૂમ નં. - ૦૧૯૫૪ - ૨૯૪૪૩૯ તેમજ આ મોબાઈલ નંબર પર ફોન તેમજ વોટ્સએપ નંબર ૯૪૧૯૦૨૯૯૯૭, ૯૭૯૭૭ ૭૩૭૨૨, ૬૦૦૬૨૨૫૦૫૫, ૭૦૦૬૪ ૮૧૧૦૮, ૯૭૯૭૫ ૫૯૭૬૬ પર સંપર્ક કરી શકાશે.

## ધોરાજી : છેતરપિંડીના ગુનામાં વોન્ટેડ શખ્સ ઝડપાયો


**અબતક રમણીક ટોપિયા ધોરાજી**

રાજકોટ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુનાખોરી કરી નાસ્તા ફરતા શખ્સોને ઝડપી લેવા જિલ્લા પોલીસવાળા હિમ કરશે એ આપેલી સૂચના આધારે ધોરાજી તાલુકા પોલીસ મથકના ટાપે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે ગાંધીનગરના માણસા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલો ધોરાજી તાલુકાના મોટી પરબડી ગામનો કિશોર મનજીભાઈ ઢાકેચા નામના શખ્સ છેલ્લા બે વર્ષથી ઠગાઈના ગુનામાં વોન્ટેડ હોય, જેને ધોરાજી તાલુકા પોલીસની ટીમે ઝડપી લીધો છે. આ કામગીરી પી.આઈ એલ આર ગોહિલ, કોન્સ્ટેબલ મનીષભાઈ વરુ ,દિવ્યરાજસિંહ પઢિયાર ,જગદીશભાઈ સુવાણ અને ઈશ્વિનભાઈ સહિતના સ્ટાફે કરી હતી.



## દુઃખદ અવસાન

### સદ્દ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**મોરબીઃ** મૂળ મોરબીના નિવાસી અને નિવૃત ગુજરાત મેરિટાઈમ બોર્ડ ના કર્મચારી દિપકભાઈ કાંતિલાલ મહેતા (મણિયારી મહેતા)તથા ઈલાબેન દિપકભાઈ મહેતાના પુત્ર, અંકિતાબેન ના પતિ, ક્રીશાંત ધર્મેશભાઈ મહેતા ના પિતા, પ્રીતિબહેન ચિરાગકુમાર દવે તથા રિદ્ધિબહેન અતુલકુમાર જોશી ના ભાઈ ધર્મેશભાઈ મહેતાનું આજરોજ તા. ૨૪-૪ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટઃ** મુળગામ બેરાજા (પસાયા)હાલ રાજકોટ રામાનંદીય સાધ સમાજના સવિતાબેન સુખરામદાસ ટીલાવત તે ગુણેશ્વર મહાદેવ મંદિર શ્રીનગર ૫/૬ નો કોર્નરના મહંત અવધેશબાપુ, નરોત્તમભાઈ, જયસુખભાઈના માતા, હિતેશ, હર્ષદ, પ્રતિક, રચનાના દાદીમાનું તા. ૨૩ ને બુધવારના રોજ અવસાન પામેલ છે. તેમનું બેસણું તા. ૨૫ ને શુક્રવારના રોજ સાંજના ૫ થી ૭ કલાકે ગુણેશ્વર મહાદેવ મંદિર, શ્રીનગર ૫/૬ ના કોર્નર સહકાર મેઈન રોડ, ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** વડપાચસરા નિવાસી,હાલ રાજકોટ હર્ષદરાય અમૃતલાલ મહેતા (હાલ રાજકોટ)ના પત્ની ઈન્દિરાબેન (ઉ.વ-૭૬) તે ડો.ધર્મા બેન તથા જતીનભાઈ (પી.જી.વી.સી.એલ)ના માતૃશ્રીનું તા. ૨૩ના બુધવારે અવસાન થયું છે. તે હેમતલાલ હીરાચંદ પાટલિયાના પુત્રી થાય. સદ્ગતનું ઉઠમણું તા. ૨૫ને શુક્રવારે સવારે ૧૦:૩૦ કલાકે શ્રી ઋષભદેવ સ્થાનકવાસી જૈન ઉપાશ્રય , ૧ તિરુપતિ નગર, કેન્સર હોસ્પિટલ પાસે, રાજકોટ , ખાતે રાખેલ છે. મો.નં.૯૦૩૩૨૭૯૬૯૯ છે.

**જસદણઃ** અમરેલી નિવાસી લુહાર વિજયભાઈ બાબુભાઈ રાઠોડ (ઉ.વ.૪૪) તે કલ્પેશભાઈના ભાઈ, કોમલબેનના પતિ, પાર્થિવ, વૈભવના પિતા, પ્રવીણભાઈ પરમાર (જસદણ) ના જમાઈ, હિરેનભાઈના બનેવીનું તા.૨૨ના રોજ નિધન થયું છે. સદ્ગતનું બેસણું તા.૨૪ના રોજ શિવ શક્તિ ફર્નિચરમાં (આખો દિવસ)લાઠી રોડ અમરેલી ખાતે જસદણમાં શુક્રવારે સાંજે ૪ થી ૬ વીંછિયા રોડ પરમાર પરિવારના ચામુંડા માતાજીના મઢના હોલમાં રાખવામાં આવેલ છે.

## (પહેલા પાનાનું ચાલું)

**ના-પાક...**

છે. આના જવાબમાં, ઈસ્લામાબાદમાં તૈનાત ભારતીય લશ્કરી સલાહકારો પણ પરત ફરશે. બંને દેશોમાં હાઈ કમિશનમાં રાજદ્વારી સ્ટાફની સંખ્યા હાલના ૫૫ થી ઘટાડીને ૩૦ કરવામાં આવશે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારતના સુરક્ષા દળોને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે. ભારત સરકારના આ નિર્ણયો પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની ગંભીરતા અને તેના પરિણામોને દર્શાવે છે.

**૬૦ આતંકવાદીઓ સક્રિય**

સક્રિય આતંકવાદીઓને ઓળખી કાઢવા અને તેમને શોધવા માટે સઘન કાર્યવાહી કરી રહી છે, અને તેમની દેખરેખ પણ વધારી દેવામાં આવી છે.છેલ્લા પાંચ વર્ષોમાં પૂંછ અને રાજૌરી જેવા સરહદી જિલ્લાઓમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં વધારો જોવા મળ્યો છે, જેની શરૂઆત ૨૦૨૧માં સ્ટીકી બોમ્બની શોધ અને જમ્મુ એરબેઝ પર ડ્રોન હુમલાથી થઈ હતી. સુરક્ષા દળો જમ્મુ પ્રદેશ પર પોતાની પકડ મજબૂત કરી રહ્યા હતા ત્યારે, આતંકવાદી જૂથોએ પહેલગામ નજીક પ્રવાસીઓને નિશાન બનાવી હુમલો કર્યો હતો, જેની જવાબદારી રેઝિસ્ટન્સ ફ્રન્ટ (ટીઆરએફ)એ લીધી છે, જે લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલું છે અને સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર કરે છે.

મલ્ટી એજન્સી સેન્ટરના સુરક્ષા ઓડિટ મુજબ, આ ૬૦ વિદેશી આતંકવાદીઓમાંથી ૩૫ લશ્કર-એ-તોયબા, ૨૧ જૈશ-એ-મોહમ્મદ અને ૪ હિઝબુલ મુજાહિદ્દીનના સભ્યો છે, અને આ ત્રણેય સંગઠનો પર યુએપીએ હેઠળ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

તાજેતરમાં, સીઆરપીએફએ કુપવાડામાં એક પાકિસ્તાની આતંકવાદીને ઠાર માર્યો હતો અને તેની પાસેથી પાકિસ્તાનમાં બનેલી સામગ્રી જપ્ત કરી હતી. તે જ રીતે, બાંદીપોરામાં બે સ્થાનિક આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી, અને તપાસમાં જાણવા મળ્યું હતું કે વિદેશી આતંકવાદીઓ પાસેથી મળેલા હથિયારો

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

લીલા હોતી જુની નાતર, જો પેં વલ્લભપ્રભુ પ્રગટ ન હો તે વસુધા રહેતી સુની નાતર

# પુષ્ટિ પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીનો આજે પ્રાગટ્યોત્સવ



## વલ્લભાચાર્યજીના ૫૪૮ પ્રાગટય દિને શોભાયાત્રા અને ધર્મસભા સહિત કાર્યક્રમ

**અબતક,રાજકોટ**

ક્યાંક ક્યાંક પાંડિત્ય છે પરંતુ જ્યાં પાંડિત્ય છે ત્યાં બધા વેદની સાચી જાણકારી નથી. ક્યાંક ભક્તિમાર્ગ સાથે વેદનું જ્ઞાન છે તો તે મુજબનો આચાર નથી. ક્યાંક વૈદિક ધર્મનું આચરણ છે પણ ભક્તિમાર્ગની જાણકારી નથી. ક્યાંક આ બધા સાથે ભક્તિ પણ છે. છતાં શ્રી વ્રજપતિ કૃષ્ણ માં પ્રેમ નથી. આ સર્વે ગુણો એકમાત્ર શ્રી વલ્લભમાં જ છે. અન્યત્ર આ સર્વે ગુણો એક સાથે જોવામાં આવતા નથી. તેવા શ્રી પુષ્ટિ પ્રવર્તક શ્રી વલ્લભાચાર્યજીનો ૫૪૮ પ્રાકટ્ય દિન વિશ્વમાં દેશભરમાં ઉજવાઈ રહયો છે. માયાવાદનું ખંડન કરી શુદ્ધાદ્વેત-બ્રહ્મવાદનું સ્થાપન કરવા પ્રગટ થયેલા શ્રી વલ્લભાચાર્યજીનું પ્રાકટ્ય વિ.સં. ૧૫૩૫ ના ચૈત્ર વદ એકાદશીને રવિવારે છતીસગઢ ના રાયપુર નજીક આવેલા ચંપારણ્યમાં થયુ હતું. આજથી પાનસો વર્ષ ઉપર જ્યારે ભારતીય સંસ્કૃત અને હિંદુ ધર્મ પર ભયંકર આફત હતી તે વખતે દક્ષિણના કેટલાય સંતોએ ભારતના ધર્મની રક્ષા કરી હતી. તેમાં શ્રી વલ્લભાચાર્યજીનો ફાળો અનન્ય હતો. શ્રી મહાપ્રભુજીને બાલ સ્વરૂપે સાથે લઈ પિતા લક્ષ્મણ ભટ્ટ તથા માતૃશ્રી ઈલ્લમાજી સાથે કાશીમાં સ્થિરવાસ કરીને રહયા અને આઠ વર્ષની વયે યજ્ઞોપવિત સંસ્કાર કર્યા અને ગોપાલમંત્રીની દિક્ષા આપી. માત્ર બે જ વર્ષમાં વેદ, વેદાંત, દર્શન, પુરાણ, કાવ્ય વગેરે વિષયોમાં અભૂતપૂર્વ નિપૂણતા મેળવી લીધી હતી. તથા અન્ય સંપ્રદાયોના ગ્રંથોનો પણ અભ્યાસ કર્યો હતો. આપની આવી અત્યંત કુશાગ્ર બુધ્ધિના અદભૂત પ્રભાવથી કાશીના વિદ્વાનો આશ્ચર્યચકિત થયા અને બાલ સરસ્વતી તથા વાકપતિ કહીને આદરથી બોલાવતા હતા.

શ્રી મહાપ્રભુજી તેમના બાવન વર્ષના ભૂતલ પર જીવનકાળ દરમ્યાન ત્રણ વખત ભારતની પરિક્રમાઓ કરી હતી. આજથી પાનસો વર્ષ પૂર્વે કોઈ રસ્તાની સગવડ નહિ, વાહનોની સગવડ નહિ. આ પરિક્રમા દરમ્યાન આપે જ્યાં જ્યાં શ્રી ભાગવતજી, ગીતા કે અન્ય ધર્મગ્રંથોનું પારાયણ કર્યું હતું તે સ્થળને બેઠકજીના નામથી દેશભરમાં ઓળખાય છે. શ્રી મહાપ્રભુજીની કુલ ૮૪ બેઠકજી છે કે જે સમગ્ર દેશમાં આવેલી છે. જે પૈકી ૨૪ બેઠકજી વ્રજમંડલમાં, ૨૨ બેઠકજી ગુજરાતમાં તેમજ અન્ય બેઠકજી રામેશ્વર થી બદ્રિનાથ અને જગન્નાથપૂરી થી દ્વારકા સુધી સમસ્ત ભારતમાં છે. તેમાંથી કેટલીક બેઠકજી આજે અપ્રગટ છે. આ બેઠકજીઓ પુષ્ટિમાર્ગના પવિત્ર તિર્થસ્થાનો છે. આપશ્રીના જીવનકાળમાં લગભગ અડધો સમય વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ, ભારતમાં પરિક્રમાઓ અને પ્રચારમાં પ્રસાર થયો છે. છતાં આપે સ્વમાર્ગના સિધ્ધાંતો સમજાવવા નાના મોટા અનેક ગ્રંથો રચ્યા છે. ચોકકસ સંખ્યા કહેવી અઘરી છે. પરંતુ ચૌરાશી ગ્રંથો લખ્યાનું કહેવાય છે. મહર્ષિ વ્યાસ મુનીના બ્રહ્મસૂત્ર પર 'આણુભાષ્ય' નામક ટીકા લખી છે. શ્રીમદ્ ભાગવત પર ''સુબોધિનીજી'' નામક ટીકા લખી તેમજ પુષ્ટિમાર્ગના નાના મોટા સિધ્ધાંતો આપના સેવકોને સમજાવવાના ઉદ્દેશથી જુદા જુદા પ્રસંગોએ સોળ ગ્રંથો રચ્યા હતા.

જેને આપણે 'ષોડશગ્રંથ'' કહીએ છીએ. તેને વલ્લભ ગીતા પણ કહે છે. જેમ શ્રી ભાગવતજી શ્રીનાથજીબાવાનું નામાત્મક સ્વરૂપ છે તેમ ષોડશગ્રંથ શ્રી મહાપ્રભુજીનું નામાત્મક સ્વરૂપ છે.આજના આ પ્રાગટય મહોત્સવે સર્વેમાં વૈષ્ણવતાનો ભાવ જાગે તેમજ જીવ માત્રની સેવામાં શરીર, મન, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ તેમજ ધન વૈભવ સમર્પણ પૂર્વક વિનિયોગ કરવો એ છે શ્રી મહાપ્રભુજીનો મુખ્ય સિધ્ધાંત અને દિવ્યસંદેશ.

## રાજયમાં ૨૦ બેઠકજી પર શ્રીમદ વલ્લભાચાર્ય પ્રાગટય ઉત્સવના વધામણાં

### સોમનાથ, ગુપ્ત પ્રયાગ માધવપુર અને જુનાગઢ સહિત બેઠકોમાં વૈષ્ણવો દ્વારા ધામેધૂમે ઉજવણી

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

ચૈત્ર વદ એકાદશીના પાવનકારી દિવસે વંદનીય શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો પ્રાગટય ઉત્સવ છે.સોમનાથ, પ્રભાસ પાટણમાં ત્રિવેણી સંગમ પાસે આવેલ ગોલોક ધામ સંકુલમાં વલ્લભાચાર્યજીની બેઠક આવેલ છે. એમ કહેવાય છે કે આ સ્થાને વલ્ભભાચાર્ય મહાપ્રભુજીએ સાત દિવસ સુધી શ્રીમદ્ ભાગવત કથાનું પારાયણ કર્યુ હતું. અને સમગ્ર ભારતમાં આવી ૮૪ બેઠકો છે. જેમાંની આ ૬૫મી બેઠક છે.

ગીર સોમનાથના ઉના પાસે આવેલ દેલવાડા નજીક ગુપ્ત પ્રયાગ ખાતે પણ મહાપ્રભુજીની બેઠક આવેલ છે.

જે ૬૭મી બેઠક છે. જે સવંત ૧૫૬૬માં ગુપ્ત પ્રયાગ આવ્યાનું મનાય છે. જુનાગઢ ખાતે દામોદરરાય મંદિર અને મુચકંદ ગુફાના વચ્ચેના ભાગમાં મહાપ્રભુજીની બેઠક આવેલી છે. અહીં પણ મહાપ્રભુજીએ ભાગવત કથા કરેલ તે ૬૪મી બેઠક છે. માધવપુર ખાતે પણ દર્શનીય ૬૬મી બેઠક આવેલ છે.



મહાપ્રભુજીની ભારતમાં કુલ ૮૪ બેઠકો છે. જેમાંની ૨૦ ગુજરાતમાં છે. સુરત ૫૩મી બેઠક, ભરૂચ ૫૪મી બેઠક, મોરબી ૫૫મી બેઠક, જામનગર ૫૬મી બેઠક, ખંભાળી ૫૭મી બેઠક, પિંડતારક ૫૮મી બેઠક, મુળ ગોમતા ૫૯મી બેઠક, દ્વારકા ૬૦મી બેઠક, ગોપી તળાવ ૬૧મી બેઠક, બેટ શંખોદ્વાર (દ્વારકા) ૬૨મી બેઠક, નારાયણ સરોવર ૬૩મી બેઠક, જુનાગઢ ૬૪મી બેઠક, પ્રભાસ પાટણ ૬૫મી બેઠક, માધવપુર ૬૬મી બેઠક, ગુપ્તપ્રયાગ ૬૭મી બેઠક, તગડી (અમદાવાદ) ૬૮મી બેઠક, નરોડા (અમદાવાદ) ૬૯મી બેઠક, ગોધરા ૭૦મી બેઠક, ખેરાલુ ૭૧મી બેઠક, સિધ્ધપુર ૭૨મી બેઠકઆ આસ્થા સ્થાનકોએ વૈષ્ણવો દ્વારા ભકિતપ્રદ કાર્યક્રમો યોજાયા છે.

# જસદણ-આટકોટ ફોર લેન રોડ અકસ્માતોને નોતરૂ આપશે

### કોન્ટ્રાકટરોની બેદરકારીથી અકસ્માતનું જોખમ, સલામતીની ઊણપથી વાહન ચાલકોના જીવ જોખમમાં મૂકાઈ શકે!

**અબતક, કાળુ રાઠોડ, જસદણ**

જસદણ-આટકોટ ફોર-લેન રોડ જે રાજકોટ અને



જસદણ વચ્ચેના મહત્વના જોડાણ તરીકે નવેસરથી બનાવવામાં આવ્યો છે. તેની કામગીરીમાં કોન્ટ્રાકટરની બેદરકારીના કારણે ગંભીર ખામીઓ સામે આવી છે. વાહનચાલકોની ફરિયાદો અનુસાર આ રોડના લેવલિંગ, ડ્રેનેજ વ્યવસ્થા અને સલામતી સુવિધાઓમાં ગંભીર ઉણપો જોવા મળી રહી છે. જેના કારણે અકસ્માતોનું પ્રમાણ વધી શકે છે.

રોડના અમુક ભાગોમાં અસમતળ સપાટી જોવા મળે રહી છે. જેના કારણે હાઈ સ્પીડે વાહન ચલાવતી વખતે નિયંત્રણ ગુમાવવાનું જોખમ રહે છે. સાથોસાથ ડ્રેનેજ વ્યવસ્થાનો પણ અભાવ જોવા મળી રહ્યો છે. જેમાં ચોમાસા દરમિયાન રોડ પર પાણી ભરાવાની સમસ્યા સામે આવી શકે છે. જે કોન્ટ્રાકટર દ્વારા ડ્રેનેજ સિસ્ટમના અયોગ્ય આયોજનનું પરિણામ સાબિત થઈ રહ્યું છે. આનાથી વાહનો લપસી જવાનું જોખમ પણ વધી શકે છે.

### વાહનચાલકો પર સતત ઝળુંબતું જોખમ!.

જસદણ-આટકોટ ફોર-લેન રોડની કામગીરીમાં કોન્ટ્રાકટરની બેદરકારીએ જનતાના જીવને જોખમમાં મૂક્યા હોય તેવું લાગી રહ્યું છે. પીડબલ્યુડી અને સ્થાનિક તંત્રે તાત્કાલિક પગલાં લઈ રોડની ગુણવત્તાની તપાસ, લેવલિંગનું સમારકામ અને સલામતી સુવિધાઓનો અમલ કરવો જરૂરી બન્યો છે. સ્થાનિકોની માંગ છે કે, કોન્ટ્રાકટર સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને રોડને સલામત બનાવવા માટે નક્કર પગલાં લેવાય.


### સલામતી સુવિધાઓમાં પણ ક્ષતીઓ જોવા મળી રહી છે

રોડ પર યોગ્ય સાઈનબોર્ડ, રિફ્લેકટર્સ અને સ્પીડ બ્રેકર્સનો અભાવ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને, રાત્રે દશ્યતાની સમસ્યા ગંભીર બની શકે છે. જે અકસ્માતોનું મુખ્ય કારણ બની રહી છે. વધુમાં રોડના નિર્માણ પછી જાળવણીનું કામ અપૂરતું નજરે પડી રહ્યું છે. જેના કારણે આ ફોર-લેન રોડના નિર્માણ પછી અકસ્માતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ શકે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. વાહનચાલકોનો અતિ-આત્મવિશ્વાસ અને રોડની ખામીઓનું સંયોજન આ માટે જવાબદાર બની શકે છે. કારણ કે, આ રોડ પર વાહનચાલકો હાઈ સ્પીડે ડ્રાઈવિંગ કરે છે, પરંતુ રોડની ડિઝાઈન અને લેવલિંગની ખામીઓ અકસ્માતોને આમંત્રણ આપી શકે છે.

ગુજરાત સરકારના પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટ (ડ્ઠઉ) અને સ્થાનિક વહીવટી તંત્ર પર કોન્ટ્રાકટરની દેખરેખમાં નિષ્ફળતાનો સવાલ ઉભો થયો છે. સ્થાનિક રહેવાસીઓ અને વાહનચાલકો દ્વારા રોડની તાત્કાલિક તપાસ અને સુધારણાની માગણી કરવામાં આવી રહી છે. પરંતુ તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નોંધપાત્ર પગલાં લેવાયા નથી. આ બેદરકારીને ''મીઠી નજર'' તરીકે ઓળખવામાં આવી રહી છે, જે કોન્ટ્રાકટર અને તંત્ર બંનેની નિષ્ક્રિયતા દર્શાવે છે.

# સિહોરની સંસ્કૃત્તિ સ્કૂલને ઓએસિસ પ્રકાશન તરફથી અનેક પુસ્તકોની ભેટ

**અબતક, આનંદ રાણા, સિહોર**



સિહોર શહેરની નામાંકિત શૈક્ષણિક સંસ્થા સંસ્કૃતિ સ્કૂલ, વિદ્યામંજરી જ્ઞાનપીઠ કેમ્પસને 'વિશ્વ પુસ્તક દિવસ'ના રોજ વડોદરાના 'ઓએસિસ પ્રકાશન' દ્વારા રાજ્યની શ્રેષ્ઠ ૧૦૦૦ સ્કૂલોને તેમનાં તરફથી અંસખ્ય પુસ્તકો પુસ્તકાલય માટે આપવામાં આવે છે. તેના માટે પસંદ કરવામાં આવી છે. આ શાળાની પસંદગી કરવાનું કારણ આ શાળા વિદ્યાર્થીઓના ચરિત્ર્ય ઘડતર અને શિક્ષણ આપવાની ઝુંબેશમાં ઉત્સાહ ભેર કાર્ય કરી રહી છે. વિદ્યાર્થીઓમાં પુસ્તકોનું મહત્વ વધે તેમાટે શાળા દ્વારા દર મહિનાના પહેલા રવિવારે 'પુસ્તક પરબ' નું વિશેષ આયોજન કરવામાં આવે છે. 'વિશ્વ પુસ્તક દિવસ' નિમિતે શાળાના વિદ્યાર્થીઓ એ રોજ ૩૦ મિનિટ શૈક્ષણિક પુસ્તકોની સાથે અન્ય સારા પુસ્તકોનું પણ વાંચન કરવા માટે શપથ લીધા હતા અને શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને 'પુસ્તક દિવસ' અંગે માહિતી આપવામાં આવી હતી.

# સુરેન્દ્રનગર મનપાના કોન્ટ્રાકટ બેઈઝ સફાઈ કામદારો પગાર વિહોણા

### બે મહિનાથી પગાર ન મળતાં સફાઈ કામદારો રોષે ભરાયા કલેકટરને આવેદન પાઠવી પગાર આપવા કરી માંગ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં કોન્ટ્રાકટ બેઈઝ તરીકે ફરજ બજાવતા અનુ.જાતિના રોજમદાર સફાઈ કામદારોને છેલ્લા બે મહિનાનો પગાર ચુકવવામાં આવ્યો નથી જેના કારણે પરિવારનું ગુજરાન ચલાવવામાં હાલાકી પડી રહી છે ત્યારે ગુજરાત રાજ્ય કર્મચારી સંઘ દ્વારા મનપા કમીશ્નર સહિત જીલ્લા કલેકટરને લેખીત રજુઆત કરી છે અને હડતાળનો પ્રારંભ કર્યો હતો.

આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં કોન્ટ્રાક્ટ બેઈઝ તરીકે ફરજ બજાવતા અંદાજે ૩૦૦થી વધુ રોજમદાર સફાઈ કામદારોને ગત ફેબ્રુઆરી ૨૦૨૫ તેમજ માર્ચ ૨૦૨૫ એમ બે મહિનાનો પગાર ચુકવવામાં આવ્યો નથી સફાઈ કામદારો પરિવારનું ગુજરાન ચલાવવામાં હાલાકી પડી રહી છે અને બાળકોના અભ્યાસના ખર્ચમાં પણ પહોંચી વળાતુ નથી. ગત ૧૯ એપ્રિલના રોજ મનપા તંત્ર દ્વારા કોન્ટ્રાકટરને સફાઈ કામદારોને પગાર ચુકવવા માટે ચેક આપવામાં આવ્યો હતો પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા હજુ સુધી પગાર ચુકવવામાં ન આવતા કોન્ટ્રાક્ટ બેઈઝ સફાઈ કામદારોમાં રોષ જોવા મળ્યો હતો કલેકટરને લેખીત રજુઆત કરવામાં આવી હતી.

તેમજ દર મહિનાની ૧૦ તારીખ સુધીમાં નિયમીત પગાર ચુકવી દેવામાં આવે તેવી પણ માંગ કરી હતી. આ તકે મોટી સંખ્યામાં સફાઈ કામદારો સહિત આગેવાન મયુરભાઈ પાટડી સહિતનાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સાબરકાંઠામાં ઓછું વજન ધરાવતી ૧ હજારથી વધુ સગર્ભાઓને પોષણ કીટનું વિતરણ કરાયું

### પોષણયુક્ત આહાર અને આરોગ્યલક્ષી માર્ગદર્શન આપતા નિષ્ણાંત વિશાખા ગઢવી

**અબતક, સંજય દિક્ષિત, ઈડર**



સ્વસ્થ સાબરકાઠાંના નિર્માણમાં માતા અને બાળકનું સ્વાસ્થ્ય અત્યંત મહત્વનું છે. સગર્ભાવસ્થા દરમિયાનની સ્વસ્થતા અને માતાના વજનનું વિશેષ મહત્વ હોય છે. સાબરકાઠાં જિલ્લામાં ૪૨ કિલોગ્રામથી ઓછા વજનવાળી ૧૦૮૧ સગર્ભા માતાઓને જરુરી સારવાર,પોષણયુકત આહાર અને આરોગ્યલક્ષી માર્ગદર્શન આહાર નિષ્ણાત વિશાખા ગઢવી દ્વારા આપવામાં આવ્યુ છે. ઓમ એક્ઝિમ કોર્પોરેશન,ઉંઝાનો સહયોગ મળતા સગર્ભાઓને જરૂરી કિટ દાતાઓ તરફથી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ઓછા વજનવાળી તમામ સગર્ભા માતાઓને જિલ્લાની ક્ષેત્રિય ટીમ દ્વારા તેમના ઘરે જઈને નિયત માપ અનુસાર ચણા,સીંગ,પ્રોટીન પાઉડર અને આર્યન સીરપ આપવામાં આવ્યા હતા.

આ તબક્કે જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરાએ સાબરકાઠા જિલ્લા પંચાયત તરફથી ઓમ એક્ઝિમ કોર્પોરેશન, ઉંઝાનો આભાર વ્યકત કર્યો હતો. જેઓ દ્વારા જિલ્લાના ભવિષ્ય રૂપ એવા બાળકોના જન્મદાત્રી એવી માતાઓ અને ગર્ભસ્થશિશુના યોગ્ય વિકાસ માટે શક્તિદાયક આહાર સાથે જરુરી સારવાર પણ આપવાનો સંકલ્પ કર્યો છે.

સાબરકાઠાંમાં જાન્યુઆરી માસથી ડાયેટીશયન અને સ્થાનિક આરોગ્ય અધિકારીની ઉપસ્થિતિમાં પ્રત્યેક ઓછા વજનવાળી સગર્ભા માતાઓને આહાર માર્ગદર્શન ગર્ભસ્થ શિશુના જરુરી વિકાસ માટે શું આહાર લેવો. જેથી તેઓને જોખમી સગર્ભવસ્થામાંથી બહાર લાવી શકાય તે અંગે માર્ગદર્શન પણ પુરુ પાડવામાં આવી રહ્યુ છે. જે દ્વારા તમામ ઓછા વજનવાળી સગર્ભા માતાઓને મળી તેમના આરોગ્યલક્ષી પ્રશ્નો, આહારની ટેવો, ગેરમાન્યતાઓ અંગે આરોગ્ય શિક્ષણ પણ આપવામાં આવી રહ્યુ છે.

# સોમનાથ-વેરાવળના ૬૦૦૦ ઘરો થયા સ્માર્ટ મીટરોથી 'સજ્જ'

### પીજીવીસીએલ ડિવિઝનમાં ૬૦૦૦થી પણ વધુ વીજ સ્માર્ટ મીટર લગાવાયા છતાં પણ હજુ કોઈ ફરીયાદ મળી નથી

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

રાજ્યના અનેક શહેરોમાં સ્માર્ટ વીજ મીટરો લગાડાઈ રહ્યા છે ત્યારે વેરાવળ ડીવીઝનમાં ૬૦૦૦થી વધુ સ્માર્ટ વીજ મીટરો લાગી ચુક્યાં છે.

જેમાં વેરાવળ, તાલાલા અને સુત્રાપાડાનો સમાવેશ થાય છે. લગાડાયેલા આ તમામ મીટરો રહેણાંક વિજ જોડાણોમાં લગાડાયેલ છે. જે અંગે હજુ સુધી કોઈ ફરિયાદ મળેલ નથી. હવે પછી જે વીજ જોડાણ મળશે. તેમાં સ્માર્ટ મીટર જ લાગશે.

વેરાવળ પીજીવીસીએલ ડીવીઝન હસ્તક સાત સબ ડીવીઝનો છે. જે ત્રણ તાલુકામાં છે. જેમાં વેરાવળ, પ્રભાસ-પાટણ, પાટણ ગ્રામ્ય, વેરાવળ ગ્રામ્ય, જીઆઈડીસી તાલાલા અને સુત્રાપાડાનો સમાવેશ થાય છે. જેના કુલ વિજગ્રાહકો ૧,૫૫,૦૦૦ છે. જેમાં ખેતીવાડી વિજ જોડાણના ૪૫૦૦૦ વિજ ગ્રાહકોનો પણ સમાવેશ થાય છે.

આ સ્માર્ટ મીટરમાં હાલ રીચાર્જ સીસ્ટમ નથી પરંતુ પહેલાની જેમ જ વીજ બીલ આવે છે. સ્માર્ટ મીટરને કારણે પણ વીજબીલ ફરિયાદોમાં ઘટાડો થયો છે. પરંતુ આ મીટરથી મોબાઈલ દ્વારા કેટલો વપરાશ થયો તે દિવસ અને કલાકની વિગત જાણી શકાય છે અને વપરાશનો રીમોટ કન્ટ્રોલ તેના ઉપરથી આપણે કરી શકીએ છીએ.

જૂના ગ્રાહકોને બિલ આવે ત્યારે જ વીજ વપરાશ અંગેની




જાણકારી થતી હતી. પરંતુ સ્માર્ટ વીજ મીટરને કારણે ગ્રાહકો તેના મોબાઈલ ફોન ઉપર જ એપ્લિકેશન મારફતે તેનો કેટલો વીજ વપરાશ થયો. વીજ ભારણ કેટલું છે. તે બાબતની માહિતી પોતાના મોબાઈલમાં જ મેળવી શકે છે.

# સોમનાથઃ સ્વ.ભરતભાઈની પુણ્યતિથિએ હિરાબેન ટ્રસ્ટ દ્વારા ૧૦ બોટલ રકતદાન

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સુત્રાપાડા મુકામે યોજાયેલ સ્વ ભરતભાઈ બારડની પુણ્યતિથી પર અનેક સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ અને દિકરીઓને નિ શુલ્ક ટ્રેનીંગ આપી નિ સ્વાર્થ સેવાઓ બજાવનાર સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર ટ્રસ્ટ અધ્યક્ષ મીનાબેન જાદવે બ્લડ ડોનેશન કેમ્પ દરમિયાન દીલીપભાઈ બારડ અને જશાભાઈ બારડના સાથ સહયોગ સાથે તેમના ગૃપ દ્વારા ૧૦ બોટલ રક્તદાન કરાવેલ અને આ ભગીરથ કાર્યમાં અમુલ્ય સહયોગ આપી સહભાગી થયેલ અને મીનાબેન જાદવ દ્વારા વેરાવળ-પાટણ સોમનાથ પ્રાંચી વિસ્તારની દીકરોઓને લગ્ન તેમજ અન્ય દોડની ટ્રેનીંગ કૌસ્તુભ ટ્રેનીંગ સેન્ટર પ્રમુખ તરીકે મીનાબેન જાદવ પોતાની માનદ સેવાઓ બજાવી માનવ જીવન દીકરોઓને ખુશીઓ ની જ્યોત પ્રગટ કરેલ.

## કાલાવાડ વિધાનસભાના 'આપ'ના પ્રમુખ ડો.જીજ્ઞેશ સોલંકીનો જન્મદિવસ



કાલાવડ તાલુકાના જસાપર ગામના વતની અને સતત ૧૨ વર્ષ થી શૈક્ષણિક , સામાજિક અને તબીબી સેવા માં કાર્યરત એવા ૭૬ કાલાવડ વિધાનસભા ના આમ આદમી પાર્ટીના પ્રમુખ અને પૂર્વ વિધાનસભાના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ડો.જીગ્નેશ સોલંકી ના આજે જન્મદિવસ હોય તો તેમના જન્મ દિવસ નિમિતે રાજકીય - સામાજિક અગ્રણીઓ તેમજ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ સહિત તેમના શુભ ચિંતકો જન્મ દિવસ ની શુભકામનાઓ પાઠવી રહ્યા છે.


# ‘મેલેરિયા નિર્મૂલન’માં ગુજરાતનો સમગ્ર દેશમાં કેટેગરી-૧માં સમાવેશ

## રાજ્યમાં મેલેરિયા પોઝિટિવ દર ૧,૦૦૦ની વસ્તીએ ૦૧થી નીચેઃ વર્ષ ૨૦૨૪માં ૧.૮૧ કરોડ કરતાં વધુ તાવના દર્દીઓને વિનામૂલ્યે નિદાન અને સારવાર અપાઈ

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના મેલેરિયા નિર્મૂલન માટેના અથાગ પ્રયત્નો થકી તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓ સહિત રાજ્યનો મેલેરિયા પોઝિટિવ દર ૧,૦૦૦ની વસ્તીએ ૦૧ થી નીચે નોંધાયો છે. જેના પરિણામે ગુજરાતનો સમગ્ર દેશમાં મેલેરિયા નિર્મૂલન અંતર્ગત કેટેગરી-૨માંથી ૧માં સમાવેશ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યમાંથી મેલેરિયા નિર્મૂલન માટે સરકાર કટિબધ્ધ છે. જે અંતર્ગત રાજ્યના તમામ આરોગ્ય કેન્દ્ર ખાતે મેલેરિયાનું નિદાન અને સારવાર મફત કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪માં આરોગ્ય વિભાગ દ્વારા મેલેરિયાના નિદાન માટે અંદાજે ૧.૮૧ કરોડ કરતાં વધુ તાવના દર્દીઓ શોધી, લોહીના નમૂના એકત્રિત કરીને નિઃશુલ્ક નિદાન કરવામાં આવ્યું હતું, તેમજ મેલેરિયા પોઝિટિવ દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. સમગ્ર વર્ષ દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દ્વારા સઘન પોરાનાશક કામગીરી, પોરાનું લાઈવ ડેમોસ્ટ્રેશન, ફિવર સર્વેલન્સ, બાંધકામ સાઈટની તપાસ, શ્રમિકોના બ્લડ સ્ક્રિનિંગ તથા લાંબા સમય સુધી પાણી સ્થગિત રહેતું હોય તેવા વિવિધ વિસ્તારોમાં પોરાભક્ષક માછલીઓ મુકવાની કામગીરી કરવામાં આવે છે.



રાજ્યમાં વર્ષ ૨૦૨૪ દરમિયાન ૨૩૩ ગામોની અંદાજિત ૨.૫૨ લાખ કરતાં વધુ વસ્તીને જંતુનાશક દવા છંટકાવ હેઠળ આવરી લેવામાં આવી હતી. રાજય સરકારના મેલેરિયા નિર્મૂલનના અવિરત પ્રયાસોના ભાગરૂપે મેલેરિયા પ્રભાવિત ક્ષેત્રોમાં ઘટાડો થતાં વર્ષ ૨૦૨૫માં ૧૯૬ ગામોની અંદાજિત ૨.૦ લાખ કરતાં વધુ વસ્તીને જંતુનાશક દવા છંટકાવ હેઠળ આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. રાસાયણિક દવાઓથી થતા પ્રદુષણના વિકલ્પ રૂપે જૈવિક નિયંત્રણ કામગીરી હેઠળ રાજ્યમાં કુલ ૩,૮૬૩ પોરાભક્ષક માછલી ઉછેર કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. ગપ્પી અને ગમ્બુશીયા નામની પોરાભક્ષક માછલીઓ તમામ મચ્છર ઉત્પત્તિ સ્થાનો પર મચ્છરોના ઈંડામાંથી બનતા પોરાનું ભક્ષણ કરે છે અને મચ્છરોનો ઉપદ્રવ વધતો નથી. આ ઉપરાંત રાજ્યમાં દર વર્ષે સ્પેશિયલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના પ્રિ મોન્સુન-એપ્રિલ માસ, મોન્સુન-જૂન માસ અને પોસ્ટ મોન્સુન-સપ્ટેમ્બર માસ એમ કુલ ૩ રાઉન્ડ દ્વારા મેલેરિયા નિયંત્રણ કામગીરી વધુ સઘન બનાવવામાં આવે છે.

વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા મેલેરિયા અંગેની જનજાગૃતિ માટે જાહેર સ્થળોએ કાર્યક્રમો, પ્રદર્શન, પત્રિકાઓનું વિતરણ, ભવાઈ, નાટક, પપેટ શો જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જાહેર સ્થળો પર રેલી, હોર્ડિંગ્સ, બેનર, પોસ્ટર્સ, ભીંતચિત્રો તેમજ ભીંતસુત્રોના માધ્યમથી જાહેરાત અને સંદેશાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ ઉપરાંત શાળાઓ-કોલેજોમાં વાહકજન્ય રોગો સબંધિત કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે.

મેલેરિયાએ ચોખ્ખા અને બંધિયાર પાણીમાં પેદા થતાં એનોફિલીસ નામના મચ્છર દ્વારા એક વ્યકિતમાંથી બીજી વ્યકિતમાં ફેલાતો અને પ્લાસમોડીયમ નામના પરોપજીવી જંતુથી થતો રોગ છે. એનોફિલીસ માદા મચ્છર મેલેરિયાના દર્દીને કરડે ત્યારે પરોપજીવી જંતુને લોહી સાથે ચૂસી લે છે. ત્યારબાદ આ મચ્છર તંદુરસ્ત વ્યકિતને કરડે ત્યારે તેને મેલેરિયાનો ચેપ લાગે છે.

### મેલેરિયાના ચિન્હો

મેલેરિયાના દર્દીને સખત ઠંડી લાગવી, ધ્રુજારી આવવી, ૮ થી ૧૨ કલાક તીવ્ર તાવ આવવો, તાવ એક દિવસના અંતરે અથવા દરરોજ આવવો, માથું અને શરીર દુખવું, કળતર તેમજ ઊલટી થાય, ઉબકા આવે, તાવ ઉતરે ત્યારે ખુબ પરસેવો થાય જેવા વિવિધ લક્ષણો જોવા મળે છે.

# અમરેલીઃ લાયન્સ કલબના સહયોગથી રકતદાન કેમ્પ યોજાયો

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**



અમરેલી શીતલ આઈસ્ક્રીમ, લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી), ડી.જે.બી.એસ. ફાઉન્ડેશન તેમજ અમરેલી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે તેમજ લાઈફ બ્લડ સેન્ટર-રાજકોટના સહયોગથી થેલેસેમિયા દર્દીઓના લાભાર્થે શીતલ ફૂડ પ્રોડક્ટ લિમિટેડ, જી.આઈ.ડી.સી. માં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

લાયન્સ કલબ્ઝ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ - જેના રીજીયન ચેરપર્સન દિનેશભાઈ ભુવા, અમરેલીના પ્રમુખ મનોજભાઈ કાનાણી તેમજ સામાજીક આગેવાન કનુભાઈ ગોજારીયા વગેરેએ દીપ પ્રાગટ્ય કરી રક્તદાનનું મહત્વ સમજાવ્યું હતું.

આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના સેક્રેટરી ભદ્રેશસિંહ પરમાર, પૂર્વ પ્રમુખ ભુપતભાઈ ભુવા, પ્રા. એમ. એમ. પટેલ, જયેશભાઈ કે. પંડ્યા , રમેશભાઈ ગોલ, ભગવાનભાઈ કાબરીયા, રિધેશભાઈ નાકરાણી, રાજેશભાઈ માંગરોળીયા, નરોત્તમભાઈ સાકરીયા, અશોકભાઈ ઝાલા જીઆઈડીસી માથી કનુભાઈ ગોજરીયા,ભુપતભાઈ લુહાર, ચંદુભાઈ ચાવ, રાજાભાઈ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

### જજ યુ ટુ? : ડીલેયડ જસ્ટિસ, ડીનાઈડ જસ્ટિસ

# ત્રણ વર્ષ સુધી ચુકાદો મુલતવી રાખતા ઝારખંડ હાઈકોર્ટને સુપ્રીમની ફટકાર

## હત્યા કેસના દોષિતો દ્વારા દાયકા પૂર્વે દાખલ કરાયેલી અપીલનો ચુકાદો ૨૦૨૨થી અનામત રખાતા સર્વોચ્ચ અદાલતે ખુલાસો માંગ્યો

**અબતક, નવી દિલ્હી**

બંધારણીય અદાલતો રાષ્ટ્રપતિ સહિત દરેક માટે સમયમર્યાદા નક્કી કરે છે પરંતુ ચુકાદા સંભળાવવા માટે આવી કોઈ મર્યાદા તેમના પર લાગુ પડતી નથી કે કેમ? તેવો સવાલ ઉઠી રહ્યો છે. ચાર હત્યાના દોષિતોએ બુધવારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી આરોપ લગાવ્યો હતો કે, ઝારખંડ હાઈકોર્ટે ત્રણ વર્ષથી તેમની અપીલનો ચુકાદો અનામત રાખ્યો છે.

૧૧ થી ૧૬ વર્ષની જેલની સજા ભોગવી રહેલા હત્યા કેસના ચાર દોષિતો તરફથી હાજર રહેલ વકીલ ફૌઝિયા શકીલે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૂર્યકાંત અને એન. કોટિશ્વર સિંહની બેન્ચને માહિતી આપી હતી કે, તેમણે ત્રણ અલગ અલગ અપીલ વર્ષ ૨૦૧૨, ૨૦૧૪ અને ૨૦૧૮માં દાખલ કરી હતી. ઝારખંડ હાઈકોર્ટે ૨૦૨૨ના જાન્યુઆરી, એપ્રિલ, મે અને જૂન મહિનામાં તેમના કેસોમાં ચુકાદો અનામત રાખ્યો હતો. ત્રણ વર્ષ વીતી ગયા છતાં ચુકાદો હજુ સુધી જાહેર કરવામાં આવ્યો નથી તેમ વકીલે જણાવ્યું હતું.

બેન્ચે આ ખામીને ગંભીરતાથી લીધી અને ઝારખંડ હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને નોટિસ ફટકારી હતી. પેન્ડિંગ અપીલો, અપીલો સાંભળનારા ન્યાયાધીશો અને કયા કારણોસર વર્ષો માટે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે તેની વિગતો ૧૦ દિવસમાં રજૂ કરવા જણાવ્યું છે.

વકીલે ન્યાયાધીશ કાંતની આગેવાની હેઠળની બેન્ચને વિનંતી કરી હતી કે, અપીલકર્તાઓએ એક દાયકાથી વધુ સમય જેલમાં વિતાવ્યો હોવાથી કોર્ટ તેમની વિવેકાધીન શક્તિઓનો ઉપયોગ કરીને જામીન પર મુક્ત કરી શકે છે. બેન્ચે ઝારખંડ સરકારને નોટિસ પણ જારી કરી અને જામીન અરજી પર તેનો જવાબ માંગ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, પ્રથમ અરજદાર ૭૨ વર્ષીય પિલા પહાણની ૯ જાન્યુઆરી, ૨૦૦૯ ના રોજ હત્યાના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી અને ૨૦૧૨ માં દોષિત ઠેરવવામાં આવ્યા બાદ તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. તેણે ૧૬ વર્ષથી વધુ સમય જેલમાં વિતાવ્યો છે અને તેની ૧૩ વર્ષ જૂની અપીલ પર હાઈકોર્ટનો ચુકાદો હજુ સુધી આવ્યો નથી. સત્યનારાયણ સાહુને એપ્રિલ ૨૦૧૧ માં હત્યાના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી અને ઓગસ્ટ ૨૦૧૪ માં તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. દોષિત ઠેરવવા સામેની તેની અપીલ છેલ્લા ૧૧ વર્ષથી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે અને તે ૧૩ વર્ષથી વધુ જેલની સજા ભોગવી ચૂક્યો છે. સોમા બડિંગ, ૨૦૧૦ ના હત્યાના કેસમાં ૨૦૧૪ માં દોષિત ઠેરવવામાં આવ્યો હતો.તેની અપીલ છેલ્લા ૧૧ વર્ષથી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. કુલ મળીને તે ૧૪ વર્ષથી વધુ સમય માટે જેલમાં બંધ છે. ચોથા અરજદાર ધર્મેશ્વર ઓરાંવને ૨૦૧૩ના બળાત્કાર કેસમાં ૨૦૧૮માં દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને તેની અપીલ છેલ્લા સાત વર્ષથી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે.

# ટ્રેડ વોર અટકાવવા અમેરિકાના ૧૨ રાજ્યોએ કોર્ટમાં દાવા માંડ્યા!!!

## દાવામાં આ નીતિને ટ્રમ્પની ઈચ્છા મુજબ ચાલતી નીતિ ગણાવી રાષ્ટ્રીય વેપાર નીતિ પર સવાલ ઊભા કર્યા!

**અબતક, રાજકોટ**

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાગુ કરવામાં આવેલી ટેરિફ નીતિ વિરુદ્ધ હવે તેમના પોતાના દેશના ૧૨ રાજ્યો એકસાથે મેદાનમાં ઉતર્યા છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં, ૧૨ રાજ્યોના ગઠબંધને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિ વિરુદ્ધ ન્યૂયોર્કમાં યુએસ કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડમાં દાવો દાખલ કર્યો છે. રાજ્યો દલીલ કરે છે કે આ નીતિ ગેરકાયદેસર છે, સત્તાનો દુરુપયોગ છે અને રાષ્ટ્રીય અર્થતંત્રને અસ્થિર કરી રહી છે. તેમનો દાવો છે કે ટ્રમ્પે કોંગ્રેસની મંજૂરી વિના ટેરિફ લાદીને બંધારણીય નિયંત્રણોને અવગણ્યા છે, જે ફક્ત કોંગ્રેસનો અધિકાર છે.

બુધવારે દાખલ કરાયેલ આ કાનૂની પડકારમાં, રાજ્યો ટ્રમ્પ પર ૧૯૭૭ના ઈન્ટરનેશનલ ઈમર્જન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (આઈઈઈપીએ)હેઠળની કટોકટી સત્તાનો દુરુપયોગ કરવાનો આરોપ મૂકે છે. તેઓ દલીલ કરે છે કે રાષ્ટ્રપતિ ફક્ત વિદેશી ‘‘અસામાન્ય અને અસાધારણ ધમકીઓ‘‘ના જવાબમાં જ આઈઈઈપીએનો ઉપયોગ કરી શકે છે, ન કે વેપાર નીતિમાં મોટા ફેરફારો માટે. દાવામાં જણાવાયું છે કે રાષ્ટ્રપતિએ મનસ્વી રીતે ટેરિફ લાદીને ‘‘બંધારણીય વ્યવસ્થાને ઉથલાવી દીધી છે અને અમેરિકન અર્થતંત્રમાં અરાજકતા લાવી છે‘‘. વાદી તરીકે સૂચિબદ્ધ ૧૨ રાજ્યોમાં ઓરેગોન, એરિઝોના, કોલોરાડો, કનેક્ટિકટ, ડેલવેર, ઈલિનોઈસ, મેઈન, મિનેસોટા, નેવાડા, ન્યુ મેક્સિકો, ન્યુ યોર્ક અને વર્મોન્ટનો સમાવેશ થાય છે.

રાજ્યો ભારપૂર્વક જણાવે છે કે આ ટેરિફ અમેરિકન ગ્રાહકો પર કર સમાન છે અને અર્થતંત્રને નુકસાન પહોંચાડી રહ્યા છે. એરિઝોનાના એટર્ની જનરલ ક્રિસ મેયસે આ નીતિને ‘‘આર્થિક રીતે બેદરકાર અને ગેરકાયદેસર‘‘ ગણાવી છે, અને કહ્યું છે કે તે એરિઝોનાના ગ્રાહકો પર ભાર મૂકે છે. આ મુકદ્દમો ગયા અઠવાડિયે કેલિફોર્નિયાના ગવર્નર દ્વારા દાખલ કરાયેલા સમાન દાવો પછી આવ્યો છે, જેમણે ચેતવણી આપી હતી કે તેમના રાજ્યને આ ટેરિફને કારણે અબજો ડોલરની આવક ગુમાવવી પડી શકે છે. રાજ્યો કોર્ટને ટ્રમ્પના ટેરિફને ગેરકાયદેસર જાહેર કરવા અને તેના અમલીકરણને રોકવાની માંગ કરી રહ્યા છે.

# ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગંભીરને જાનથી મારી નાખવાની ધમકી, ISIS કાશ્મીર વિરુદ્ધ ફરિયાદ દાખલ

## ગૌતમ ગંભીરે દિલ્હી પોલીસનો સંપર્ક કરીને ફરિયાદ નોંધાવ્યા બાદ પોતાના પરિવારની સુરક્ષા વધારવાની પણ માંગ કરી

**અબતક, નવી દિલ્હી**

ભાજપના પૂર્વ સાંસદ અને ભારતીય ક્રિકેટ ટીમના વર્તમાન મુખ્ય કોચ ગૌતમ ગંભીરને ’ આઈએસઆઈએસકાશ્મીર’ તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી છે. બુધવારે તેમણે દિલ્હી પોલીસનો સંપર્ક કરીને ફરિયાદ નોંધાવી હતી. તેમણે પરિવાર માટે સુરક્ષાની માંગ કરી હતી.

એવું કહેવામાં આવી રહ્યું છે કે ગંભીરને ઈમેલ મારફતે ધમકી આપવામાં આવી હતી. ઈમેલમાં ફક્ત ત્રણ શબ્દો લખ્યા હતા- -આઈ કિલ યુ. ગંભીરે તરત જ પોલીસને આ ઈમેઈલ વિશે જાણ કરી અને સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવી હતી. મામલાની ગંભીરતા જોઈને દિલ્હી પોલીસ તાત્કાલિક એક્ટિવ થઈ ગઈ છે.

પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈમેલ મોકલનારની ઓળખ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ માટે સાયબર સેલ ટીમ ઈમેલને ટ્રેક કરવાનો પ્રયાસ કરી રહી છે અને ટેકનિકલ વિશ્લેષણ દ્વારા આ બાબતની સઘન તપાસ કરી રહી છે.

આ ઈમેલ કોણે અને ક્યાંથી મોકલ્યો તે હજુ સુધી સ્પષ્ટ નથી.દરમિયાન ગૌતમ ગંભીરના કાર્યાલયે માહિતી આપી હતી કે ગૌતમ ગંભીરને ’ આઈએસઆઈએસ કાશ્મીર’ તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી છે.

બુધવારે, તેમણે દિલ્હી પોલીસનો સંપર્ક કર્યો અને આ મામલે એફઆરઆઈ નોંધવાની ફરિયાદ કરી. આ સાથે તેમણે પોતાના પરિવારની સુરક્ષા વધારવાની પણ માંગ કરી છે.

ધમકીની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસ આ મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે અને ગૌતમ ગંભીર અને તેમના પરિવારની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૨૨ એપ્રિલના રોજ ગૌતમ ગંભીરને ઈમેલ દ્વારા બે વાર ધમકીઓ મળી હતી.

# સાઉદી ૧.૮ કરોડ ટન કેપેસિટીની બે રીફાઈનરી ભારત સાથે સ્થાપશે!

## સાઉદી અરેબિયા બીપીસીએલ અને ઓએનજીસી બંને રિફાઇનરીઓમાં ૨૬% ઈક્વિટી હિસ્સો મેળવશે!

**અબતક, રાજકોટ**

સાઉદી અરેબિયા, જે વિશ્વના સૌથી મોટા તેલ ઉત્પાદકોમાંનું એક છે, તે ભારતીય રિફાઈનિંગ ક્ષેત્રમાં ફરી એકવાર મોટા પાયે પ્રવેશ કરવા માટે સક્રિય બન્યું છે. અગાઉના બે નિષ્ફળ પ્રયાસો બાદ, સાઉદી અરેબિયાની દિગ્ગજ તેલ કંપની આરામકો હવે ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) અને ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી) જેવી ભારતીય જાહેર ક્ષેત્રની કંપનીઓ સાથે ભાગીદારીમાં ભારતમાં બે નવી ઓઈલ રિફાઈનરીઓ સ્થાપવાની યોજના ધરાવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દરેક રિફાઈનરીની વાર્ષિક ક્ષમતા આશરે ૯ મિલિયન ટન (એમટીપીએ) હશે અને આરામકો આ બંને પ્રોજેક્ટ્સમાં સંયુક્ત રીતે ૨૬% ઈક્વિટી હિસ્સો મેળવી શકે છે, જેના માટે તેને આશરે ૧૮,૦૦૦ કરોડનું રોકાણ કરવું પડી શકે છે. આ મહત્વપૂર્ણ પહેલ અંગે તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન વચ્ચેની બેઠકમાં પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ ભાગીદારી હેઠળ, બીપીસીએલ આંધ્રપ્રદેશમાં ૯ થી ૧૨ એમટીપીએ ક્ષમતાની રિફાઈનરી-કમ-પેટ્રોકેમિકલ સુવિધા માટે શક્યતા અહેવાલ પર કામ કરી રહ્યું છે. ૯ એમટીપીએ ક્ષમતા ધરાવતી સુવિધાનો અંદાજિત ખર્ચ લગભગ રૂ.૯૫,૦૦૦ કરોડ થવાની ધારણા છે. આ પ્રોજેક્ટમાં સંભવિત ૬૫:૩૫ ના ડેટ-ઈક્વિટી રેશિયો સાથે, કુલ ઈક્વિટી રોકાણ લગભગ ૩૩,૦૦૦ કરોડ હશે. આમાંથી, આરામકોના ૨૬% હિસ્સા માટે લગભગ ૯,૦૦૦ કરોડનું રોકાણ થઈ શકે છે. ઓએનજીસી સાથેનો સમાન સોદો કુલ રોકાણને ૧૮,૦૦૦ કરોડ સુધી પહોંચાડે છે. ઓએનજીસીનો પ્રોજેક્ટ હજુ પ્રારંભિક તબક્કામાં છે, જેમાં ૯ એમટીપીએ કે તેથી મોટી ક્ષમતાની રિફાઈનરી ઉત્તર પ્રદેશ જેવા રાજ્યમાં સ્થાપવાની શક્યતા છે, પરંતુ સ્થાન અને ખર્ચ હજુ નક્કી નથી.

જોકે, આ ભાગીદારીમાં મુખ્ય પડકાર ક્રૂડ ઓઈલ સપ્લાયની શરતો અંગેની વાટાઘાટો છે. આરામકો તેની ઈક્વિટી હિસ્સાના બદલામાં એવી શરત મૂકી રહ્યું છે કે પ્રસ્તાવિત રિફાઈનરીઓ તેમના મોટાભાગના ક્રૂડ ઓઈલ આરામકો પાસેથી જ ખરીદે. આ શરતને ભારતીય કંપનીઓ દ્વારા અગાઉ નકારી કાઢવામાં આવી છે. ભારતીય રિફાઈનરીઓ સાઉદી ક્રૂડનો નોંધપાત્ર હિસ્સો લેવા માટે ત્યારે જ સંમત થઈ શકે છે જો આરામકો કિંમતમાં ડિસ્કાઉન્ટ, નૂર માફી અથવા લાંબા સમયગાળા માટે ક્રેડિટ જેવી વેપાર શરતોમાં છૂટછાટ આપવા તૈયાર હોય. આ મુદ્દે બંને પક્ષો વચ્ચે વાટાઘાટો ચાલી રહી છે.ભારતીય રિફાઈનિંગ ક્ષેત્રમાં પ્રવેશ માટે સાઉદી અરામકોના ભૂતકાળના પ્રયાસો સફળ રહ્યા ન હતા. ૨૦૧૮ માં, મહારાષ્ટ્રમાં ૬૦ એમટીપીએ વાર્ષિક ક્ષમતા ધરાવતા મોટા રિફાઈનરી પ્રોજેક્ટમાં ૫૦% હિસ્સો મેળવવા માટે ભારતીય પીએસયુ કન્સોર્ટિયમ સાથેનો કરાર જમીન સંપાદન મુદ્દાને કારણે અટકી ગયો હતો. ત્યારબાદ, ૨૦૧૯ માં, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ઓરસી વ્યવસાયમાં ૨૦% હિસ્સો ડોલર ૧૫ બિલિયનમાં ખરીદવાનો સોદો મૂલ્યાંકનના મતભેદોને કારણે બે વર્ષ પછી રદ થયો હતો. આ અગાઉના અનુભવો છતાં, આ નવી યોજના ભારતના ઊર્જા ક્ષેત્રમાં સાઉદી અરેબિયાના પ્રવેશ માટે એક મહત્વપૂર્ણ પગલું છે, જે બંને દેશોના પરસ્પર હિતોને ધ્યાનમાં રાખીને આગળ વધી રહી છે, જોકે અંતિમ કરારો હજુ થવા બાકી છે.

# સંધિવા કે કેન્સર? ડોક્ટરે પરખવામાં “થાપ” ખાધી “ચેટ જીપીટી” એ “પરખ” અપાવી

## મહિલાને કેન્સર ઓળખવામાં ચેટ જીપીટી વરદાન સાબિત થયું

**અબતક, રાજકોટ**

કહેવાય છે કે ડોક્ટર ભગવાન નું સ્વરૂપ છે કોઈ વ્યક્તિ બીમાર પડે એટલે ડોક્ટર પાસે જાય છે અને તેને આશા હોય છે કે ડોક્ટર તેનું ચોક્કસ નિદાન કરી દવા આપશે અને સાજા કરી આપશે પરંતુ એક એવી ઘટના સામે આવી છે કે એક વ્યક્તિનું સાચું નિદાન ડોક્ટર નહિ એઆઈ ટુલ ચેટ જીપીટી એ કર્યું .આ ઘટના છે ઉત્તરી આયર્લેન્ડની. ઉત્તરી આયર્લેન્ડ માં રહેતી ૪૦ વર્ષીય મહિલાને આંગળીઓમાં જકડાઈની તકલીફ હતી, ડોક્ટરોએ તેને સંધિવા (આર્થરાઈટિસ) હોવાનું જણાવ્યું હતું, પરંતુ આશ્ચર્યજનક રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલ ચેટ જીપીટી એ તેનું કેન્સરનું નિદાન કરવામાં મદદ કરી, જે ડોક્ટરો ચૂકી ગયા હતા.

લોરેન બેનન નામની મહિલાને આંગળીઓ જકડાઈ જવાની તકલીફ રહેતી હતી અને ડોક્ટરોએ તેને રૂમેટોઈડ આર્થરાઈટિસનોએટલે કે સંધિવા રિપોર્ટકરવાનું કહેલું પણ રિપોર્ટ નેગેટિવ આવેલો તેમ હોવા છતાં ડોક્ટરોએ આ સંધિવા ના લક્ષણો હોવાનું જણાવ્યું હતું. લોરેન ને તેના લક્ષણો ચેટ જીપીટી માં દાખલ કરતા તે ચોંકી ગઈ ચેટ જીપીટીએ તેને કેન્સરના લક્ષણો જણાવ્યા જોકે ચેટ જીપીટી નું નિદાન સંપૂર્ણ ના કહી શકાય ચેટ જીપીટી ભૂલો કરી શકે છે, તેમ છતાં તેણે આશ્ચર્યજનક રીતે સચોટ અને જીવ બચાવે તેવા નિદાન પણ કર્યા છે. આ મહિલા આ એઆઈ ટૂલની આભારી છે, જેણે તેના કેન્સરને ઓળખવામાં મદદ કરી, જેને ડોક્ટરોએ શરૂઆતમાં અવગણ્યું હતું.જોકે બેનનને ખબર હતી કે તેના શરીરમાં કંઈક ખોટું છે, પરંતુ ચેટ જીપીટી ની મદદ વિના તેને ક્યારેય કેન્સર વિશે ખબર પડી ન હોત.

ફેબ્રુઆરી ૨૦૨૪માં બેનનને સવારે અને સાંજે તેની નાની આંગળીઓ વાળવામાં તકલીફ થતી હતી. ડોક્ટરોએ તેને રસંધિવા છે તેમ માન્યું, પરંતુ તેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો. એના થોડા સમય બાદ લોરેન ને જે બે બાળકોની માતા છે તેને પેટમાં ભયંકર દુખાવો થવા લાગ્યો અને સપ્ટેમ્બર ૨૦૨૪માં ચાર અઠવાડિયામાં તેનું વજન ૬ કિલો ઘટી ગયું. આ વખતે ડોક્ટરોએ તેને એસિડ રિફ્લક્સ ગણાવ્યું.

બેનનને તેના લક્ષણો ChatGPTને જણાવ્યા, અને એપ્લિકેશને સૂચવ્યું કે તેણીને હાશિમોટોનો રોગ હોઈ શકે છે, એક એવી સ્થિતિ જેમાં શરીરની રોગપ્રતિકારક શકિત ભૂલથી થાઈરોઈડ ગ્રંથિ પર હુમલો કરે છે. આને કારણે ગ્રંથિમાં સોજો આવી શકે છે અને આખરે તે ઓછી કાર્યરત થઈ શકે છે.આનાથી હોર્મોનનું સ્તર ઘટી શકે છે, જેના કારણે થાક, વજન વધવું, માનસિક ધુમ્મસ અને નીરસ મૂડ જેવા લક્ષણો દેખાઈ શકે છે. આનાથી પેપિલરી થાઈરોઈડ કેન્સર થવાનું જોખમ પણ વધી શકે છે, જે થાઈરોઈડ કેન્સરનું સૌથી ઓછું આક્રમક સ્વરૂપ છે.

ત્યારબાદ મહિલા ડોક્ટર પાસે ગઈ અને વાત કરી ડોક્ટર એ પહેલા આ વાત નકારી અને કહ્યું કે તેમના પરિવારમાંથી કોઈને જો ભૂતકાળમાં આવી બીમારી હોય તો તમને થઈ શકે પરંતુ લોરેને નું ફરીથી નિદાન કરતા ડોક્ટરો ચોંકી ગયા તેમનો હાશિમોટો રોગનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો અને બાદમાં થાઈરોઈડ અલ્ટ્રાસાઉન્ડમાં ડોક્ટરોને તેના ગળામાં બે કેન્સરની ગાંઠો જોવા મળી.

લોરેનનું જાન્યુઆરી ૨૦૨૫માં ઓપરેશન થયું અને તેના ગળામાંથી થાઈરોઈડ અને બે લસિકા ગાંઠો કાઢી નાખવામાં આવી, પરંતુ કેન્સર પાછું ન આવે તે માટે તેણી હજી પણ દેખરેખ હેઠળ છે.જોકે ડોક્ટરોએ લોરેનને કેન્સર વહેલું શોધવા બદલ નસીબદાર ગણાવી, પરંતુ તેણીએ ચેટ જીપીટી તેના કેન્સરને શરીરના અન્ય ભાગોમાં ફેલાતો અટકાવવાનો શ્રેય આપ્યો.લોરેન એ જણાવ્યું કે મેં ચેટ જીપીટી પર ન જોયું હોત, તો મેં ફક્ત રૂમેટોઈડ આર્થરાઈટિસની દવા લીધી હોત અને કેન્સર મારા ગળામાંથી દરેક જગ્યાએ ફેલાઈ ગયું હોત.‘‘‘‘ડોક્ટરે કહ્યું કે હું તેને વહેલું પકડવા માટે ખૂબ નસીબદાર હતી. મને ખાતરી છે કે ચેટ જીપીટી નો ઉપયોગ કર્યા વિના કેન્સર ફેલાઈ ગયું હોત.‘‘લોરેન હવે લોકોને તેમની સ્વાસ્થ્ય સમસ્યાઓ માટે ચેટ જીપીટીની ભલામણ કરી રહી છે.

### જાગૃત નાગરિકોની જીલ્લા કલેકટરને સલામ

# સફાઇ-સહાય અને વહીવટી લોકપ્રશ્નોનું સ્થળ ઉપર જ નિકાલ કરતા કલેકટર કેતન ઠક્કર





જીલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી જામનગર ખાતે તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં કલેકટરએ અરજદારોને રૂબરૂ મળી તેઓના પ્રશ્નો સાંભળ્યા હતા અને તે પ્રશ્નોના નિરાકરણ અંગે જરૂરી ચર્ચા કરી લગત વિભાગોને યોગ્ય કાર્યવાહી કરવા સૂચનો આપ્યા હતા.

તાલુકા સ્વાગતમાં અરજદારોના ૧૦ પ્રશ્નો પૈકી ૮ પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવ્યું હતું.

## ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનામાં થયેલા વિલંબનું ત્વરિત નિરાકરણ કલેકટર કર્યું: રેખાબેન ચાગલાણી

જામનગરમાં રહેતા રેખાબેન ચાગલાણીએ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના માટે અરજી કરી હતી પરંતુ ટેકનીકલ ક્ષતિના લીધે સહાય મળવામાં વિલંબ થયો હોવાથી તેઓએ જામનગર તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં અરજી કરી હતી. કલેકટર કેતન ઠક્કરે તેમનો પ્રશ્ન



સાંભળીને ત્વરિત નિરાકરણ લાવ્યું હતું. આ સાથે જ તેઓએ રોજગારી માટે પણ વિનંતી કરતા જીલ્લા કલેકટરએ સમાજ સુરક્ષા શાખાનો સંપર્ક કરાવી મહિલા આત્મનિર્ભર બની પોતાનું ગુજરાન ચલાવી શકે તે માટે તેઓને મદદ કરવા માટે લગત અધિકારીઓને સૂચન કર્યું હતું. અને અન્ય સરકારી યોજનાઓ વિષે પણ સમજુતી આપી હતી.

રેખાબેન જણાવે છે કે, કલેકટરએ ગંગા સ્વરૂપા આર્થીક સહાય યોજનાની સહાય ઉપરાંત અંગત રસ દાખવીને હું આત્મનિર્ભર થઇ શકું તે માટે રોજગારલક્ષી યોજનાઓ વિષે મને સમજુતી આપીને મને જરૂરી તમામ મદદ પૂરી પાડવા બદલ ખાતરી આપી છે. તે બદલ હું તેમનો આભાર વ્યકત કરું છું.

## ૩ મહિના જુના ભૂગર્ભ ગટરના પ્રશ્નનું નિરાકરણ લાવવા માટે કલેકટરનો આભાર: અરજદાર

જામનગર જીલ્લા કલેકટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં જામનગર શહેર મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ન્યુ જામનગર સોસાયટીમાં રહેતા રહેવાસીઓએ ભૂગર્ભ ગટર છલકાવવાના પ્રશ્ન બાબતે જામનગર તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં અરજી કરી હતી. અને કલેકટરએ



તેમનો પ્રશ્ન સાંભળી હકારાત્મક નિરાકરણ લાવ્યું હતું.

ન્યુ જામનગર સોસાયટીમાં રહેતા મહિલાએ જણાવ્યું હતું કે તેઓની સોસાયટીમાં છેલ્લા ત્રણ મહિનાથી ભૂગર્ભ ગટરનું પાણી ભરાઈને બહાર નીકળવાનો પ્રશ્ન હતો.

જેના પરિણામે મચ્છર અને દુર્ગંધ ફેલાતી હતી. માટે કલેકટરને રજૂઆત કરતા આ પ્રશ્નનું ૭ દિવસમાં કાયમી નિરાકરણ આવી જશે તેમ જણાવ્યું છે. તે બદલ અમે સંતોષ વ્યક્ત કરીએ છીએ અને કલેકટરનો આભાર વ્યકત કરીએ છીએ.

જે પ્રશ્નોમાં કોર્પોરેશન વિસ્તારના રાજમોતી ટાઉનશીપમાં વરસાદી પાણી ભરાવાનો પ્રશ્ન, ગેર કાયદેસર બાંધકામ દુર કરાવવું, લાઈટબીલને લગત રજૂઆત, રસ્તાનું દબાણ દુર કરવા અંગે, ન્યુ જામનગર વિસ્તારમાં ભૂગર્ભ ગટરની સફાઈ અંગે, વેચાણ નોંધ કરાવવા બાબતનો પ્રશ્ન, નિરાધાર વૃદ્ધ સહાય મળવા બાબત, ગંગા સ્વરૂપા આર્થિક સહાય મળવા બાબત વગેરે બાબતોને લગતા પ્રશ્નો રજૂ કર્યા હતા જે પ્રશ્નોનું સ્થળ પર જ જરૂરી કાર્યવાહી કરી નિરાકરણ લવાયું હતું.

અરજદારોના પ્રશ્નોના નિરાકરણ લાવવાની સાથે કલેકટર કેતન ઠક્કરે જાગૃત નાગરિક પ્રત્યેની જવાબદારી નિભાવવા બદલ અરજદારોને અભિનંદન પાઠવ્યા હતા આ ઉપરાંત વિવિધ સરકારી યોજનાકીય લાભો વિષે પણ જાણકારી આપી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જે બદલ અરજદારઓએ કલેકટરનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં શહેર પ્રાંત અધિકારી પ્રશાંત પરમાર સહીત તાલુકા સંકલનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રવાણી ખીજડીયાની ૧૧ માસની બાળકીનું ઓપરેશન બાદ મોત

### પરિવારજનોની જાણ બહાર અન્ય હોસ્પિટલમાં રીફર કરી દેવાય, તબીબી બેદરકારી નો પરિવારજનોનો આક્ષેપ

જામનગર જિલ્લાના રવાણી ખીજડીયા ના ક્ષત્રિય પરિવાર ની ૧૧ મહિનાની માસુમ દીકરીનું ગળા ના ઈન્ફેક્શન ના નિદાન બાદ થયેલા ઓપરેશન પછી બાળકી નું મૃત્યુ નીપજયાના બનાવમાં તબીબી બેદરકારી નો પરિવારે આક્ષેપ કર્યો છે.આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ રવાણી ખીજડીયા ના જનકસિંહ જાડેજા ની ૧૧મહિનાની દીકરી મિતાશ્રી બા ને ગળામાં સોજો આવતા રાજકોટ નાના મવા રોડ પર આવેલ કિસ હોસ્પિટલમાં તબિયત બતાવતા ગળામાં ઈન્ફેક્શન નું નિદાન થયું હતું અને માં શારદા હોસ્પિટલમાં ઓપરેશન માટે રિફર કરવામાં આવી હતી અને ડોક્ટર જીતેન્દ્ર ગાંધી દ્વારા સાંજના સાત એક વાગે ઓપરેશન કરવામાં આવ્યું હતું, ઓપરેશન બાદ પરિવારજનો ને કોઈ જાણ કર્યા વગર બેભાન અવસ્થામાં મિતાશ્રી બા ને સૌરાષ્ટ્ર હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી જ્યાં તેનું મૃત્યુ નીપજ્યું હતું. મિતાશ્રીબા ના પિતા જનકસિંહ જાડેજાએ આક્ષેપ કર્યો છે કે જ્યાં ઓપરેશન થયું ત્યાં ઓક્સિજન કે વેન્ટિલેટર ની કોઈ વ્યવસ્થા ન હતી, અને મારી દીકરીને અમારી જાણ વગર જ સૌરાષ્ટ્ર હોસ્પિટલમાં મોકલી દેવામાં આવી રસ્તામાં બે વાર ટ્રાફિક પોઈન્ટ પર ઓક્સિજન કે વેન્ટિલેટર વગરની એમ્બ્યુલન્સ ટ્રાફિકમાં રોકાઈ જતા કલાકનો સમય વીતી ગયો હતો અને ઓક્સિજનના અભાવે મારી દીકરીનુ મૃત્યુ નીપજ્યું હતું. માં શારદા હોસ્પિટલમાં રાત્રે તબીબ ન હોવાથી સૌરાષ્ટ્ર હોસ્પિટલમાં મિતાશ્રીબા ને રીફર કરાઈ હોવાનો હોસ્પિટલ નો બચાવ જામનગરના રવાણી ખીજડીયા નીમિતાશ્રી બા જનકસિંહ જાડેજા નું ઓપરેશન બાદ મૃત્યુ થયાની ઘટનામાંમાં શારદા હોસ્પિટલ ના સંચાલકોએ બાળકીને હોસ્પિટલમાંથી ઓપરેશન બાદ તાત્કાલિક રીફર કરવા ના કારણોમાં જણાવ્યું હતું કે હોસ્પિટલમાં રાત્રે ફરજ પર કોઈ તબીબ ન હોવાથી ઓબ્ઝર્વેશન માટે સૌરાષ્ટ્ર હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી પરિવારજનોએ એવો આક્ષેપ કર્યો છે કે જો રસ્તામાં ઓક્સિજન અને વેન્ટિલેટરની પૂરતી સુવિધા હોત તો દીકરી બચી ગઈ હોત..

## હંગામી એસ.ટી. બસ ડેપોના ખાતે વધારાના પ્લેટફોર્મ બનાવવા માટેની કામગીરી શરૂ

જામનગર શહેરને નવું અને અત્યાધુનિક એસ.ટી. ડિવિઝન મળી રહે, તે માટેના રાજ્ય સરકાર દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે, અને જુના એસ.ટી. ડેપોના સ્થળ પર નવું એસ.ટી. બસ મથક ઊભું કરવા માટે ની પ્રક્રિયાઓ જોરશોર થી ચાલી રહી છે.

દરમિયાન જામનગરના પ્રદર્શન મેદાનમાં ઊભા કરાયેલા હંગામી એસ.ટી. બસ સ્ટેશનમાં મુસાફરોની સુવિધામાં વધારો કરવાના ભાગરૂપે અન્ય નવા



પ્લેટફોર્મ શરૂ કરવા માટેની કાર્યવાહીનો આજથી પ્રારંભ થયો છે.

પ્રદર્શન મેદાનના એક તરફના ભાગે મોટું પ્લેટફોર્મ તૈયાર કરીને ત્યાંથી એસટી બસના અલગ અલગ રૂટો દોડાવવાની પ્રક્રિયાઓ ચાલી રહી છે, પરંતુ મુસાફરોની વધુ ભીડ વગેરે ને ધ્યાનમાં લઈને આજે એસ.ટી. ડિવિઝન દ્વારા વધારાના નવા પ્લેટફોર્મ બનાવવા માટેની પ્રક્રિયા નો પ્રારંભ કરી દેવાયો છે, અને તેના માટેનું કાર્ય આજથી શરૂ થઈ ગયું છે. નજીકના ભવિષ્યમાં જ વધારાના નવા પ્લેટફોર્મ ઉભા કરી દેવાયા બાદ ત્યાંથી પણ જુદા જુદા રૂટની એસટી બસોનો પરિવહન શરૂ કરી દેવામાં આવશે.

## દરેડ: પીજીવીસીએલ સ્ટોરમાંથી સ્ક્રેપ છેતરપિંડીમાં ૬ શખ્સોની ધરપકડ

### વે-બ્રિજ નીચે માણસો ઉતારી વજનમાં ગોટાળા કરનાર મોરબી પંથકના ૬ શખ્સોને ઝડપી લીધા: રૂ.૫૪ લાખનો મુદામાલ કબ્જે

જામનગર નજીક દરેડ વિસ્તારમાં આવેલા પીજીવીસીએલના સ્ટોરમાંથી ખાનગી કોન્ટ્રાક્ટર પેઢી દ્વારા લઈ જવાતા ભંગારના જથ્થામાં વજન કાંટા પર મસ મોટુ કૌભાંડ કરવામાં આવ્યુ હોવાનું વિજતંત્રની ચકાસણી અને સતર્કતા બાદ ધ્યાનમાં આવ્યું હતું. જે અંગે પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ પંચકોશી બી. ડિવિઝન પોલીસની ટીમેં ઊંડાણપૂર્વકની તપાસના આધારે મોરબી ની ગેંગના ૬ સભ્યોની અટકાયત કરી લીધી છે અને તેઓ પાસેથી રૂપિયા ૫૪ લાખની રોકડ સહિતની માલમતા કબજે કરી છે.

આ ફરિયાદ ના બનાવ ની વિગત એવી કે જામનગર પીજીવીસીએલ દ્વારા સમગ્ર જિલ્લામાંથી જુના ઈલેક્ટ્રીક વાયર- કંડકટર સહિતનો ભંગાર એકત્ર કરીને દરેડ જીઆઈડીસી વિસ્તારમાં આવેલા પીજીવીસીએલના સ્ટોર વિભાગમાં રાખવામાં આવ્યો હતો, અને તેની ઓનલાઈન મારફતે હરાજી કરી લેવાઈ હતી. અને કુલ ૮૨ ટન



માલની હરાજી થઈ હતી

જેમાં સુરતની નિસર્ગ નામની પેઢીને કોન્ટ્રેક્ટ મળ્યો હતો, અને તે પેઢીએ ત્રણ કરોડ રૂપિયા વિજતંત્રમાં જમા કરાવી દેવાયા બાદ તેઓને જામનગર માંથી ભંગારનો માલ સામાન ઉપાડવા માટેની એન.ઓ.સી. મળી ગઈ હતી.

જે અનુસાર તેઓએ મોરબીની જય બાલાજી એન્ટરપ્રાઇઝ તેમજ મેલડી એન્ટરપ્રાઇઝ નામની બે પેઢીને કોન્ટ્રાકટ આપ્યો હતો, અને તે બંને પેઢી દ્વારા અલગ અલગ પાંચ જેટલા ટ્રકમાં આશરે ૬૦ ટન જેટલો માલ ઉપાડી લેવામાં આવ્યો હતો. જેમાં આશરે ૨૧ ટન જેટલું વજન ઓછું દર્શાવાયું હોવાનું વિજ અધિકારીઓની ઝીણવટ ભરી તપાસ અને સતર્કતાના કારણે ધ્યાનમાં આવ્યું હતું. જેથી વિજતંત્ર દ્વારા તાત્કાલિક અસરથી જામનગરના પંચકોષી બી. ડિવિઝન પોલીસ મથકમાં સંપર્ક સાધવામાં આવ્યો હતો, અને ત્યાં પી.આઈ વિરેન રાઠોડ અને તેઓની ટીમને સમગ્ર હકીકત જણાવી હતી જ્યારે વે બ્રિજ નું ઢાંકણ ખોલીને અંદર અગાઉથી માણસ સંતાઈ જતો હોય, તે પ્રકારનો વિડીયો બનાવી લીધો હતો, અને પુરાવા સ્વરૂપે પોલીસ સમક્ષ રજૂ કર્યો હતો

જેના આધારે પીઆઇ વીરેન રાઠોડ અને તેઓની ટીમ દ્વારા પણ ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ વિજતંત્ર ના એરિયામાંથી મોરબીની જય બાલાજી એન્ટરપ્રાઇઝ નામની પેઢી તેમજ મેલડી એન્ટરપ્રાઇઝ નામની પેઢીના ડ્રાઈવર સહિતના કર્મચારીઓ દ્વારા પીજીવીસીએલને ૪૧,૬૮,૩૧૫નું નુકસાન પહોંચાડવાનો કારસો રચાયો હોવાનું ધ્યાનમાં આવતાં તે મામલે પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી.

જે ફરિયાદના અંતે પોલીસે તપાસનો દોર મોરબી સુધી લંબાવ્યો હતો, અને ત્યાંથી મોરબીની ગેંગના આકાશ ઘોઘાભાઈ ગગજીભાઈ કુંઢીયા, વિકાસ ઉર્ફે ગુલ્લુ કિશોરભાઈ વેરશીભાઈ પનસારા, અજય કુવરજીભાઈ ભલુભાઈ વીકાણી, અર્જુન રાજુભાઈ હેમુભાઈ ભોજવીયા, નિતેશ ઉર્ફે હિતેશ લાભુભાઈ રાયમલભાઈ કુંઢીયા, મોરબી,રોહીત ઉર્ફે રાહુલ સ/ઓ કુવરજીભાઈ ભલુભાઈ વીકાણી મોરબી છ સભ્યોની અટકાયત કરી લીધી છે, અને તેઓ પાસેથી રોકડ રકમ સહિત ૫૪ લાખનો મુદ્દા માલ કબજે કરાયો છે, અને તમામ ની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

## 'જાદુગર કરન'ના પ્રથમ-શોનો દીપ પ્રાગટ્ય સાથે ધમાકેદાર પ્રારંભ

### ધારાસભ્યો, મનપાના પદાધિકારીઓ-કોર્પોરેટરો તથા મનોરંજન પ્રેમી જનતાએ કરન જાદુગરના હેરતભર્યા પ્રયોગો નિહાળીને આફરીન થયા



જામનગરમાં જાદુગર કરન ના પ્રથમ શો નો ધમાકેદાર આરંભ કરવાની સાથે જામનગરના મ્યુનિ. ટાઉન હોલમાં તેમના જાદુ ના શો ની હારમાળા નો પ્રારંભ થઈ ચૂક્યો છે. અગાઉ જામનગર શહેરમાં હાઉસફુલની હારમાળાઓ સર્જનાર જાદુગર કરન ફરીથી જામનગરમાં તેમની જાદુ કલા પીરસવા માટે પુનઃ આવી ગયા છે. પ્રથમ શોનો આરંભ જામનગરના ૭૯-દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી અને -૭૮ વિધાનસભા સ્તારના ધારાસભ્ય રીવાબા જાડેજા ના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો.

આ વેળાએ જામનગર શહેર ભાજપના અધ્યક્ષ બીનાબેન કોઠારી, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્થાયી સમિતિના ચેરમેન નિલેશભાઈ કગથરા, શાસક જૂથના નેતા આશિષભાઈ જોશી, દંડક કેતનભાઈ નાખવા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, અને જાદુ ના પ્રયોગોના પ્રારંભ થયો હતો. આ પ્રસંગે શહેરના અનેક કોર્પોરેટરો તેમજ મનોરંજન શોખીન જનતા અને બાળકો પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે જાદુગર કરન કે જેમણે ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું સ્વાગત કરી અભિનંદન કર્યું હતું, ત્યારબાદ જાદુગર કરન દ્વારા એક પછી એક જાદુના હેરત ભર્યા અવનવા પ્રયોગો રજૂ કર્યા હતા. અદભુત લાઈટિંગ ઈફેક્ટ, દરેક આઈટમ ને અનુરૂપ હાઈફાઈ સાઉન્ડ સિસ્ટમ સાથે મ્યુઝિક અને લાઈટિંગ ના સથવારે તેમજ અત્યાધુનિક સાધન સામગ્રી સાથે રજૂ થતી અનેક આઈટમ ઉપર દર્શકો આફરીન થઈ ગયા હતા.

## હવાઈ ચોકમાં સમસ્ત હિન્દુ સમાજ અને રાષ્ટ્રીય અસ્મિતા મંચ દ્વારા આતંકવાદીના પૂતળાનું દહન ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન

### બેનર પોસ્ટર દર્શાવીને હત્યાકાંડ સર્જનારાઓ સામે સર્જિકલ સ્ટ્રાઈક કરીને બદલો લેવાની માંગ

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં ગઈકાલે બપોરે થયેલા ધર્મ આધારિત નરસંહાર કે જેમાં ભારતના ૨૬ જેટલા નિર્દોષ નાગરિકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા, જે નરસંહારના પડઘા છેક જામનગર સુધી પણ પહોંચ્યા છે, અને જામનગર શહેરમાં આ આતંકી હુમલા ને વખોડીને ઠેર ઠેર વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. જામનગર શહેરમાં હવાઈ ચોક વિસ્તારમાં સમસ્ત હિંદુ સમાજ તેમજ રાષ્ટ્રીય અસ્મિતા મંચ દ્વારા આતંકવાદીઓના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું.


જે સ્થળે જામનગર મહાનગરપાલિકાના મેયર





વિનોદભાઈ ખીમસુરીયા શહેર ભાજપના પ્રમુખ બિનાબેન કોઠારી, જામનગર મહાનગર પાલિકાના નેતા આશિષભાઈ જોશી, દંડક કેતનભાઈ નાખવા, પૂર્વ શહેર પ્રમુખ ડો. વિમલભાઈ કગથરા, જામનગરના અન્ય નગર સેવકો તેમજ હિંદુ સમાજના અન્ય અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, અને આતંકવાદીઓના પૂતળાનું દહન કરીને વિરોધ દર્શાવ્યો હતો. જ્યારે હાથમાં બેનર પોસ્ટર દર્શાવીને આ હત્યાકાંડ સર્જનારાઓ સામે સજીર્કલ સ્ટ્રાઈક કરીને બદલો લેવાની પણ માંગ કરી હતી. આ ઉપરાંત વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, દુર્ગાવાહિની, માતૃશકિત સહિતની અન્ય સહયોગી સંસ્થાઓ દ્વારા બેડી ગેઈટ વિસ્તાર મા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, અને બહોળી સંખ્યામાં તમામ સંસ્થાઓના કાર્યકરો એકત્ર થયા હતા, અને જાહેર માર્ગ પર આતંકવાદીઓના પૂતળાનું દહન કરીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

## અજમેર શરીફના 'દીદાર' કરી ૮૦૦ કિમીની સાયકલ યાત્રા નિર્વિઘ્ન પૂર્ણ કરતા પીઆઈ શેખ



જામનગરના પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એન. શેખ, કે જેઓ જામનગર થી અજમેર સુધીની સાઈકલ યાત્રા પર નીકળ્યા બાદ પાંચ દિવસના અંતે પોતાનો ૮૦૦ કિલોમીટરનો સાઈકલ પ્રવાસ સફળતાપૂર્વક સંપન્ન કર્યો હતો, અને અજમેર શરીફના દર્શન કર્યા હતા. પોલીસ ઈન્સ્પેક્ટર એન.એમ. શેખ, કે જેઓ ગત ૧૭મી તારીખે જામનગર થી અજમેર સુધીની સાઈકલ યાત્રા પર નીકળ્યા હતા, અને પર્યાવરણ તેમજ ભાઈચારાની ભાવના અને સંદેશા સાથે તેઓએ પાંચ દિવસના અંતે ૮૦૦ કિલોમીટર નું અંતર સાયકલ પર યાત્રા કરી ને પૂર્ણ કર્યું હતું, અને અજમેર શરીફની દરગાહે દર્શન કર્યા હતા. ત્યાંથી તેઓ ગઈકાલે મોડેથી જામનગર પરત ફર્યા હતા, દરમિયાન તેઓનું સર્વે શુભચિંતકો દ્વારા ફરીથી અભિવાદન કરવામાં આવ્યું હતું, અને તેઓના આ યશસ્વી નિર્ણય સાથે અનેક લોકોને પર્યાવરણ અને ભાઈચારાની ભાવના માટેનો સુંદર સંદેશો આપ્યો હતો. જેની સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## ભાટિયા: લોહાણા મહાજનવાડી ખાતે શનિવારે દેવંગી રામામંડળ

**અબતક, નેહુલલાલ, ભાટિયા**

જામનગર ની પ્રસિદ્ધ શ્રી દેવંગી રામામંડળ ના ભાતિગાળ કાર્યક્રમ નું આયોજન ભાટીયા ભાટીયા ખાતે આવેલ લોહાણા મહાજન વાડીની સામે ના ગ્રાઉન્ડ ખાતે અગામી તા.૨૬/૪ ને શનિવાર ના રોજ રાત્રીના ૯.૩૦ કલાક થી યોજાશે.ધાર્મિક મૂલ્યો તથા સમાજસેવાને સમર્પિત આ કાર્યક્રમ ભક્તિ, કરુણા અને માનવીયતાનું દર્શન કરાવશે.આ મહાન કાર્યમાં પ્રાપ્ત થનાર દાનનો ઉપયોગ ભાટીયા ના મોક્ષપુરી ના વિકાસ માટે કરવામાં આવશે. આ સમાગ્ર કાર્યક્રમ રમેશભાઈ એલ. બથીયા તેમજ રાહુલભાઈ શંકરભાઈ પાબારીની આગેવાની મા યોજાશે હેઠળ યોજાશે આ પ્રસંગે સમગ્ર તાલુકા ની ધર્મપ્રેમી જનતાને આયોજકો દ્ધારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ગુજરાત શોકમગ્ન: ભાવનગર - સુરતમાં હતભાગીઓની અંતિમ યાત્રામાં જન સૈલાબ

## પહેલગામ હુમલામાં મોતને ભેટેલા ભાવનગરના પિતા-પુત્રની સ્મશાન યાત્રામાં ખૂદ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા: પરિવારજનોને સાંત્વના પાઠવી, સુરતમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી હતભાગીની અંતિમ યાત્રામાં સામેલ થયા







**અબતક, રાજકોટ**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ગત મંગળવારે પ્રવાસીઓ પર આતંકવાદીઓએ કરેલા હુમલામાં ૨૮ નિર્દોષ નાગરીકોના મોત નિપજયા છે. ભાવનગરના પિતા-પુત્ર યતિનભાઈ પરમાર અને સ્મીતભાઈ પરમારને આતંકવાદીઓએ ગોળી ધરબી મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ ઉપરાંત સુરતના શૈલેષભાઈ કળઠીયાનું પણ હુમલામાં મોત નિપજયું હતું. આજે ત્રણેય મૃતકોની ભાવનગર અને સુરત ખાતે અંતિમ વિધી કરવામાં આવી હતી. જેમાં હજારોની સંખ્યામાં અશ્રુભીની આંખો સાથે લોકો જોડાયા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ભાવનગર ખાતે સદગતોની સ્મશાન યાત્રામાં જોડાયા હતા. તેઓએ હતભાગીઓના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. સુરત ખાતે શૈલેષભાઈની અંતિમ વિધીમાં કેન્દ્રીય જળ શકિત મંત્રી અને ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ અને ગુજરાત સરકારના ગૃહ રાજય મંત્રી હર્ષદભાઈ સંઘવી સામેલ થયા હતા.

જમ્મુ કાશ્મીરનાં અનંતનાગ જિલ્લાના પહેલગામ ખાતે જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ભાવનગરના બે સ્વર્ગસ્થ નાગરિકોના મૃતદેહ ગઈકાલે રાત્રે વિમાન માર્ગે અમદાવાદ એરપોર્ટ પર લવાયા હતા. એરપોર્ટ પર આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રોટોકોલ મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મંત્રી મુકેશ પટેલે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

પહેલગામ આતંકવાદી હુમલાના ભોગ બનેલા ત્રણ ગુજરાતી પ્રવાસીઓના મૃતદેહને શ્રીનગરથી વિમાન માર્ગે ગુજરાત પરત લાવવા માટેની તમામ વ્યવસ્થા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સતત દિશાનિર્દેશનમાં રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા કરવામાં આવી હતી ભાવનગરના બે મૃતકોને અમદાવાદ સુધી હવાઈ

(અનુ. આઠમા પાને)

### મુખ્યમંત્રીએ હતભાગીઓના ઘરે જઈ મૃતકનાપરિવારજનોને સાંત્વના પાઠવી: સંવેદના વ્યક્ત કરી

જમ્મુ કાશ્મીરનાં પહેલગામમાં થયેલાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ભાવનગરના સ્વર્ગસ્થ પિતા-પુત્રને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના ઘરે જઈ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ભાવનગરના કાળિયાબીડ વિસ્તારમાં આવેલ નંદનવન સોસાયટીમાં રહેતાં યતીશભાઈ સુધીરભાઈ પરમાર અને તેમના પુત્ર સ્મિત યતીશભાઈ પરમારનું આતંકી હુમલામાં દુઃખદ અવસાન થયું છે. તેમના મૃતદેહને મોડી રાત્રે ભાવનગર ખાતે લાવવામાં આવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે હતભાગીઓના ઘરે જઈ મૃતકના પરિવારજનોને સાંત્વના પાઠવી સંવેદના વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ગસ્થ પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીની સાથે કેન્દ્રિય રાજય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા, કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, મેયર ભરતભાઈ બારડ, ધારાસભ્યો સર્વ જીતુભાઈ વાઘાણી, શ્રીમતી સેજલબેન પંડ્યા, ભીખાભાઈ બારૈયા, ગૌતમભાઈ ચૌહાણ, જિલ્લા કલેક્ટર ડો. મનોજકુમાર બંસલ, જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, રેન્જ આઈ.જી ગૌતમ પરમાર સહિતના અગ્રણીઓએ મૃતક પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી આ દુઃખની ઘડીમાં સહભાગી બન્યા હતા.

# કાશ્મીર ફરવા ગયેલા રાજકોટના તમામ ૧૩ પ્રવાસીઓ સલામત

### જિલ્લા વહીવટી તંત્રને સતત સંપર્કમાં: તમામ મદદની ખાતરી

**અબતક, રાજકોટ**

કાશ્મીરના પ્રવાસે ગયેલા રાજકોટના ૧૩ પ્રવાસીઓ સંપૂર્ણ સલામત છે. જિલ્લા કલેકટરના દિશા નિર્દેશ મુજબ તમામ પ્રવાસીઓને રૂબરૂ મળીને તેમની સલામતીની હૈયાધારણા સંબંધિત વિસ્તારના મામલતદારો પાઠવી હતી.

જિલ્લા વહીવટી તંત્રના જણાવ્યા મુજબ, કાશ્મીરના પ્રવાસે ગયેલા રાજકોટના કુલ ૧૩ પ્રવાસીઓ હાલ સંપૂર્ણ સલામત છે, કુલદીપસિંહ નકુમ, રુચિ નકુમ, રાજદિપસિંહ વાઘેલા, વૈશાલીબા વાઘેલા, જગદિપ રસિકલાલ પારેખ, નીતાબેન જગદીશ પારેખ, મહેન્દ્રભાઈ એમ. મહેતા , મયુરીબેન એમ મહેતા, નીરવ રમેશભાઈ આચાર્ય, કિંજલબેન નીરવભાઈ આચાર્ય, જ્ઞાનેશ નિરવભાઈ આચાર્ય, તીર્થ નિરવભાઈ આચાર્ય અને હેત મનોજભાઈ માંકડહાલ કાશ્મીરમાં છે.

કલેકટર પ્રભવ જોશીના દિશા નિર્દેશ મુજબ ઉપરોક્ત તમામ વ્યક્તિઓનો સંબંધિત વિસ્તારના મામલતદારોએ સંપર્ક કરીને કાશ્મીરની મુલાકાતે ગયેલા તેમના સ્વજનો સહી સલામત હોવાની હૈયાધારણા પાઠવી છે, અને જિલ્લા વહીવટી તંત્રના તમામ સહયોગની ખાતરી આપી છે. જમ્મુ કાશ્મીરમાં પહલગામ ખાતે થયેલા આતંકવાદી

(અનુ. આઠમા પાને)

### ગુજરાતના મૃતકોના પરિજનોને પાંચ લાખની સહાય જાહેર કરતી રાજય સરકાર

જમ્મુ - કાશ્મીરના પહલગામના બૈરાસનમાં ગત શુક્વારે થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ પ્રવાસીઓના મોત નિપજયા હતા. જેમાં ગુજરાતના ત્રણ પ્રવાસીઓનો સમાવેશ થાય છે. સૌરાષ્ટ્રના ભાવનગરના બે અને દક્ષિણ ગુજરાતના સુરતના એક પ્રવાસીનું મોત નિપજયું છે. ગઈકાલે રાતે ત્રણેય મૃતદેહને રાજકોટ લાવવામાં આવ્યા હતા. રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલામાં માર્યા ગયેલા ત્રણ ગુજરાતી પ્રવાસીઓના પરિવારજનોને પાંચ લાખની આર્થિક સહાય આપવાની ઘોષણા કરી છે જયારે ઘાયલોને ૫૦ હજારની સહાય આપવામાં આવશે તેવી જાહેરાત કરાય છે.

### આતંકી હુમલાના ઘેરા પ્રત્યાઘાતો

## મોરબીની બજારોમાં દુકાનો પર 'ધર્મ પુછીને સામાન ખરીદો'ના સ્ટીકરો લાગ્યા

### વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળે આ હિન્દુની દુકાન છે, ધર્મ પુછીને સામાન ખરીદો તેવા સ્ટીકરો લગાવ્યા




**અબતક, ઋષી મહેતા, મોરબી:** કાશ્મીરના પહેલગામમાં આંતકવાદીઓ દ્વારા ૨૭ જેટલા હિન્દૂ-પર્યટકોની ધર્મ પૂછીને કરાયેલી હત્યાની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે, જેમાં મોરબી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા બજારની દુકાનો પર આ હિન્દુની દુકાન છે અને ધર્મ પૂછીને સમાન ખરીદો જેવા સ્ટીકરો લગાવાયા છે, આ સ્ટીકરોમાં હુમલાની હૃદયદ્રાવક તસવીરો પણ મૂકાઈ છે. તાજેતરમાં કાશ્મીરના પહેલગામમાં સમગ્ર વિશ્વને હચમચાવી દે તેવો આંતકવાદી હુમલો થયો હોવાની ઘટનામાં આતંકવાદીઓએ હિન્દુ-પ્રવાસીઓને તેના ધર્મ પુછીને હત્યા કરી હતી. આ ઘટના સમગ્ર દેશમાં શોક અને રોષની લાગણી પેદા કરી રહી છે. આ ઘટનાને આધારે મોરબી શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા વિરોધ રૂપે એક અનોખુ પગલું ઉઠાવવામાં આવ્યું છે. મોરબીની બજારોમાં આવેલા વિવિધ વિસ્તારોમાં અનેક દુકાનો પર વિશિષ્ટ પ્રકારના સ્ટીકરો ચોટાડવામાં આવ્યા છે. આ સ્ટીકરોમાં લખાણ છે કે, ''આ હિન્દુની દુકાન છે'', ''ધર્મ પુછીને સમાન ખરીદો'', તથા ''પહેલગામ હુમલાની ભયાનક યાદ અપાવે તેવી તસવીરો'' મુકવામાં આવી છે.




**વિશેષ નોંધ:**
(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

**લવાજમ ભરવાનું સ્થળ: અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.**

**આજે જ સંપર્ક કરો : MO:- +૯૧ ૭૦૪૮૧ ૩૦૦૦૧, ૦૨૮૧- ૨૪૬૧૨૩૪**